**આજનો સુવિચાર**

સારા વિચાર રાખવા એ આંતરિક સુંદરતાની નિશાની છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક


જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૩૦૮ જૂનાગઢ તા.૧૧-૧૨-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 308, Junagadh : Date : 11 December, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દિલ્હી દોડી ગયા મોદી-શાહ સાથે બેઠક કરશે : અનેક તર્કવિતર્ક

ગાંધીનગર તા.૧૧: ગુજરાતની ભુપેન્દ્ર પટેલ સરકાર આવતીકાલે તેની બીજી ટર્મના બે વર્ષ પુરા કરવા જઈ રહી છે તેના એક દિવસ પુર્વે જ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે તેમના ખાસ વિમાનમાં દિલ્હી જવા રવાના થતા જ ફરી એક વખત રાજયમાં રાજકીય તર્કવિતર્કની ચર્ચા થવા લાગી છે. ભૂપેન્દ્ર પટેલ તેમની દિલ્હી મુલાકાત સમયે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહને મળનાર છે. જો કે તેમની



આ મુલાકાત ઓચિંતી નથી તે સ્પષ્ટ થયુ છે. સામાન્ય રીતે દર બુધવારે મળતી રાજય કેબીનેટ બેઠક ગઈકાલે મંગળવારે જ બોલાવી લેવામાં આવી હતી.

આમ તેમનો દિલ્હી પ્રવાસ નિશ્ચિત હતો અન હાલ ગુજરાતમાં ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ પણ સંસદનું સત્ર ચાલતું હોવાથી દિલ્હીમાં જ છે અને તેથી તેઓ પણ આ બેઠકમાં સામેલ થાય તેવી ધારણા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તેમની સરકારની છેલ્લા ત્રણ માસની કામગીરીનો રિપોર્ટ રજુ કરવા દિલ્હી ગયા છે. ગુજરાતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમીત શાહનું હોમગ્રાઉન્ડ છે અને બન્ને નેતાઓ ગુજરાત અંગે સતત અપડેટ રહે છે.

## મહારાષ્ટ્રની ચૂંટણીમાં ગેરરિતી અંગે વિપક્ષ ઈન્ડિયા એલાયન્સ સુપ્રિમ કોર્ટમાં અરજી કરશે

મુંબઈ તા.૧૧ : વિપક્ષી I.N.D.I.A ગઠબંધને મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં EVM ડેટા કાઢી નાખવા અને મતદાર યાદીમાં ગેરરીતિઓના આરોપોને લઈને સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરવાનો નિર્ણય કર્યો છે. NCP (SP)ના નેતા પ્રશાંત જગતાપે કહ્યું કે આ નિર્ણય ગઠબંધનની બેઠકમાં લેવામાં આવ્યો છે. બેઠકમાં ગેરરીતિના આક્ષેપો અને મત કાપવાના મુદ્દાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠક મંગળવારે શરદ પવારના ઘરે યોજાઈ હતી.

બેઠક બાદ પ્રશાંત જગતાપે કહ્યું કે ઈવીએમમાં કથિત ગેરરીતિ અને મતદાર યાદીમાં ગેરરીતિના મુદ્દે શુક્રવાર સુધીમાં સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવશે. જો કે, તેમણે એમ પણ કહ્યું કે તે પહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવી સાથે કાયદાકીય પાસાઓ પર ચર્ચા

## સમગ્ર રાજયમાં ઠંડીએ સપાટો બોલાવ્યો નલીયા, ગિરનાર પર પાંચ ડીગ્રી તાપમાન

અમદાવાદ તા.૧૧ ગુજરાતમાં ગાત્રો થીજવતી ઠંડી શરૂ થતા જ લોકો ધ્રૂજી ઊઠયા છે. છેલ્લા બે દિવસથી રાજ્યમાં બર્ફીલા પવન ફૂંકાતાં જનજીવન પ્રભાવિત જોવા મળી રહ્યું છે. લોકો ઠંડીથી રક્ષણ મેળવવા માટે તાપણા અને ગરમ કપડાનો સહારો લેતા જોવા મળી રહ્યા છે. છેલ્લા ચોવીસ કલાક દરમિયાન રાજ્યમાં સિઝનનું સૌથી ઓછું પાંચ ડિગ્રી તાપમાન નલિયામાં નોંધાયું છે. તો બીજી તરફ સૌરાષ્ટ્રમાં કોલ્ડવેવની શક્યતાઓ વચ્ચે રાજકોટમાં પણ ઠંડીનો પારો ગગડતા સિઝનનું સૌથી ઓછું ૯.૭ ડિગ્રી તાપમાન નોંધાતા લોકો ઠૂંઠવાય ગયા હતા.

પાંચ ડીગ્રી સાથે નલીયા આજે પણ રાજયનું સૌથી ઠંડુ શહેર રહ્યું હતું. નલીયામાં પાંચ ડીગ્રી ઠંડીના પગલે જનજીવન ઉપર વિપરીત અસર પડી હતી. તેમજ આજે પાંચ ડીગ્રી સાથે ગીરનાર પર્વત પણ હિમ પર્વત બની ગયો હતો. અને જુનાગઢ શહેરમાં ૧૦.૨ ડીગ્રી સાથે તીવ્ર ઠંડી અનુભવાઈ હતી.સોરઠમાં લાંબા સમયની રાહ જોવા બાદ ડીસેમ્બરના બીજા અઠવાડીયામાં શિયાળે તેનો અસલી રંગ દેખાડવાનું શરૂ કર્યુ છે. ગઈકાલથી હીમ પવન સાથે ઠંડીનો પારો ગગડીને નીચે ઉતરી જવા પામ્યો છે.

## યુવાનોના અચાનક મૃત્યુ માટે કોવિડની રસી નહીં પણ અન્ય કારણો જવાબદાર

નવી દિલ્હી, તા.૧૧: ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) એ દેશમાં યુવાનોના આકસ્મિક મૃત્યુને લઈને મોટો ખુલાસો કર્યો છે. ICMR એ એક અભ્યાસ બાદ કહ્યું છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં યુવાનોના અકાળે મૃત્યુનું કારણ કોવિડ રસીકરણ નથી પરંતુ કંઈક બીજું છે. કેન્દ્રીય આરોગ્ય પ્રધાન જેપી નડ્ડાએ રાજ્યસભામાં ICMRનો આ અભ્યાસ અહેવાલ રજૂ કર્યો હતો.

એક પ્રશ્નના જવાબમાં, જેપી નડ્ડાએ જણાવ્યું હતું કે ICMR અભ્યાસમાં નિષ્કર્ષ રૂપે દર્શાવવામાં આવ્યું છે કે કોવિડ -૧૯ રસીકરણને કારણે ભારતમાં યુવાન વયસ્કોમાં અચાનક મૃત્યુનું જોખમ વધ્યું નથી. આ અભ્યાસ દર્શાવે છે કે રસીકરણ ખરેખર આવા મૃત્યુની શકયતા ઘટાડે છે. વાસ્તવમાં, કેટલાક સમયથી એવી ચર્ચા ચાલી રહી હતી કે કોવિડ રસીકરણને કારણે યુવાનો અકાળે મૃત્યુ પામી રહ્યા છે, પરંતુ આ અહેવાલે આ આશંકાઓને ઘણી હદ સુધી દૂર કરી દીધી છે.

**મકાન વેંચવાનું છે**

જૂનાગઢનાં પોશ વિસ્તાર નાની દાણાપીઠ સોસાયટીમાં લગભગ ૩૦૦ વાર જમીન મકાન સાથે વેંચવાનું છે

:: કોન્ટેક ::

મો. ૯૯૦૧૨ ૭૨૯૯૫

## ગમે ત્યારે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ જાહેર થશે : બે જીલ્લા પંચાયત, ૧૭ તાલુકા પંચાયત, ૮૦ નગરપાલિકા અને ૪૭૬૫ ગ્રામપંચાયતોની ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ

ગાંધીનગર તા.૧૧ : ગુજરાતમાં લોકસભા ચૂંટણીના ધમધમાટ બાદ હવે મીની ધારાસભા ચૂંટણી ખેડા અને બનાસકાંઠા જીલ્લા પંચાયત, ૮૦ નગરપાલિકા અને ૧૭ તાલુકા પંચાયત તથા ૫૩૯ જેટલી નવી અસ્તિત્વમાં આવેલી ૪૭૬૫ ગ્રામ્ય પંચાયતની ચુંટણી માટે હવે ગમે તે સમયે જાહેરનામું બહાર પડી જશે.

જાન્યુઆરી માસમાં આ ચૂંટણીઓ યોજાશે અને રાજયમાં પ્રથમ વખત ૨૭ ટકા ઓબીસી અનામતની જોગવાઈ સાથે આ ચૂંટણી યોજાવાની છે અને તેથી ભાજપનું ઓબીસી કાર્ડ પણ કસોટીએ હશે. માઈક્રોલેવલે યોજાતી આ ચુંટણીમાં જ્ઞાતિ-જાતિ સમુદાય વિગેરે મહત્વના ફેકટર હોય છે.

તેથી તેમાં ઓબીસી જે વસતિના ૫૦ ટકા આસપાસ હોવાનો અંદાજ છે તે પણ કેવું અસરકારક હશે તે પ્રશ્ન છે. ભાજપે તેની તૈયારીના ભાગરૂપે દરેક જીલ્લા પ્રભારી મંત્રીઓ તથા પક્ષના સંગઠન-જીલ્લા પ્રભારીઓને તેમના જીલ્લાઓની જવાબદારી સોંપી છે.

## ૨૦ ધારાસભ્યોની ટિકિટ કપાતાં આમ આદમી પાર્ટીમાં બળવો થવાના સંકેતો

દિલ્હી તા.૧૧ દિલ્હી વિધાનસભાની ચૂંટણી યોજાવાને હજુ બે મહિનાની વાર છે. આમ આદમી પાર્ટીએ બે વખત ૩૧ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. મોટી વાત એ છે કે ૨૪ વર્તમાન ધારાસભ્યોના નામ ઉમેદવારોની યાદીમાં નથી. આ ધારાસભ્યો ટિકિટ ન મળવાથી નારાજ છે. તેઓ પાર્ટીના નિર્ણય વિરુદ્ધ એકત્ર થઈ રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આજે બુધવારે ૨૦ ધારાસભ્યો વિધાનસભા



અધ્યક્ષ રામનિવાસ ગોયલના ઘરે બેઠક કરશે. સૂત્રોનું કહેવું છે કે ત્રીજી યાદીમાં પણ કેટલાક ધારાસભ્યોની ટિકિટ કપાય તે નિશ્ચિત છે. તેમની જગ્યાએ નવા ચહેરાઓને તક આપવામાં આવશે. આવી સ્થિતિમાં કેટલાક ધારાસભ્યો ખુલ્લેઆમ વિરોધ કરી રહ્યા છે, પરંતુ કેટલાકે પાર્ટીમાં જ બળવો કર્યો છે.

## ખ્યાતિકાંડ બાદ પીએમજેએવાય યોજના હેઠળ હોસ્પિટલમાં દાખલ થતાં દર્દીઓમાં એકાએક ૩૦ ટકાનો ઘટાડો

અમદાવાદ,તા.૧૧ અમદાવાદના ખ્યાતિ હોસ્પીટલ કાંડ બાદ સમગ્ર આરોગ્ય ક્ષેત્રે ગંભીર પ્રત્યાઘાતો પડયા છે અને સરકાર પણ સ્તબ્ધ થઈ ગઈ છે. જયારે પીએમજેવાય યોજના હેઠળ હોસ્પીટલમાં દાખલ થતા દર્દીઓની સંખ્યામાં એકાએક ૩૦ ટકાનો ઘટાડો જણાયો છે. આ ઘટાડા વિશે પણ અનેકવિધ સવાલ ઉઠવા લાગ્યા છે.

સુત્રોના કહેવા પ્રમાણે ખ્યાતિકાંડ પૂર્વે ગુજરાતમાં કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (પીએમજેએવાય) હેઠળ દરરોજ સરેરાશ ૩૮૦૦ દર્દી દાખલ થતા હતા અને તેઓના વિમા દાવા પ્રોસેસ થતા હતા મેથી ઓકટોબર મહિના સુધી આ સરેરાશ રહી હતી પરંતુ ૧૧ નવેમ્બરે ખ્યાતિકાંડ સર્જાયા બાદ છેલ્લા એક મહિનામાં આ યોજના હેઠળ વિમા દાવાની રોજની પ્રોસેસ માટે ૨૭૦૦ થઈ ગઈ છે જે અંદાજીત ૩૦ ટકાનો ઘટાડો સુચવે છે.

ખ્યાતિ કાંડ બાદ આરોગ્ય યોજનામાં સંભવીત ગોટાળા અને ભ્રષ્ટાચાર રોકવા માટે સરકાર દ્વારા નવી આકરી એસઓપી લાગુ કરવામાં આવી હતી એક મહિનામાં ૧૨ હોસ્પીટલો તથા તેની સાથે સંકળાયેલા ડોકટરોને યોજના હેઠળ સસ્પેન્ડ કરી દેવાયા છે.

તબીબી ક્ષેત્રના સુત્રોએ કહ્યું કે ગોટાળા રોકવા માટે વધુ પડતી સાવચેતી દર્દીઓને નુકશાન કરી રહી છે હવે એવી સ્થિતિ સર્જાઈ છે કે એન્જીયોપ્લાસ્ટીના દાવાની મંજુરી પુર્વે બ્લડ રીપોર્ટ તથા ટીએમટી જેવા પરિક્ષણોનાં રીપોર્ટ મોકલવા પડે છે અગાઉ ૪૫ મીનીટમાં મંજુરી મળી જતી હતી જેમાં હવે બે કલાક કે તેથી વધુનો સમય લાગે છે નવી કે નાની હોસ્પીટલોનાં દાવાઓમાં વધુ ચકાસણી થાય છે.

## પહેલા પત્નિ-બાળકોનું ભરણ પોષણ લોનના હપ્તા પછી : સુપ્રિમ કોર્ટ

નવી દિલ્હી, તા.૧૧: સુપ્રીમ કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. તેનાથી દેશમાં લોન આપતી સંસ્થાઓની સમસ્યાઓ વધી શકે છે. લોનની વસૂલાત તેમના માટે એક જટિલ કાર્ય હોઈ શકે છે. વાસ્તવમાં, સર્વોચ્ચ અદાલતે કહ્યું છે કે કોઈપણ લોન ધારક માટે પ્રથમ પ્રાથમિકતા તેના બાળકો અને તેની વિમુખ પત્નીને ભરણપોષણ ભથ્થું ચૂકવવાની છે. આ પછી જ તે અન્ય વસ્તુઓ પર પૈસા ખર્ચી શકશે. જો ઉક્ત વ્યક્તિએ બેંકમાંથી લોન લીધી હોય અને તેના હપ્તા ભરવાના હોય તો પણ ભરણપોષણ ચૂકવ્યા પછી જ તે EMI ચૂકવશે.

જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ ઉજ્જલ ભુયાનની બેંચે પતિની અરજી ફગાવી દીધી હતી. પતિએ અરજી કરી હતી કે તે તેની વિમુખ પત્નીને ભરણપોષણ ચૂકવવા માટે પૂરતા પૈસા કમાયો નથી. પતિનું હીરાનું કારખાનું છે. તેમણે કહ્યું કે તેમની ફેકટરીને મોટું નુકસાન થયું છે. તેણે ઘણું દેવું કર્યું છે.

તેના પર સુપ્રિમ કોર્ટે કહ્યું કે પતિની પ્રથમ પ્રાથમિકતા છૂટાછેડા લીધેલી મહિલા અને તેના બાળકોના ભરણપોષણનો ખર્ચ ઉઠાવવાની છે. આ માટે પતિની સંપત્તિ પર તેનો પહેલો અધિકાર છે. આ પછી જ કોઈપણ ધિરાણકર્તા એટલે કે બેંક અથવા લોન આપતી સંસ્થા તેના પર હકનો દાવો કરી શકે છે.

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005

CARE+ LABORATORY

અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

**હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ**
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત ~~2870/-~~

**હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ**
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઈડ અને પોટેશયમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપુર્ણ તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત ~~5060/-~~

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.

કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦

કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

**ધમાકા એક્ષચેન્જ ઓફર**
તમારૂ જુનું ફર્નિચર આપી જાવ નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે

PARDAWALA

બેડરૂમ સેટ / મોડ્યુલર કિચન / સોફા સેટ / ઓફીસ ફર્નિચર / આકર્ષિત પડદા / વોલપેપર

- શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?

**જો હા... તો હવે**
જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.

**સી.સી. પડદાવાલા**
તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫
(ઓફર/સ્કીમ મર્યાદિત સમય માટે.)

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર

**હરિ-કલા** ✚
યુરોસર્જીકલ હોસ્પિટલ

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન

ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

**ડો. રશ્મિ પી. બાલચંદાણી**
Mo. 74859 53500 B.A.M.S., C.C.P.
સોમવાર થી શનિવાર - સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ સુધી સાંજે ૫.૦૦ થી ૭.૦૦ સુધી

ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુ:ખાવા અને પાચનની તકલીફ - પિત્ત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર

ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર

આયુર્વેદ-પંચકર્મ જેમકે વમન, વીરેચન, બસ્તિ, નસ્ય, રકતમોક્ષણ, શિરોધારા, અભ્યંગ, સ્વેદન (માલીસ શેક) જાનુબસ્તિ કટિબસ્તિ વિગેરે દ્વારા નવા-જૂના રોગોની સારવાર

અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર

**ડો. શ્રેયસ જી. ભાલોડિયા**
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફક્ત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી

**ૐ આયુર્વેદ હોસ્પિટલ**
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨ મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જાયાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?
**ઓપરેશન કરાવતા પહેલા**
**આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ**
૨૦ વર્ષનાં અનુભવી
કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો
(પચીસ રોગોની કાયાકલ્પ દવા)
હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે
(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)
મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ
(મું. વડાલ વાળા)

**KHUSHI WELNESS** Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આજીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુ:ખાવા તથા સાંધાના દુ:ખાવા કમર, ઘુટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિતાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પલેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જુનાગઢ.

# ગીર સોમનાથ જીલ્લા પંચાયતના સિંચાઈના ઈન્ચાર્જ કા.પા. ઈજનેર મોટાપાયે ભ્રષ્ટાચાર આચરતા હોવાની મુખ્યમંત્રી, વિજીલન્સને ફરીયાદથી ખળભળાટ




## યુવા ભાજપના ઉપપ્રમુખએ પુરાવાઓ સાથે લેખીત ફરીયાદ કરતા જી.પં.નું રાજકારણ ગરમાયું : જી.પં.ની સામાન્ય સભામાં આ મુદ્દો ઉઠતા ઉપપ્રમુખ અને ડીડીઓએ અધિકારી પાસે ખુલાસો માંગ્યો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૧

ગીર સોમનાથ જીલ્લા પંચાયત સિંચાઈ વીભાગના ઈજનેર સુનિલ રાઠોડ સામે ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપ સાથે વિજિલન્સ, મુખ્યમંત્રી સમક્ષ પુરાવા સાથે લેખિત ફરિયાદ થઈ છે. આ મુદ્દો ભાજપ શાસિત જી.પં.ના ઉપપ્રમુખે પંચાયતની સામાન્ય સભામાં ઉજાગર કરતાં કથિત ભ્રષ્ટ અધિકારી સુનીલ રાઠોડને ડીડીઓએ નોટીસ ફટકારી ખુલાસો માંગતા ખળભળાટ મચ્યો છે. મોસાળે જમણ અને માં પીરસનારી જેવો તાલ ગીર સોમનાથ જીલ્લા પંચાયતમાં સિંચાઈ વિભાગમાં સર્જાયો છે. છેલ્લા ચાર વર્ષ કરતાં વધુ સમયથી જી. પં. સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેરના ચાર્જમાં ફરજ બજાવતા નાયબ ઈજનેર સુનિલ રાઠોડએ પોતાના સગા ભાઈની ભાગીદારી ધરાવતી હરભોલે કન્ટ્રક્શન કંપનીને કામો અપાવી મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવાની વ્યાપક ચર્ચા વચ્ચે વેરાવળ તાલુકા યુવા ભાજપના ઉપપ્રમુખ પરેશ જોરાએ ઈજનેર સુનિલ રાઠોડના ભ્રષ્ટાચારને ખુલ્લો પાડી આધાર પુરાવા સાથે તકેદારી આયોગ, મુખ્યમંત્રી, ડીડીઓ, કલેકટરને લેખિત ફરિયાદ કરી છે. જેમાં જણાવ્યા મુજબ, પોતે મોગલ કન્ટ્રક્શન નામની એજન્સી હેઠળ કન્ટ્રક્શનના સરકારી-ખાનગી કામોનો વ્યવસાય કરે છે. થોડા સમય પહેલા જીલ્લા પંચાયત સિંચાઈ વિભાગના જુદા જુદા કામોમાં પોતાની મોગલ કન્ટ્રક્શનનું ટેન્ડર નાખતા પ્રાઈમરી સ્ટેજમાં જ રદ કરી દીધેલ હતુ. આ મામલે સિંચાઈ ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર સુનિલ રાઠોડે એવું જણાવી દીધેલ કે હરભોલે કન્ટ્રક્શન કંપની મારી જ છે એમાં મારો ભાઈ ભાગીદાર છે. જેથી સિંચાઈ વિભાગના ઉના વિસ્તારના કામો તો આ એજન્સી જ કરશે અને તમારે ઉના વિસ્તારના કામોમાં ટેન્ડર નાખવું નહીં એવું સ્પષ્ટપણે જણાવી દીધેલ હતું. બાદમાં ફરીયાદી પરેશ જોરાએ હરભોલે કન્ટ્રક્શન કંપનીની તપાસ કરતાં આ કન્ટ્રક્શન કંપની ના જીએસટી રજીસ્ટ્રેશન તેમજ પ્રોવિડન્ટ ફન્ડ રજીસ્ટ્રેશનમાં ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર સુનિલ રાઠોડનો સગો ભાઈ અનિરૂધ્ધ રાઠોડ હોવાના પુરાવા સામે આવતા સિંચાઈ વિભાગના ઈજનેર સુનિલ રાઠોડના ભ્રષ્ટાચારને ખુલ્લો પાડવા અને પોતાના સાથે થયેલ અન્યાય બાબતે પુરાવા સાથે વિજીલન્સ, મુખ્યમંત્રી, ડીડીઓ અને જીલ્લા કલેકટરને લેખિત ફરિયાદ કરી તટસ્થ તપાસ કરાવી કાર્યવાહીની માંગ કરી હતી. દરમ્યાન તાજેતરમાં મળેલ જી. પં.ની સામાન્ય સભામાં જી. પં.ના ઉપપ્રમુખ રાજવીરસિંહ ઝાલાએ આ મુદ્દો ઉઠાવી કથિત ભ્રષ્ટ અધિકારી સુનિલ રાઠોડ પાસે ખુલાસો માંગી તાપસ કરાવવા જણાવતા ડીડીઓ સ્નેહલ ભપકર દ્વારા ઈજનેર સુનિલ રાઠોડને નોટિસ ફટકારી ખુલાસો માંગ્યો છે. હાલ તો જી.પં. સિંચાઈના ઈચાર્જ કાર્યપાલક ઈજનેર સામે CMO અને વિજિલન્સમાંથી તપાસના આદેશ થતાં ખળભળાટ મચ્યો છે. તો બીજી તરફ આ ભ્રષ્ટ અધિકારીને બચાવવા તેના રાજકીય આકાઓ પણ પરદા પાછળ મહેનતમાં લાગી ગયાનું જાણવા મળી રહ્યુ છે.

**કાર્યવાહી અટકાવવા ધમપછાડા થઈ રહ્યાની ચર્ચા**

જી.પં.ના સિંચાઈ વિભાગ હસ્તક વર્ષે કરોડોના કામો થાય પરંતુ કાર્યપાલક ઈજનેરની જગ્યા વર્ષોથી ખાલી છે. તે સ્થાને ચાર વર્ષ કરતાં વધુ સમયથી તો નાયબ ઈજનેર સુનિલ રાઠોડ જ ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવે છે ત્યારે આધારભૂત સૂત્રોમાં ચર્ચાતી વિગતો મુજબ કાર્યપાલકની જગ્યા ઉપર કાયમી અધિકારીની નિયુક્તીને ગાંધીનગર કક્ષાએથી જ કરવામાં આવતી નથી. કથિત ભ્રષ્ટ ઈજનેર સુનિલ રાઠોડ ગાંધીનગર સુધી સેટીંગ પાડતો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

**માટી કાઢવામાં પણ ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપો થયેલ**

કાર્યપાલક ઈજનેરના ચાર્જમાં રહેલા સુનિલ રાઠોડે NHAIના કોન્ટ્રાકટરને સુત્રાપાડાના બરૂલા ગામે આવેલ સરકારી તળાવમાંથી નિયમ વિરૂધ્ધ માટી કાઢવાની મંજૂરી આપી દેતા કોન્ટ્રાકટર દ્વારા બેફામ માટી કાઢી લેતાં તળાવ ક્ષતિગ્રસ્ત બનેલ આ મામલો ઉજાગર થતાં ઈજનેર સુનિલ રાઠોડે પોતે લેખિતમાં જણાવેલ કે NHAIના કોન્ટ્રાકટર કલથીયા એન્જી. દ્વારા માટી ચોરી કરેલ છે. આ પ્રકરણમાં પણ સુનિલ રાઠોડની ભૂમિકાને લઈ સવાલો ઉઠ્યા છે. જેને લઈ વિપક્ષી નેતાએ તપાસની માંગ કરી છે.

# આઠ હત્યા અને દુષ્કર્મ ઉપરાંત અનેક ગંભીર ગુનાઓ આચરનાર આંતરરાજ્ય સિરિયલ કિલરને ગુજરાત પોલીસે પકડી ગુનાઓની હારમાળા ઉપર પુર્ણવિરામ મુક્યો

## ક્રુર- નિર્દયી સિરિયલ કિલરને ગુજરાતમાં જ ફાંસીની સજા થશે ત્યારે આ દિકરીના પરિવારને અને ગુજરાતના નાગરિકોને ન્યાય મળશે : ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તમામ જાંબાઝ પોલીસ અધિકારી-કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા



(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૧

વલસાડ જિલ્લાના પારડી ખાતે ૧૯ વર્ષિય દિકરી ઉપર દુષ્કર્મ અને હત્યાની બનેલી ઘટના ખુબ જ કરૂણ અને વેદનાસભર છે. આ પ્રકારની ઘટના ક્યારેય કોઈ પણ રાજ્યમાં ન બને તેવી પ્રર્થના કરી ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ આ ઘટનાને અત્યંત ગંભીરતાથી લઈને અનેક રાજ્યોમાં ૮ હત્યા સહિતના સંખ્યાબંધ ગુનાઓ આચરનાર ઝનુની, ક્રુર, નિર્દય અને અમાનુષી સિરિયલ કિલરને પકડી પાડનાર વલસાડ પોલીસ સહિત ગુજરાત રેલવે પોલીસ અને લાજપોર જેલ કર્મીઓને અભિનંદન પાઠવ્યા હતા. બેખોફ બનેલા આંતરરાજ્ય સિરિયલ કિલરને પકડવામાં દિવસ-રાત એક કરી એક મજબુત ટીમ વર્ક સાથે ગણતરીના દિવસોમાં ગુનો ડિટેકટ કરી આ પ્રસંશનિય કામગરી બદલ ગાંધીનગર ખાતે મંત્રી હર્ષ સંઘવી અને રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના હસ્તે ૧૭૨ પોલીસ અધિકારી-કર્મચારીઓને રૂા.૧૨.૦૯ લાખના રોકડ ઈનામ આપવામાં આવ્યા હતા. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ કહ્યુ કે, ગુજરાત આજે પણ દેશનું સૌથી સુરક્ષિત રાજ્ય છે, તેનો શ્રેય રાજ્યના નાગરીકો, ગુજરાત પોલીસ અને તમામ ફોર્સને જાય છે. ગુજરાતમાં કોઈ ગુનો બને ત્યારે તે ગુનાની ગંભીરતા સમજીને ગુજરાત પોલીસ મજબુત ટીમ વર્કથી ટેક્નોલોજીના ઉપયોગની સાથે હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી જે રીતે રાત-દિવસ એક કરીને ગણતરીના કલાકોમાં ગુનેગારો શોધી કાઢે છે તેના ઉપર મને ગર્વ છે. મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, કર્ણાટક, પશ્ચિમ બંગાળ, આંધ્ર પ્રદેશ, તેલંગાણા અને ગુજરાતમાં મળી કુલ છ ગુનાઓ આચર્યા હોવાની કબુલાત કરનાર આ સિરિયલ કિલરે વધુ બે હત્યાના ગુનાઓની કબુલાત પોલીસ પુછપરછ દરમિયાન કરી છે. દુષ્કર્મ અને હત્યા જેવા ગંભીર આઠ ગુનાઓ ઉપરાંત આ ગુનેગારે ટ્રક ચોરી, આર્મ્સ એકટ, સરકારી નોકર પર હુમલો જેવા અન્ય ૧૩થી વધુ ગુનાઓ આચર્યા છે. જો ગુજરાત પોલીસે આ સિરિયલ કિલરને ના પકડ્યો હોત તો હજુ ક્યા ક્યા જઈને આ કિલર ગુનાઓ આચરતો તે કહેવુ અને અંદાજ લગાવવો પણ મુશ્કેલ હતો. હર્ષ સંઘવીએ સંવેદના સાથે કહ્યુ કે, આટલા રાજ્યોમાં દિકરીઓને પીંખી નાંખીને હત્યા કરનાર આ ગુનેગાર જો પહેલા જ ગુનામાં પકડાઈ ગયો હોત કે તેને હ્યુમન ગ્રાઉન્ડ ઉપર જામીન ન મળ્યા હોત તો આજે આપણી ગુજરાતના પારડી વિસ્તારની ૧૯ વર્ષિય દિકરી સુધી તે પહોંચી શક્યો ન હોત. આ ગુનેગારને ગુજરાતમાં જ ફાંસીની સજા થશે ત્યારે આ દિકરીના પરિવારને અને ગુજરાતના નાગરિકોને ન્યાય મળશે. ખુબ જ ટુંકા સમયમાં આ ગુનેગારની ચાર્જશીટ કરી તેને ફાંસીની સજા થાય તે રીતે સજ્જડ પુરાવાઓ જોડી કડક કાર્યવાહી કરવા વલસાડ પોલીસને સૂચના આપી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ તમામ પોલીસ અધિકારી કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હોવાનો સંદેશો આપી મંત્રીએ કહ્યુ કે, આ પ્રસંશનીય કામગીરી કરનાર પોલીસ અધિકારી કર્મચારીઓ માટે આવેલી ઈનામની રકમની પ્રપોઝલને વાંચ્યા બાદ મુખ્યમંત્રીશ્રીના દિશાનિર્દેશમાં રાજ્ય સરકારે પોલીસ ટીમની મહેનતને બિરદાવતા આ ઈનામની રકમને બમણી કરી છે. જે અન્ય જિલ્લાઓના પોલીસ અધિકારી-કર્મચારીઓને કોઈપણ કેસ આ જ પ્રકારે ગંભીરતાથી તપાસ કરવા માટે પ્રેરણા પુરી પાડશે. આ કાર્યક્રમમાં વન-પર્યાવરણ રાજ્ય મંત્રી અને વલસાડ જિલ્લા પ્રભારી મંત્રી મુકેશ પટેલ, રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય, સુરત રેન્જ આઈ.જી.પી પ્રેમવીર સિંઘ, સુરત ક્રાઈમ જોઈન્ટ કમિશનર રાઘવેન્દ્ર વત્સ, વલસાડ જિલ્લા પોલીસ વડા કરનરાજ વાઘેલા તેમજ ગુનાના ડિટેકશનમાં મહત્વપૂર્ણ ભુમિકા ભજવનાર પોલીસ અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પવિત્ર એકાદશી એવમ્ શ્રીમદ્ ભગવદ્ ગીતા(ગીતા જયંતી) નિમિતે શ્રી કષ્ટભંજનદેવ દાદાને દિવ્ય શણગાર

(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૧૧

શ્રી વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુર શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પવિત્ર એકાદશી એવમ્ શ્રીમદ્ ભગવદ્ ગીતા(ગીતા જયંતી) નિમિતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશ દાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તા.૧૧-૧૨-૨૦૨૪ને બુધવારના રોજ



દાદાને દિવ્ય શણગાર ધરાવવામાં આવ્યો હતો. સવારે ૫:૪૫ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવેલ તેમજ મંદિરના પટાંગણ આવેલ યજ્ઞશાળામાં મારૂતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. અનેક ભકતોએ દિવ્ય દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# માંગરોળના મકતુપર ગામે સરપંચ પર હુમલો : બે વિરૂધ્ધ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧

માંગરોળ તાલુકાના મકતુપુર ગામે પંચાયત ઓફીસમાં ફોટા પાડી રહેલ સભ્યના પતિને ના પાડતા સરપંચ ઉપર હુમલો કર્યાની ફરીયાદ માંગરોળ મરીન પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માંગરોળ મરીન થાણે રામજીભાઈ જેસાભાઈ અખીયાએ નિતેશ ઉર્ફે મુન્નો જેતસીભાઈ મોકરીયા અને કાનજી લાખાભાઈ ગરેજા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી મકતુપુર ગામના સરપંચ હોય અને આરોપી કાનજી ગરેજાના પત્ની મકતુપુરગ્રામ પંચાયતના સભ્ય હોય અને આ કામના બન્ને આરોપીઓ ફરીયાદીને અવાર નવાર સરકારી કામમાં અડચણ કરતા હોય અને ફરીયાદી વિરૂધ્ધ ખોટી અરજીઓ કરતા હોય અને બન્ને આરોપીઓ પંચાયત ઓફીસે ફોટા પાડતા હોય જેને ફરીયાદીએ ફોટા પાડવાની ના પાડતા આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ જઈ આરોપી નીતેશે ફરીયાદીના શરીરે ઢીક્કા પાટૂનો માર મારી તેમજ આરોપી કાનજીભાઈ ફરીયાદીને પ્લાસ્ટીકના ધોકાથી તેમજ ઢીક્કા પાટુનો માર મારી બન્ને આરોપીઓએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી અને ભુંડી ગાળો આપી ફરીયાદીને જાતી પ્રત્યે અપમાનીત અને હડધુત કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દુનિયાભરમાં આજથી તા.૧૬ ડિસેમ્બર સુધી ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો : વર્ષ ૨૦૨૪નો આખરી જેમીનીડસ ઉલ્કા વર્ષાનો અવકાશી નજારો

## અમદાવાદમાં સવારે ૫ કલાકે, રાજકોટમાં સવારે ૬ કલાકે ઉલ્કાવર્ષા અદ્ભુત જોઈ શકાશે : તા.૧૩, ૧૪, બે દિવસ આકાશમાં ઉલ્કાવર્ષાની આતશબાજી જોવા મળશે : સ્વચ્છ આકાશમાં નરી આંખે ઉલ્કાવર્ષા જોઈ શકાશે




(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૧

દુનિયાભરના લોકોએ ઓકટોબર-નવેમ્બરમાં આકાશમાં ઉલ્કાવર્ષાનો અદ્ભૂત આનંદ મેળવ્યો હતો ત્યારે વર્ષ ૨૦૨૪ નો આખરી ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો આજથી તા.૧૬મી ડિસેમ્બર સુધી સ્વચ્છ આકાશમાં નરી આંખે જોઈ શકાશે. રાજયના લોકો તા. ૧૩ અને ૧૪ એમ બે દિવસ આકાશમાં ઉલ્કાવર્ષા આહલાદક જોઈ શકશે. રાજયમાં જેમીનીડસ ઉલ્કાવર્ષાનો આનંદ મેળવવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ લોકોને અપીલ કરી છે. જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે દુનિયાભરમાં દર વર્ષે ડિસેમ્બર માસમાં તા. ૭ મી થી ૧૬ સુધી જેમીનીડસ ઉલ્કાવર્ષા સ્પષ્ટ અદ્ભૂત જોવા મળે છે. દેશ-વિદેશમાં કલાકમાં ૧૦ થી ૫૦ અને વધુમાં વધુ ૧૨૦ (એકસો વીસ) ઉલ્કાવર્ષા દિવાળીની આતશબાજીના દ્રશ્યો જેવી અવકાશમાં જોવા મળે છે. વાસ્તવમાં અવકાશમાં ઉલ્કાનો રીતસર વરસાદ જોવા મળે છે. આજથી ક્રમશઃ ઉલ્કા વર્ષા પડતી જોવા મળશે. તા. ૧૩ અને ૧૪ બે દિવસ દક્ષિણ ગોળાર્ધમાંથી મધ્યરાત્રિ બાદ પરોઢ સુધી સુધી ખૂબ જ સારી રીતે જેમીનીડીસ ઉલ્કાવર્ષા જોવા મળવાની છે. જો કે તા.૧૩, ૧૪ ના રોજ અમદાવાદમાં સવારે ૫ કલાકે, રાજકોટમાં સવારે ૬ થી ૬:૩૦ કલાકની વચ્ચે સૂર્યોદય પહેલા ઉલ્કાવર્ષા જોવા મળવાની છે. રાજયના લોકો તા. ૧૩ અને ૧૪ ના રોજ મધ્યરાત્રિ બાદથી વહેલી પરોઢ સુધી આહલાદક ઉલ્કાવર્ષા જોઈ શકવાના છે. વધુમાં પંડયા જણાવે છે કે જેમીનીડસ ઉલ્કાવર્ષાનો વરસાદની મહત્તમ તા.૧૩ અને ૧૪ બે દિવસ શ્રેષ્ઠ માનવામાં આવે છે. નરી આંખે સ્વચ્છ આકાશમાં સ્પષ્ટ નજારો જોઈ શકાય છે. ઉલ્કાવર્ષા નિહાળવા મધ્યરાત્રિ પહેલા અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટેભાગે મધ્યરાત્રિ બાદથી વહેલી પરોઢે મહત્તમ ઉલ્કા વરસાદ જોવા મળે છે. ઉતર, પૂર્વ દિશા જોવામાં શ્રેષ્ઠ છે. ચારેય દિશામાં ગમે ત્યારે દિવસે-રાત્રે ઉલ્કાવર્ષા થાય છે. તા.૧૩ અને ૧૪ બે દિવસ ઉલ્કા જોવાનું ચુકશો નહિ. ખગોળપ્રેમીઓ દરિયાઈ કિનારે તથા પર્વતીય-ખડકાળ, નર્જનિ જગ્યાને પસંદ કરી પડાવ નાખશે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે. સેકન્ડની ગણતરીમાં દિવાળીની આતશબાજી, રંગબેરંગી ફટાકડાના દ્રશ્યો આકાશમાં જોવા મળશે. વિશેષમાં જયંત પંડયાએ જણાવ્યું કે જેમીનીડસ ઉલ્કાવર્ષા દુનિયાના અમુક ભાગોમાં રીતસર વરસાદની જેમ પડશે. શરૂઆતમાં રાત્રે દર કલાકે ૫ થી ૧૦ કરતા વધીને ૫૦ થી ૧૨૦ ઉલ્કા ખરતી જોવા મળશે. તેની ઝડપ પ્રતિ સેકન્ડ ૭૦ કિ.મી. ઝડપે વધીને ૧૩૦ કિ.મી. ઝડપે પડશે. મધ્યરાત્રિ બાદ અને વહેલી પરોઢે સ્પષ્ટ જોઈ શકાશે. જેમિનિડસ ખૂબ ચળકાટ ધરાવવાની સાથે ઝડપથી ફાયરબોલમાં ફેરવાઈ જાય છે. ઉલ્કાવર્ષા પીળા, લીલા અને વાદળી એમ વિવિધ કલરોમાં જોઈ શકાય છે. જેમિનિડસ ખરતા તારાનું નિર્માણ ૩,૨૦૦ ફાયેથોન તરીકે ઓળખાતા નાના ગ્રહોના ટુકડામાંથી થયું હોય છે. સદીઓ વીતતાં આ નાના ગ્રહો ઉપગ્રહોમાં ફેરવાઈ જાય છે. આ નજારો જોવા મળે તો જીંદગીનો રોમાંચક અનુભવ ગણાશે. જાથાના જયંત પંડયાએ જણાવ્યું કે ઉલ્કા જયારે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે ત્યારે તેને મેટીયોર ઉલ્કા તરીકે ઓળખવામાં આવે છે. પૃથ્વી ઉપર રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. પૃથ્વી ઉપર દિવસ-સૂર્યપ્રકાશ દરમ્યાન પડતી ઉલ્કાઓ જોઈ શકાતી નથી. અત્યાર સુધીમાં પૃથ્વી ઉપર ઉલ્કાની રાખનો થર એક ઈંચથી વધુનો અંદાજ છે. ઉલ્કામાં લોખંડ અને નિકલ હોય છે. તેની રજને, ધૂળને ઓળખવા માટે લોહચુંબકનું પરીક્ષણ જરૂરી છે. જેમીનીડસ ઉલ્કાવર્ષા દુનિયાના અમુક ભાગોમાં રીતસરનો વરસાદ પડશે. જાથા ઉલ્કાવર્ષાની ફોટોગ્રાફી લોકો સમક્ષ મુકશે. ઉલ્કાવર્ષા વર્ષ દરમ્યાન ૧૦ થી ૧૨ વખત અને વધુમાં વધુ ૫ વખત આકાશમાં જોવા મળે છે. આ ઉલ્કાવર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. સૌરમંડળમાં એવા પણ ધૂમકેતુઓ છે કે જે પોતાના સૂર્ય ફરતેના ભ્રમણ દરમ્યાન પૃથ્વીની ભ્રમણકક્ષાને કાપે છે. આ ધૂમકેતુઓનું સતત વિસર્જન થતું રહેતું હોય છે. અને તેમાંથી વિસર્જીત થયેલ પર્દાફાશ ધૂમકેતુની દિશા જાળવી રાખે છે. આ રીતે જોઈએ તો દરેક ધૂમકેતુ પાછળ વિસર્જીત પદાર્થોનો શેરડો છોડતો જાય છે. જયારે પૃથ્વી ઉપર આ વિસર્જીત પદાર્થોની વચ્ચેથી પસાર થાય છે ત્યારે સાપેક્ષ વેગના કારણે આ ટુકડાઓ પ્રચંડ વેગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. જાથાનો પ્રયાસ લોકોને અવકાશ તરફ નજર કરતાં થાય, તેમાં રસ લઈ, બાળકો સાથે ખગોળીય માહિતી મેળવતા થાય, નજારો નિહાળવા માટે રાજયભરમાં આયોજન ગોઠવ્યું છે તેમાં રાજકોટ, અમરેલી, બોટાદ, દેવભૂમિ દ્વારકા, અરવલ્લી, રાજપીપળા, ભાવનગર, જુનાગઢ, પોરબંદર, જામનગર, સુરેન્દ્રનગર, કચ્છ, અમદાવાદ, આણંદ, નડીયાદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ગાંધીનગર, મહેસાણા વિગેરે નાના-મોટા નગરોમાં ત્રણ દિવસીય મધ્યરાત્રિ-પરોઢે વ્યવસ્થાની આખરી ઓપની તૈયારી આરંભી છે.

# કણજા ગામે હાથ ઉછીના આપેલ રૂપિયાની ઉઘરાણી કરવા જતા ધમકી આપ્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧

વંથલી તાલુકાના કણજાગામે અગાઉ આપેલ ઉછીના રૂપીયાની ઉઘરાણી કરવા ગયેલ મહિલા સાથે ગાળાગાળી કરી ધમકી આપ્યાની ફરીયાદ વંથલી પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસ મથકે કલ્યાણીબેન વિઠ્ઠલભાઈ ગોવાણીએ જયાબેન વિક્રમભાઈ પરમાર, કુંજલ વિક્રમભાઈ પરમાર અને સુખદેવ વિક્રમભાઈ પરમાર વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીએ આરોપીઓને હાથ ઉછીના રૂપીયા આપેલ હોય જેની માંગણી કરવા જતા આરોપીઓએ ફરીયાદીને કહેલ અમારે તને રૂપીયા આપવા નથી તેમ કહી ફરીયાદીને જેમ ફાવે તેમ ગાળો આપી એકદમ ઉશ્કેરાઈ જઈ લાકડી વડે મારવા દોડેલ સાથે ત્રણેય આરોપીઓએ આજે તુ બચી ગઈ બીજી વાર અમારા ઘરે રૂપીયા લેવા આવીશ તો મારી નાંખશું તેમ ધમકી આપ્યાની ફરીયાદ વંથલી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વિસાવદર-કાલસારી રોડ પરથી ૪૮ બોટલ વિદેશી દારૂ સાથે બે ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧

વિસાવદર-કાલસારી રોડ પર બાઈક પર ૪૮ બોટલ વિદેશી દારૂ લઈ જઈ રહેલ બે શખ્સોને વિસાવદર પોલીસ ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વિસાવદર પોલીસે વિસાવદરથી કાલસારી જતા રોડ પરથી રાહુલ પુંજાભાઈ સીણસાદા અને પ્રફુલ ચનાભાઈ પીપલીયાને વિદેશી દારૂની ૪૮ બોટલ કિ.રૂા.૩૬૦૦ સહિત બાઈક અને મોબાઈલ મળી કુલ ૩૮૬૦૦ના મુદામાલ સાથે ઝડપી લીધા બાદ વધુ પુછપરછ કરતા આ દારૂનો જથ્થો ધારીના શેમરડી ગામે રહેતા ઈમરાન બ્લોચે મંગાવેલ જયારે આ દારૂનો જથ્થો મો.નં.૬૩૫૪૧ ૧૪૧૩૪ વાળાએ આપ્યો હોવાનું કબુલતા પોલીસે ચારેય શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભેંસાણના માલીડા ગામે જાહેરમાં જુગાર રમતા ૭ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧

ભેંસાણ તાલુકાના માલીડા ગામે જાહેરમાં જુગાર રમતા ૭ શખ્સોને ભેંસાણ પોલીસે ઝડપી લીધા છે. માલીડા ગામેથી જાહેરમાં જુગાર રમતા ૭ શખ્સોને કુલ ૨૪૮૦ના મુદામાલ સાથે જુગાર રમતા ઝડપી લઈ ભેસાણ પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આજે વેરાવળમાં ગીતા જયંતી મહોત્સવ ઉજવાશે

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૧

વેરાવળમાં વિશ્વ હિન્દુ પરીષદ બજરંગ દળ તથા શ્રી દ્વારકાધીશ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે ગીતા જયંતી મહોત્સવની ઉજવણીનું આજે તા.૧૧ને બુધવારે સાંજે ૬:૩૦ થી ૯ દરમ્યાન આયોજન કરેલ છે. જેમાં ભગવત ગીતાનું પૂજન કર્યા બાદ એલ.ઈ.ડી.સ્ક્રીન ઉપર ગીતાકાર ભગવાન શ્રી કૃષ્ણનો ઉપદેશ દેખાડવામાં આવશે. આ કાર્યક્રમમાં પાલીકા પ્રમુખ પલ્લવીબેન જાની, લોહાણા મહાજન પ્રમુખ વિક્રમ તન્ના ઉપસ્થિત રહેશે તેમન કાર્યક્રમનું સંચલાન ગીરીશભાઈ કારીયા કરશે. આ ઉજવણીમાં તમામ સમાજના લોકોને ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ આપવામાં આવ્યુ હોવાનું અગ્રણી કિશોરભાઈ સામાણીએ એક યાદીમાં જણાવ્યું છે.

# જૂનાગઢમાં ધો.૧ થી ધો.૧૨ના દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટેનો સાધન સહાય કેમ્પ યોજાયો





જૂનાગઢ, તા.૧૧

શાળામાં અભ્યાસ કરતા ધો.૧ થી ધો.૧૨ ના દિવ્યાંગ બાળકોને શાળાએ આવવા જવામાં મદદરૂપ થાય તેમજ શિક્ષણ કાર્યમાં ઉપયોગી થાય તેવા સાધનોનું સમગ્ર શિક્ષા ગાંધીનગર તેમજ એલીમકો કંપનીના સંયુક્ત ઉપક્રમે કેમ્પનું આયોજન બી.આર.સી. ભવન જૂનાગઢ ગ્રામ્ય ખાતે કરવામાં આવ્યું. આ કેમ્પમાં જૂનાગઢ ગ્રામ્ય, જૂનાગઢ શહેર, વંથલી તેમજ માણાવદર તાલુકાના ૧૬૨ જેટલા દિવ્યાંગ બાળકો માટે સાધન સહાયનું વિતરણ કરવામાં આવ્યુ જેમાં આંખની ખામી ધરાવતા, શ્રવણમંદ, અસ્થિ વિષયક ખામી ધરાવતા તેમજ માનસિક ક્ષતિ ધરાવતા દિવ્યાંગ બાળકો માટે ડીઝીટલ હિયરિંગ એડ, કેલિપર્સ, ટી.એલ.એમ. કીટ, વિલ્હચેર, સીપી ચેર, સ્માર્ટ કેન જેવા સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં જિલ્લા પ્રોજેક્ટ કોર્ડીનેટર લતાબેન ઉપાધ્યાય તેમજ આઈ.ઈ.ડી. કો-ઓર્ડીનેટર ગોપાલભાઈ પંડ્યાના માર્ગદર્શન નીચે દિવ્યાંગ બાળકો તેમજ તેમના વાલીઓએ કેમ્પનો લાભ લીધો હતો.

# જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા દબાણ કરતા દુકાનોને સીલ કરી સ્થળ ઉપર દંડ વસુલ કર્યો





જૂનાગઢ, તા.૧૧

મહાનગરપાલિકા જૂનાગઢની માલિકીની જગ્યામાં જાહેરમાં ન્યુસન્સ કરતા તેમજ મહાનગરપાલિકાની જગ્યામાં ટ્રાફિકને નડતરરૂપ દબાણ કરતાં દુકાનોને સીલ કરતું અને સ્થળ ઉપર રૂા.૫૦,૦૦૦નો દંડ વસુલ કરતી મહાનગરપાલિકા જૂનાગઢ શહેરમાં આગાખાન હોસ્ટેલ પાસે આવેલ જે ઠાકર ચા તેમજ તેની બાજુમાં આવેલ જય ઠાકરધણી ચા એન્ડ કોલ્ડ્રીક્સ, સરદાર ચોકમાં આવેલ જય બેકરી, કાળવા ચોકમાં આવેલ રજવાડી શક્તિ ચા, એમ.જી. રોડ ઉપર આવેલ જલારામ ફરસાણ દ્વારા જાહેરમાં ન્યૂસન્સ તેમજ મહાનગરપાલિકા જૂનાગઢની કોઈ પણ જાતની પૂર્વ મંજૂરી વગર રસ્તા પૈકીની જગ્યામાં ઓટલા,ચાની લારી,ગેસના ચૂલા ટ્રાફિકને નડતર રૂપ થાય તે રીતે જગ્યા પર દબાણ કરી ધંધો કરતાં હોય જે દુકાનો કમિશ્નર ડો.ઓમ પ્રકાશ (IAS) અને નાયબ કમિશ્નર એ.એસ.ઝાંપડા તથા ડી.જે. જાડેજા અને કમિશ્નર (ટેક્સ)/ સેક્રેટરી, સેનિટેશન સુપ્રિટેન્ડન્ટ કલ્પેશ ટોલીયાની સૂચના પ્રમાણે ટેક્સ સુપ્રિટેન્ડન્ટ મનોજ રૂપાપરા તેમજ દબાણ અધિકારી હરેશ સોંદરવાની ટીમ દ્વારા આજ રોજ સીલ કરવામાં આવેલ છે.

આમ શહેરમાં નાનો મોટો ધંધો કરતાં વેપારીઓને જણાવાનું કે મહાનગરપાલિકા જુનાગઢની પૂર્વ મંજૂરી વગર ટ્રાફિકને અડચણ રૂપ થાય તે રીતે ઓટલા કે ચા ની લારી રાખી કોઈ પણ પ્રકારે મહાનગરપાલિકાની જગ્યાનું દબાણ ન કરવા એક અખબાર યાદીમાં જણાવવામાં આવે છે.

# પ્રાચી ખાતે નેશનલ હાઈવેથી માધવરાય મંદિર સુધીના રસ્તાના કામનું ખાતમુહૂર્ત કરતા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા

## દર્શનાર્થીઓની સગવડતાને ધ્યાનમાં રાખીને વિકાસના કામ હાથ ધરાયા





વેરાવળ, તા.૧૧

ગીર સોમનાથ જિલ્લો પ્રવાસનની દ્રષ્ટિએ મહત્વનો જિલ્લો છે. પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના મંદિર ઉપરાંત પ્રાંચી તીર્થ પણ આધ્યાત્મિક દ્રષ્ટિએ ખૂબ જ મહત્વનું સ્થળ છે. પ્રવાસીઓની સગવડતાને ધ્યાનમાં રાખીને જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ પ્રાચી ખાતે નેશનલ હાઈવેથી માધવરાય મંદિર સુધીના રસ્તાના કામનું ખાતમુહૂર્ત કર્યું હતું.

જિલ્લા પંચાયત પ્રમુખ મંજૂલાબહેન મૂછાર અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં જિલ્લા કલેક્ટર દિગ્જયસિંહ જાડેજાએ ગીર સોમનાથ જિલ્લાના સૂત્રાપાડા તાલુકાના પ્રાંચી ખાતે નેશનલ હાઈવેથી માધવરાય મંદિર સુધીના રસ્તાના કામનું ખાતમુહૂર્ત કર્યું હતું. જિલ્લા પ્રવાસન સમિતિની ગ્રાંટમાંથી અંદાજિત રૂા.૭૬,૬૬,૧૦૦ના ખર્ચે થનાર વિવિધ વિકાસ કામોમાંથી એક નેશનલ હાઈવેથી ૪૦૦ મીટર લંબાઈમાં ૭.૦૦ મીટર પહોળાઈ ધરાવતો રોડ તૈયાર થશે. આ રોડના કારણે માધવરાય મંદિર તરફ જવામાં બહારથી આવતા શ્રદ્ધાળુઓને કોઈ અગવડતા નહીં પડે અને સરળતાથી દર્શનાર્થીઓ દર્શન માટે જઈ શકશે.

આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં જિલ્લા પંચાયત ઉપપ્રમુખ રાજવીરસિંહ ઝાલા, તાલુકા વિકાસ અધિકારી ભાવસિંહ પરમાર, કાર્યપાલક ઈજનેર (પંચાયત) અંકિત ભદૌરિયા સહિત અગ્રણીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# મોટા કોટડાની સરકારી માધ્યમીક શાળાના વિદ્યાર્થીઓએ રાજયકક્ષામાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યા

(રેનિશ મહેતા દ્વારા)

ભેંસાણ તા.૧૧



સેવા અને સાંસ્કૃતિક પ્રવુતિઓ દ્વારા રાજકોટ ખાતે રાજયકક્ષા યુવા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સોરઠ પંથકના નાના એવા મોટા કોટડા ગામની ગ્રામ પંચાયત સંચાલિત સરકારી માધ્યમીક શાળાના વિધાર્થી ઓ રાજ્ય કક્ષાએ ઝળકતા ગ્રામજનો માં ગૌરવ ની લાગણી જોવા મળી હતી. રાજકોટ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવુતિઓની કચેરી રાજકોટના યજમાન પદે હેમુ ગઢવી હોલ ખાતે તા. ૫ થી ૭ દરમ્યાન યોજાયેલ. આ યુવા ઉત્સવમા મોટા કોટડા ગામની માધ્યમિક શાળા ના વિદ્યાર્થીઓ કુ. આસ્થા સોલંકી, કુ. ખ્યાતિ સોલંકી , કુ.ભરતી પરમારે પ્રદેશ કક્ષાએ પ્રથમ આવીને આ ઉત્સવમાં રાજ્યકક્ષાએ એગ્રો પ્રોડ્યૂક્ટર્સ વિભાગમાં ભાગ લીધેલ હતો. જેમાં પ્રાકૃતિક ખેતી અંગેની પ્રોડ્યૂક્ટર્સ જેવી કે જીવામૃત દશપરણી અર્ક ધનજીવામૃત અગ્નિઅસ્ત્ર ગૈમૃત બ્રમ્હાસ્ત્ર વગેરે જેવી પ્રાકૃતિક સજીવ ખેતીને લગતી પ્રોડક્ટર્સ રજુ કરેલ હતી અને એગ્રો પ્રોડ્ક્ટર્સ વિભાગમાં રાજયકક્ષાએ પ્રથમ નંબર મેળવેલ છે. આ કૃતિ નેશનલ લેવલે સિલેક્ટ થશે તો દિલ્લી મુકામે યોજાનાર નેશનલ યુવા ઉત્સવ ભાગ લેવા જનાર છે. સમગ્ર પ્રોજેક્ટને શાળાના વિજ્ઞાન શિક્ષક કુ. ભાવનાબેન સોલંકી તેમજ શાળાના આચાર્ય સંજયભાઈ પાઘડાળ દ્વારા માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરૂ પાડવામાં આવેલ હતું અને શાળાના સમગ્ર સ્ટાફગણ તેમજ સરપંચશ્રી શોભનાબેન કાનાણી દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન અને પ્રમાણપત્ર આપવામાં આવેલ અને નેશનલ કક્ષાએ ગુજરાતનું નામ રોશન કરે તેવી અભ્યર્થના શાળાના પી. ટી ટીચર, બી. એ. ભેટારીયા દ્વારા આપવામાં આવેલ હતું.

# કેશોદમાં ટ્રાફિક સમસ્યાથી રાહદારીઓ, વાહન ચાલકો પરેશાન

(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ, તા.૧૧

કેશોદ શહેરમાં વર્ષોથી ટ્રાફિક સમસ્યાનો પ્રશ્ન ઉદભવે છે. રાહદારીઓ, વાહનચાલકો ત્રાહીમામ પોકારી ઉઠે છે છતાં વર્ષોથી પરિસ્થિતિ એની એ જ એક બાજુ શહેરમાં પાર્કિંગની ક્યાય કોઈ જાતની વ્યવસ્થા નથી, બીજી તરફ લારી, કેબીનો તથા દુકાનધારકો પોતાનો માલ સામાન દુકાનની બહાર ગોઠવતા ટ્રાફિક સમસ્યા ઉત્પન્ન થાય છે જેથી રાહદારીઓ વાહનચાલકો ટ્રાફિક સમસ્યાથી પરેશાની ભોગવી રહયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે થોડા વર્ષો અગાઉ ડીવાયએસપી ટાંકના સમયમાં ટ્રાફિક ઝુંબેશ હાથ ધરાયો હતો ત્યારે વાહનચાલકો આડેધડ વાહન પાર્ક કરવાથી ડર અનુભવી રહ્યા હતા. ટ્રાફિક સમસ્યાનો પ્રશ્ન હલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વર્ષોથી ટ્રાફિક સમસ્યાનો પ્રશ્ન એનો એ જ હોવાથી રાહદારીઓ વાહનચાલકો પરેશાની ભોગવી રહયા છે જેમાં માત્ર પોલીસ તંત્રનો દોષ જ માનવો એ વાત નકારી શકાય કારણ કે, દુકાનદારો અડધી દુકાન દોડ ઉપર ગોઠવી રહયા છે તો બીજી તરફ લારી ધારકો કેબીનો તથા દુકાનની આગળ લારીવાળાઓને ભાડેથી જગ્યા આપવામાં આવતી હોવાથી ટ્રાફિક સમસ્યા ઉત્પન્ન થાય છે જે બાબતે પોલીસ તંત્ર દ્વારા ટ્રાફિક ઝુંબેશ શરૂ કરી અડચણરૂપ ટ્રાફિક હલ કરાવવા કડક વલણ અપનાવવામા આઆવે તો મહદઅંશે ટ્રાફિક સમસ્યા હળવી બની શકે તેવા પ્રયત્નો કરવામા આવે તો ટ્રાફિક સમસ્યાથી રાહદારીઓ, વાહનચાલકોને ટ્રાફિક સમસ્યાથી થોડી હળવાશ અનુભવી શકે તે માટે ટ્રાફિક ઝુંબેશ હાથ ધરવામાં આવશે ? કે ટ્રાફિક સમસ્યા વધુ ઉદભવશે તે જોવાનું રહ્યુ હાલ ટ્રાફિક સમસ્યાથી રાહદારીઓ, વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

# ટાટા કેમિકલ્સ દ્વારા ૫ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ૨૪મી આર પ્રભાકર મેમોરિયલ ઓપન સૌરાષ્ટ્ર હાફ મેરેથોનનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

મીઠાપુર, તા.૧૧

ટાટા કેમિકલ્સ લિમિટેડે સ્થાનિક સમુદાયમાં આરોગ્ય અને સુખાકારીને પ્રોત્સાહન આપવાનાં હેતુથી આગામી ૦૫ જાન્યુઆરી, ૨૦૨૫ના મીઠાપૂર ખાતે ૨૪મી આર પ્રભાકર મેમોરિયલ ઓપન સૌરાષ્ટ્ર હાફ મેરેથોનનું આયોજન કર્યું છે. આ કાર્યક્રમમાં ૨૧ કિલોમીટરની હાફ મેરેથોન, ૧૦ કિલોમીટરની દોડ રાખવામાં આવશે. ઓપન સૌરાષ્ટ્ર હાફ મેરેથોનમાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોને સુમિત પંડ્યા - ૯૧ ૯૦૯૯૫ ૪૯૮૯૮ તુષાર ઝિંઝુવાડિયા - ૯૧ ૯૨૨૭૫ ૦૦૧૯૭ને સંપર્ક કરવા એક યાદીમાં જણાવેલ છે.

# સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪ અંતર્ગત યોજાયેલી સ્પર્ધામાં વેરાવળ નગરપાલિકા દ્વારા પ્રમાણપત્ર એનાયત




વેરાવળ, તા.૧૧

કલેકટર દિગ્વિજયસિંહ જાડેજા દ્વારા વેરાવળ શહેરને સ્વચ્છ બનાવવાનું આહ્વાન કરાયું છે. વોર્ડ-વાઈઝ સફાઈ સહિતના કાર્યક્રમથી નગરને સ્વચ્છ બનાવવાનો સુઘડ પ્રયત્ન થઈ રહ્યો છે. આ અંતર્ગત વિવિધ સ્પર્ધાના માધ્યમ થકી નાગરિકોને જાગૃત કરવામાં આવી રહ્યાં છે. સ્વચ્છતા અંતર્ગત યોજાયેલી આવી જ એક સ્પર્ધામાં સ્કિનોવા હેર લેઝર કિલનિકને વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા દ્વારા સ્વચ્છ એવોર્ડ કોમ્પિટિશન અંતર્ગત યોજાયેલી સ્પર્ધામાં સ્વચ્છ હોસ્પિટલનું સર્ટિફિકેટ પ્રાપ્ત થયું છે. હોસ્પિટલને સ્વચ્છ અને સુઘડ રાખવા બદલ સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪ અંતર્ગત ડો.રવિ શામળાને વેરાવળ-પાટણ નગરપાલિકા દ્વારા સ્વચ્છતા અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

# દેવભૂમિ દ્વારકા જીલ્લામાં પણ ચાર સ્થળોએ લેવાશે પરીક્ષા : વિદ્યાર્થીઓ માટે મહત્વના JEE અને NEETના નિ:શુલ્ક અભ્યાસક્રમ માટે રજીસ્ટ્રેશનનો પ્રારંભ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૧

રાજકોટમાં દર વર્ષે સુપર ૪૦ પ્રોગ્રામ હેઠળ હાલ ધો. ૧૦ માં અભ્યાસ કરતા આર્થિક રીતે જરૂરિયાતમંદ તથા મધ્યમ વર્ગમાં આવતા તેજસ્વી વિદ્યાર્થીઓમાંથી ૪૦ વિદ્યાર્થીઓ પસંદ કરીને આ વિદ્યાર્થીઓ માટે નિ:શુલ્ક ત્નઈઈ ‌ક્રહી ‌દ્રઈઈ્ કોચિંગ તથા ધોરણ ૧૧ તથા ૧૨ સાયન્સ બોર્ડ પરીક્ષા માટે નિ:શુલ્ક સ્કૂલિંગ આપવામાં આવે છે. રાજકોટની સેવાભાવી સંસ્થા શ્રી પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ વર્ષ ૨૦૨૫-૨૬ માટે સુપર-૪૦ સેન્ટર ફોર એકસલન્સના નિ:શુલ્ક ધો.૧૧ તથા ૧૨ સાયન્સ સ્કૂલિંગ તથા જે.ઈ.ઈ. અને "નીટ" કોચિંગ માટે ધો. ૧૦ ના વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યું છે. શ્રી પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા હાલ ધો. ૧૦ માં અભ્યાસ કરતાં અને આગળ ધો. ૧૧ થી સાયન્સમાં જવા ઈચ્છતા તેજસ્વી વિદ્યાર્થીઓ માટે સુપર-૪૦ એન્ટ્રન્સ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાંથી ૪૦ જેટલા વિદ્યાર્થીઓને મેરીટ થ્રુ સિલેકટ કરી ધો. ૧૧-૧૨ સાયન્સનું નિ:શુલ્ક સ્કૂલિંગ તથા જે.ઈ.ઈ. અને એન.ઈ.ઈ.ટી.નું નિ:શુલ્ક કોચિંગ આપવામાં આવશે. મેરીટ યોગ્ય બાળક આઈ.આઈ.ટી.માં દેશની નામાંકિત એન્જિનિયરિંગ કોલેજમાંથી એન્જિનિયર બને અને "નીટ"ની પરીક્ષા પાસ કરી ડોક્ટર બને. દરેક વિદ્યાર્થીનું આ સ્વપ્ર પૂર્ણ કરવા માટે આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. હોશિયાર બાળકોને ધો.૧૧ અને ૧૨ સાયન્સના બે વર્ષનું સ્કૂલિંગ નિ:શુલ્ક કરાવવામાં આવશે તેમજ તેઓ આઈઆઈટી (એન્જિનિયરિંગ) અને "એઈમ્સ" (મેડિકલ)માં પ્રવેશ મેળવી શકે તે માટે જેઈઈ તથા નીટ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી ભારતના શ્રેષ્ઠ શિક્ષકો અને તજજ્ઞો દ્વારા નિ:શુલ્ક કરાવવામાં આવશે. હાલ ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા આપવાના હોય તેવા રાજકોટ-સૌરાષ્ટ્ર-કચ્છ તેમજ સમગ્ર ગુજરાતના ગુજરાતી માધ્યમ અને ઈંગ્લીશ મીડીયમના વિદ્યાર્થીઓ જેઈઈ ૪૦ એન્ટ્રન્સ પરીક્ષા આપી શકે છે. www. super40 rajkot. com વેબસાઈટ પર તેની તમામ માહિતી ઉપલબ્ધ છે. આ વેબસાઈટ ઉપર જઈ પ્રવેશ પરીક્ષાનું ફોર્મ ભરવાનું રહેશે. આ સુપર-૪૦ અને જ્ઞાનબોધીની પ્રોજેક્ટને સફળ બનાવવા માટે ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ રૂપાણી તથા ટ્રસ્ટી અંજલીબેન રૂપાણીની અધ્યક્ષતામાં ટ્રસ્ટીઓ મહેશભાઈ ભટ્ટ, રાજેશભાઈ રૂપાણી, ડો. મેહુલભાઈ રૂપાણી, અમીનેષભાઈ રૂપાણી, કમિટી મેમ્બર્સ જયેશભાઈ ભટ્ટ, હિંમતભાઈ માલવિયા, હસુભાઈ ગણાત્રા, સી.કે. બારોટ, રાજુભાઈ શેઠ, મીરાબેન મહેતા, ગીતાબેન તન્ના, ભારતીબેન બારોટ તથા વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટ કો-ઓર્ડીનેટર સાગરભાઈ પાટીલ, શિતલબા ઝાલા વિગેરે સેવા આપી રહ્યા છે. ખંભાળિયામાં સેન્ટ કર્વે સ્કુલ, ભાણવડની એમ.વી. ઘેલાણી સ્કૂલ, દ્વારકા એન.ડી.એચ. હાઈસ્કુલ, કલ્યાણપુર તાલુકામાં એલ.એન.પી. હાઈસ્કૂલમાં તા. ૫ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ આ પરીક્ષાનું આયોજન થશે.

# દેવભૂમિનું ગૌરવ : ભાણવડના અશોકભાઈ ભટ્ટને પર્યાવરણ સંત્રીથી કરાયા પુરસ્કૃત

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૧



ભાણવડના રહીશ અને વ્યવસાયે શિક્ષક એવા અશોકભાઈ ભટ્ટ છેલ્લા આશરે દોઢ એક દાયકા કરતા વધુ સમયથી પ્રકૃતિ જતન અર્થે દિવસ-રાત સેવા પ્રવૃત્તિમાં કાર્યરત છે. ત્યારે સમગ્ર અમદાવાદ અને આજુ બાજુના પંથકમાં પ્રકૃતિ જતન માટે પ્રવૃત્તિમય પર્યાવરણ સંત્રી ટ્રસ્ટ નામની સંસ્થા દ્વારા પ્રકૃતિના જતન અને સંરક્ષણ અર્થે કાર્યરત વ્યક્તિ વિશેષને પર્યાવરણ સંત્રી પુરસ્કાર દ્વારા સન્માનિત કરવાનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં રાજ્યના દરેક જિલ્લામાંથી પ્રકૃતિ જતન માટે હંમેશા કાર્યરત રહેતા અને વન તેમજ વન્યજીવ બચાવની કામગીરીમાં પોતાનુ જીવન સમર્પિત કરનાર જિલ્લા દીઠ એક - એક વ્યક્તિ કે સંસ્થાને પુરસ્કૃત કરવા પસંદ કરાયા હતા. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી ભાણવડ પંથકમાં પ્રકૃતિ અને પર્યાવરણના પ્રહરી તેમજ વન અને વન્યજીવ બચાવ માટે હંમેશા કાર્યશીલ એવા અશોકભાઈ ભટ્ટની પસંદગી કરાઈ હતી. તાજેતરમાં અશોકભાઈને અમદાવાદ ખાતે સંસ્થા દ્વારા આયોજિત પર્યાવરણ સંત્રી એવોર્ડ - ૨૦૨૪ થી સન્માનિત કરાયા હતા.

# ઉનાના શહેરીજનોને સુકા -ભિના કચરાની સમજણ અપાઈ

## ઉના નગરપાલિકા દ્વારા સમજણ આપવા માટે મહિલાઓની ટીમો કામે લગાડાઈ

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૧૧



ઉના નગરપાલિકામાં સ્વસહાય જૂથની મહિલાની ટીમ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શહેરના વિવિધ વિસ્તારોમાં ઘરે ઘરે જય ભીનો અને સૂકો કચરો અલગ અલગ કરવાની સમજણ શહેરીજનોને આપી રહી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ઉના નગરપાલિકા NULM યોજના હેઠળ સહાય જૂથ ચલાવવામાં આવી રહ્યું છે જે અંતર્ગત મહિલાઓની ડોર ટુ ડોરની ઈક્વિટી માટે જય વાલ્મિકી સહાય જૂથ અને સની મહારાજ સહાય જૂથની ટીમો બનાવવામાં આવી છે. આ ટીમ શહેરના દરેક વિસ્તારમાં ઘરે ઘરે જય વેસ્ટ કલેક્શન તથા ભીનો કચરો અને સૂકો કચરો અલગ અલગ કરવાની સમજણ પૂરી પાડે છે જેમાં અત્યાર સુધીમાં ૧૪૨૨૫ ઘરમાં લોકોને સંપર્ક કરવામાં આવ્યો છે. આ પ્રવૃત્તિથી મહિલાઓની રોજગારી પણ મળી રહી છે. આ કામગીરીનું મોની રેટીંગ મુખ્ય અધિકારી કરી રહ્યા છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન GRITની ગવર્નિંગ બોડીની પ્રથમ બેઠક સંપન્ન

**નાણાં-આરોગ્ય-ઉદ્યોગ-કૃષિ-શિક્ષણ મંત્રીઓની ઉપસ્થિતિ : GRIT રાજ્ય સરકારની થીંક ટેંક અને ઇનોવેશન હબ તરીકે કાર્ય કરશે : નિતિ આયોગ દ્વારા સૂચિત ગ્રોથ હબ મોડેલને પ્રદેશ પ્રમાણે ક્રમશઃ વિસ્તૃત કરવાની ઈન્સ્ટીટ્યુશનલાઈઝ્ડ વ્યવસ્થા માટે GRIT મદદરૂપ થશે : ટાસ્ક ફોર્મ કમિટીની ભલામણોના સુચારૂ અમલ માટે વિવિધ વિભાગો સાથે GRIT સંકલન-પરામર્શમાં રહીને કાર્યયોજના ઘડશે**




(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર તા.૧૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ગુજરાત ઈન્સ્ટીટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન GRITની ગવર્નિંગ બોડીની પ્રથમ બેઠક ગાંધીનગરમાં યોજવામાં આવી હતી. આ બેઠકમાં GRITની વિસ્તૃત કાર્યક્ષેત્ર અને અનુષાંગિક વ્યવસ્થાઓ અંગે વિચાર-પરામર્શ હાથ ધરાયો હતો. GRITના નવનિયુક્ત CEO સુશ્રી એસ. અપર્ણાએ આ બેઠકમાં GRITની અત્યાર સુધીની પ્રારંભિક કાર્યવાહિની વિઝનોનું પ્રેઝન્ટેશન પ્રસ્તુત કર્યુ હતું. GRIT રાજ્ય સરકારની થિંક ટેક અને ઈનોવેશન હબ તરીકે કાર્ય કરવા સથો-સાથ રાજ્ય સરકારે નિમેલી ટાસ્ક ફોર્સ કમિટીની ભલામણોના અમલ માટે વિવિધ વિભાગો સાથે સંકલન અને પરામર્શમાં રહિને કાર્યયોજના ધડે એ સંદર્ભમાં વિસ્તૃત ચર્ચા-વિચારણા આ બેઠકમાં કરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગવર્નિંગ બોડીની આ પ્રથમ બેઠકના અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરતાં રાજ્ય અને કેન્દ્ર સરકારની જનહિતકારી યોજનાઓની સોશિયલ ઈમ્પેક્ટ, ફાયદઓ વગેરે ડેટા એનાલીસીસથી GRIT કરે તેવું સૂચન કર્યુ હતું. આ બેઠકમાં નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ, આરોગ્ય મંત્રી રૂષિકેશ પટેલ, ઊદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂત, કૃષિ મંત્રી રાઘવજી પટેલ તેમજ શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડિંડોર પણ સહભાગી થયા હતાં. આ બેઠકની વિશદ ચર્ચા પરામર્શમાં જણાવવામાં આવ્યું કે, નિતી આયોગ દ્વારા સુચિત ગ્રોથ હબ મોડેલ સુરત રિઝીયન માટે લાગુ કરવામાં આવ્યું છે તેમ હવે તેને ક્રમશઃ રાજ્યના અન્ય રિઝીયનમાં વિસ્તૃત કરવા માટેની ઈન્સ્ટીટ્યુશનલાઈઝ્ડ વ્યવસ્થામાં GRIT મદદરૂપ થાય. આ બેઠક દરમ્યાન IIM અમદાવાદ અને GRIT વચ્ચે MOU કરવામાં આવ્યા હતાં. રાજ્ય સરકારના વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ-યોજનાઓમાં IIM અમદાવાદના જ્ઞાન કૌશલ્યની તજજ્ઞના અને નેટવર્કનો લાભ મેળવવાનો આ MOUનો ઉદ્દેશ્ય છે.

GRITના CEO સુશ્રી એસ. અપર્ણા અને IIM અમદાવાદના ડાયરેક્ટર ભરત ભાસ્કરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મંત્રીઓ તથા IIM અમદાવાદના ચેરમેન પંકજ પટેલની ઉપસ્થિતીમાં આ MOU ઉપર હસ્તાક્સર કર્યા હતાં.

## તંત્રી લેખ

# હોબાળામાં વેડફાતાં સંસદીય સત્રો

સંસદના શિયાળુ સત્રનું પહેલું અઠવાડિયું હોબાળા-ગોકીરામાં જ વેડફાઈ ગયું. તેની આશંકા પહેલેથી જ હતી, કારણ કે કોંગ્રેસ અને કેટલાક અન્ય પક્ષોએ અદાણી પ્રકરણ, મણિપુરની હિંસા અને કેટલાક અન્ય મુદ્દે ભાર આપવાનું એલાન કરી દીધું હતું. તેમાંથી એક મુદ્દો સંભલ હિંસાનો પણ જોડાઈ ગયો, જે સંસદ સત્ર શરૂ થયા પહેલાં જ સામે આવ્યો. અદાણી પ્રકરણ પણ થોડા દિવસ પહેલાં ચર્ચામાં આવ્યું હતું. શું આ એક સંજોગ છે કે છેલ્લા કેટલાક સમયથી સંસદના સત્ર પહેલાં જ કોઈને કોઈ સનસનીખેજ મુદ્દા સામે આવી જાય છે? આ પ્રશ્ન એટલા માટે, કારણ કે ભૂતકાળમાં પેગાસસ જાસૂસી અને અદાણી સમૂહ પર હિંડનબર્ગના રિપોર્ટ સંસદનું સત્ર શરૂ થતાં પહેલાં જ આવ્યા હતા. કોંગ્રેસ અને અન્ય વિપક્ષી દળો અનાચક આવેલા આવા મુદ્દાઓ ઉઠાવી લે છે. સંસદનું શિયાળુ સત્ર શરૂ થવાના થોડા દિવસ પહેલાં અમેરિકી અદાલતનો એ સનસનીખેજ આદેશ આવ્યો કે અદાણી ગ્રુપની કંપની અદાણી ગ્રીન એનર્જી દ્વારા ભારતમાં સૌર ઊર્જાના પૂરવઠા માટે કેટલીક રાજ્ય સરકારોને લાંચ આપવામાં આવી અને તેમાં અમેરિકી રોકાણકારોના પૈસા લાગ્યા હતા, તેથી અમેરિકાના કાયદા અંતર્ગત આ કેસની તપાસ અમેરિકી સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન દ્વારા કરાઈ રહી છે. આ મામલે અદાણી સમૂહના વડા ગૌતમ અદાણી, તેમના ભત્રીજા સાગર અદાણી અને અદાણી ગ્રીન એનર્જીના કેટલાક અધિકારીઓને આરોપિત કરાયા છે. ન્યૂયોર્કની અદાલતનું માનીએ તો અદાણી ગ્રીન એનર્જીએ ૨૨૦૦ કરોડ રૂપિયાથી વધારેની લાંચ આપી.

અદાણી ગ્રુપ પહેલી વાર વિવાદોમાં નથી આવ્યું. આ પહેલાં અમેરિકી રિસર્ચ એજન્સી હિંડનબર્ગ દ્વારા એ આરોપ લગાવવામાં આવ્યો હતો કે આ સમૂહે પોતાના શેરોમાં હેરાફેરી કરી. આ રિપોર્ટ આવ્યા બાદ અદાણી સમૂહને સારું એવું નુક્સાન ઉઠાવવું પડ્યું હતું, પરંતુ બાદમાં એક મોટી હદ સુધી નુક્સાનની ભરપાઈ થઈ ગઈ, કારણ કે સુપ્રીમ કોર્ટે હિંડનબર્ગના રિપોર્ટને ફગાવી દીધો. તેના થોડા સમય બાદ હિંડનબર્ગે અદાણી સમૂહ પર નિશાન સાધતાં સેબી અધ્યક્ષ માધવી પુરી બુચને પણ કઠેરામાં ઊભાં કર્યાં. તેનો આરોપ હતો કે સેબી પ્રમુખ રૂપે તેમણે અદાણી ગ્રુપ પર લાગેલ આરોપોની યોગ્ય રીતે તપાસ કરવાને બદલે તેનો બચાવ કર્યો. આ આરોપની કોઈ અસર રોકાણકારો પર ન પડી. ન્યૂયોર્કની અદાલત દ્વારા આવેલ આદેશ બાદ અદાણી ગ્રુપ શેર બજારમાં થયેલ નુક્સાનમાંથી લગભગ બહાર આવી ગયું છે. સ્પષ્ટ છે કે ભારતીય રોકાણકારો ન્યૂયોર્કની અદાલતના આરોપોને વધુ મહત્ત્વ નથી આપતા. અદાણી ગ્રુપનો બચાવ જાણીતા વકીલ મહેશ જેઠમલાણી દ્વારા પણ કરવામાં આવ્યો. તેમના અનુસાર અમેરિકી અદાલતના કેસમાં ભારતમાં લાંચ આપવાના કોઈ પુરાવા નથી આપવામાં આવ્યા અને તેમાં એ પણ નથી કહેવાયું કે ભારતમાં કોઈ કાયદાનું ઉલ્લંઘન થયું છે. પૂર્વ એટર્ની જનરલ મુકુલ રોહતગીનું પણ એ જ કહેવું છેકે આરોપ ગૌતમ અદાણી કે તેમના ભત્રીજા સાગર અદાણી પર નહીં, બલ્કે તેમની કંપનીઓ પર છે અને એ પણ સ્પષ્ટ નથી કે લાંચ કેવી રીતે આપવામાં આવી? સત્ય જે હોય તે, એ જોવું દિલચસ્પ છે કે અદાણી મુદ્દાને ચગાવી રહેલી કોંગ્રેસને સહયોગી પક્ષોનો સાથ નથી મળી રહ્યો.

તૃણમૂલ કોંગ્રેસે સ્પષ્ટ સંકેત આપ્યા કે તે સંસદમાં અદાણી મુદ્દાને વધુ ભાવ નથી આપવાની. એ પણ કોંગ્રેસ માટે ઝાટકો છે કે ઈન્ડીનો વધુ એક પક્ષ માકપા પણ આ મામલાને ચગાવવા તૈયાર નથી. ગત દિવસોમાં જ માકપાના નેતૃત્વવાળી કેરળની ડાબેરી મોરચા સરકારે અદાણી ગ્રુપ સાથે બંદરના વિકાસ માટે એક સમજૂતી કરી છે. જોવાનું છે કે હવે કોંગ્રેસ શું કરે છે? કમ સે કમ રાહુલના વલણમાં બદલાવની આશા તો ઓછી જ છે, કારણ કે તેઓ એક લાંબા સમયથી અદાણી-અંબાણીના સહારે મોદી સરકારને ઘેરવાની નિષ્ફળ કોશિશ કરતા જાય છે. તેઓ એક જ ચવાઈ ગયેલો આરોપ લગાવતા રહે છે કે મોદી સરકાર અંબાણી-અદાણી અને કેટલાક અન્ય ઉદ્યોગપતિઓના હિતમાં કામ કરી રહી છે. જોકે તેમને એનાથી કશો ફાયદો મળ્યો નથી, તેમ છતાં તેઓ એકનો એક રાગ આલાપવાનું છોડતા નથી. કદાચ તેઓ એ સમજવા તૈયાર નથી કે જો કોઈ મામલે વારંવાર ઉઠાવવાથી કોઈ લાભ નથી મળ્યો તો તેને ચગાવવાનો કોઈ મતલબ નથી. રાહુલનું અંબાણી-અદાણી રાગ આલાપતા રહેવું તેમની રાજકીય અપરિપક્વતા જ દર્શાવે છે. લાગે છે કે તેમણે રાફેલ મુદ્દા પરથી કોઈ બોધપાઠ નથી લીધો, જેમાં તેમણે સુપ્રીમ કોર્ટમાં નાકલીટી તાણીને માફી માગવી પડી હતી. રાહુલ ગાંધીના વલણથી એ પણ સ્પષ્ટ છે કે તેઓ પરિણામની પરવા કર્યા વિના પોતે ઉઠાવેલા મુદ્દાને ચગાવતા જ રહે છે. તેનાથી સમયના હિસાબે પોતાની રણનીતિમાં બદલાવ નહિ કરવાના તેમના જડસુ વલણનો જ પરિચય મળે છે, જ્યારે નેતાઓ પાસે એવી અપેક્ષા હોય છે કે તેઓ જનતાના મૂડ અને મિજાજને જોઈને પોતાની રણનીતિમાં બદલાવ કરે. લચીલાપણાનો આ અભાવ રાહુલને રાજકીય રૂપે નુક્સાન જ પહોંચાડી રહ્યો છે, પરંતુ આ બધું તેમની સમજની બહાર છે.

કોંગ્રેસ સંસદમાં અદાણી મુદ્દાની સાથે મણિપુરની હિંસાને પણ મુદ્દો બનાવી રહી છે, પરંતુ એ સ્પષ્ટ છે કે તેના નિશાના પર અદાણી જ છે. નિઃસંદેહ શાંત થતું મણિપુર ફરીથી અશાંત થઈ ગયું છે અને ત્યાંની હાલત પર સંસદમાં ચર્ચા થવી જોઈએ, પરંતુ કોંગ્રેસનો ઉદ્દેશ્ય હંગામો કરવાનો જ વધારે દેખાય છે. આખરે હોબાળો કરવો યોગ્ય છે કે પછી મણિપુર કે અન્ય મુદ્દે સંસદમાં ગંભીર ચર્ચા? સામાન્ય રીતે કોંગ્રેસ અને અન્ય વિપક્ષી દળો સંસદ સત્ર શરૂ થતાં પહેલાં જે મુદ્દા સમાચારોમાં આવ્યા હોય છે તેને જ જગાવવા લાગે છે. તેનો કશો વાંધો નહીં, પરંતુ તેઓ શિક્ષણ, સ્વાસ્થ્ય અને પર્યાવરણ સહિત રાષ્ટ્રીય મહત્ત્વના અન્ય મુદ્દાઓ પર પણ કોઈ ધ્યાન કેમ નથી આપતા? એવું તો નથી કે આ મુદ્દા જનતાને પ્રભાવિત ન કરતા હોય. એ ઠીક નથી કે વિપક્ષ સંસદમાં જનતાના જીવન સાથે જોડાયેલા વાસ્તવિક મુદ્દા ઉઠાવવા માટે ના તો કોઈ પ્રયત્ન કરે છે કે ના તેમની કોઈ એવી તૈયારી પણ હોય છે!

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પીજીવીસીએલની સુપ્રી. ઈજનેરની કચેરી ન હોવાથી વ્યાપક હાલાકી

### ૧૧ વર્ષ પૂર્વે અલગ જિલ્લો થવા છતાં જામનગરના ધક્કા

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૧૧

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હાલ જિલ્લા કક્ષાની વીજ તંત્રની સુપ્રિન્ટેન્ડેન્ટ ઈજનેરની કચેરી ન હોવાથી અહીંના અરજદારોને તેમજ અન્ય કામગીરી માટે જામનગર સુધીના ધક્કા થતા હોવાની બાબતે ભારે કચવાટની લાગણી જોવા મળી રહી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લો જામનગરથી અલગ થયાને ૧૧ વર્ષ કરતા વધુ સમય થઈ ગયો છે. તેમ છતાં પણ પશ્ચિમ ગુજરાત વીજ કંપનીની સુપ્રિન્ટેન્ડેન્ટ ઈજનેરની વર્તુળ કચેરી હજુ પણ અહીં કાર્યરત બની નથી. પરિણામે જિલ્લાના તમામ ચાર તાલુકાઓના અરજદારોને વિવિધ કામગીરી માટે જામનગર સુધી લાંબુ થવું પડે છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાની પીજીવીસીએલની સ્થિતિ હાલ જોઈએ તો અહીં ખંભાળિયા અને દ્વારકા એમ બે ડિવિઝન આવેલા છે.

શરૂઆતમાં માત્ર ખંભાળિયા ડિવિઝન હતું. હવે દ્વારકામાં કલ્યાણપુર તેમજ ખંભાળિયામાં ભાણવડ સબ ડિવિઝનનો સમાવેશ થાય છે. ખંભાળિયા ડિવિઝન હેઠળ ખંભાળિયા શહેર અને ગ્રામ્ય તેમજ વડત્રા અને રામનગર સાથે ભાણવડ એમ પાંચ સબ ડિવિઝન આવેલા છે. જેમાં અહીંના ૧૧૫ ગામોમાં ૧૫૨ ફીડરો અને ૩૦,૨૬૦ ટ્રાન્સફોર્મરો સાથેની વીજ લાઈનો કાર્યરત છે. જેમાં ૧,૧૩,૨૦૦ જેટલા વીજ જોડાણો આવેલા છે. દ્વારકા પીજીવીસીએલ સબ ડિવિઝનમાં દ્વારકા શહેર, દ્વારકા ગ્રામ્ય, ઓખા તેમજ કલ્યાણપુર, રાવલ અને ભાટિયા વિગેરે સબ ડિવિઝનમાં ૧૧૭ ગામોમાં ૧૬૫ ફીડરોમાં ૨૭,૧૨૫ ટ્રાન્સફોર્મરોમાં ૧,૦૮,૪૧૦ વીજ કનેક્શન કાર્યરત છે. આમ, જિલ્લામાં સવા બે લાખ જેટલા વીજ જોડાણમાં દર મહિને વીજતંત્રને કરોડો રૂપિયાની આવક થાય છે. જિલ્લાના તમામ ચાર તાલુકાઓની વર્તુળ કચેરી જામનગર ખાતે આવેલી છે. જ્યારે ઓખાથી પડધરી સુધી આ મુખ્ય ડિવિઝનના ૨૪૦ કિ.મી.સુધીના વિસ્તારના કામનું મુખ્ય કચેરીમાં ખૂબ જ ભારણ હોવાથી કોઈપણ પ્રકારની મંજૂરી જેવી પ્રક્રિયા માટે લાંબો સમય પસાર થઈ જાય છે. પીજીવીસીએલ કચેરી જામનગર હોવાથી વ્યાપક નુકસાની તેમજ હાલાકીના એક ઉદાહરણમાં ડિસેમ્બર ૨૦૨૪ની પરિસ્થિતિ બંને જિલ્લામાં ખેતીવાડી વીજ જોડાણોની અરજીની સ્થિતિ જોઈએ તો હાલ ૧,૧૪૫ છે. તેમાંથી જામનગરની માત્ર ૧૭૭ અને દ્વારકા જિલ્લાની ૯૬૮ અરજી છે. ત્યારે પીજીવીસીએલની મુખ્ય જિલ્લા કચેરી જામનગર ખાતે હોવાથી દ્વારકાની જનતાને લાંબો સમય પ્રતીક્ષા કરવી પડે છે. ઓખાની અરજી પહેલા દ્વારકા કાર્યપાલક ઈજનેર પાસે જાય, તે પછી જામનગર જાય પછી જ નિયત પ્રક્રિયા થઈ શકે છે. આ તમામ પ્રક્રિયામાં લાંબો સમય પસાર થઈ જાય છે. જેથી દેવભૂમિ દ્વારકા જિલ્લાની અલગ વર્તુળ કચેરી કરવી અનિવાર્ય બની રહી છે. ઓગસ્ટ ૨૦૧૩ માં જામનગરમાંથી દેવભૂમિ દ્વારકા જિલ્લો અલગ થયો છે. ત્યારે આશરે સદા અગિયાર વર્ષ થવા છતાં પણ અહીં પીજીવીસીએલની જિલ્લા કક્ષાની વર્તુળ કચેરી મળી નથી. જો આ કચેરી અહીં કાર્યરત થઈ જાય તો લોકોના ઘણા પ્રશ્નો હલ થઈ જાય તેમજ પ્રક્રિયા પણ ઝડપી બની જાય. અહીંના ધારાસભ્ય મુળુભાઈ બેરા રાજ્યના કેબિનેટ મંત્રી છે. તેમજ સાંસદ પૂનમબેન માડમ પણ ખૂબ જ સક્રિય છે. ત્યારે દ્વારકા જિલ્લાની આ સગવડતાના મુદ્દે મુખ્યમંત્રીને રજૂઆત કરી, તુરંત યોગ્ય કરવામાં આવે તેવી વ્યાપક લોકમાંગ ઉઠવા પામી છે.

**ખંભાળિયાના ગ્રામ્ય વિસ્તારમાંથી ૨૩ લાખની વીજ ચોરી પકડાઈ**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકામાં પીજીવીસીએલની ઉચ્ચ કક્ષાએથી આવેલી વિવિધ ચેકિંગ ટુકડી દ્વારા પોલીસ તંત્રને સાથે રાખીને તાજેતરમાં ચેકિંગ કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં ખંભાળિયા તાલુકાના વિરમદળ, ભાણખોખરી, ભીંડા, ફોટ, ભંડારીયા, સુતારીયા, સહિતના ગામોમાં કરવામાં આવેલી વીજ ચેકિંગની આ કામગીરી દરમ્યાન ખેતીવાડી તેમજ ઘર વપરાશના વિવિધ જોડાણમાં રૂા.૨૩ લાખ જેટલી વીજ ચોરી પકડાઈ હતી. તેમાં દંડાત્મક બિલ ફટકારવામાં આવ્યા હતા.

# ખંભાળિયા નજીક ઝડપાયેલી ખનીજ ચોરી પ્રકરણમાં સંડોવાયેલા ત્રણ આરોપીઓને કેદ તથા દંડની સજા

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૧૧

ખંભાળિયા દ્વારકા માર્ગ ઉપર ગત તારીખ ૧૮ એપ્રિલ ૨૦૧૯ના રોજ સવારના સમયે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભૂસ્તરશાસ્ત્રી અને રોયલ્ટી ઈન્સ્પેક્ટર બી.જે. ડોડીયા, માઈન્સ સુપરવાઈઝર હર્ષદભાઈ પ્રજાપતિ તથા સર્વેયર આર.બી. ગરસણીયા દ્વારા પોલીસ સ્ટાફને સાથે રાખીને ખનીજ ચોરી અંગેની પેટ્રોલિંગ કામગીરી કરવામાં આવી હતી. તે દરમ્યાન આ માર્ગ ઉપરથી પસાર થઈ રહેલા જી.જે. ૧૦ યુ. ૩૮૬૨ અને જી.જે. ૧૦ યુ. ૬૭૧૯ અને જી.જે. ૧૦ યુ. ૭૯૭૬ નંબરના જુદા જુદા ત્રણ ટ્રકોને અટકાવી ચેકિંગ કરતા આ ટ્રકમાંથી બિલ્ડીંગ લાઈમ સ્ટોનનો જથ્થો મળી આવ્યો હતો. આ પ્રકરણમાં અનઅધિકૃત રીતે રોયલ્ટી કે આધાર પુરાવા વગર બિલ્ડીંગ લાઈમ સ્ટોન (દંગડા પથ્થર)ની ૧૦- ૧૦ ટન જેટલી ખનીજ ચોરી ખુલતા આ પ્રકરણમાં કુલ રૂપિયા ૭.૬૫ લાખનો મુદ્દામાલ કબજે કરી, આ અંગે ભૂસ્તરશાસ્ત્રી હર્ષદ જી. પ્રજાપતિ દ્વારા અહીંના પોલીસ મથકમાં ઢેબર ગામના રહીશ આરોપી યુસુફ અબ્દુલ હિંગોરા, હારુન મુસા હિંગોરા અને આમદ અલ્લારખા હિંગોરા સામે ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જેને અનુલક્ષીને પોલીસે આઈ.પી.સી. તથા માઈન્સ એન્ડ મિનરલ ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન એક્ટ વિગેરે મુજબ ગુનો નોંધી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈને આ પ્રકરણ સંદર્ભે અહીંની કોર્ટમાં ચાર્જસીટ દાખલ કરવામાં આવ્યું હતું. આ અંગેનો કેસ ખંભાળિયાના નામદાર એડિશનલ સેશન્સ અને સ્પેશિયલ કોર્ટમાં ચાલી જતા જજ શ્રી એસ.જી. મનસૂરી દ્વારા દસ સાક્ષીઓની તપાસ તેમજ ફરિયાદીને જુબાની સાથે વિવિધ દસ્તાવેજી પુરાવાઓ અને રોજકામને ધ્યાને લઈ અને જિલ્લા સરકારી વકીલ એલ.આર. ચાવડા દ્વારા કરવામાં આવેલી લંબાણપૂર્વકની દલીલોને ધ્યાને લઈને નામદાર અદાલતે તમામ ત્રણ આરોપીઓને ત્રણ-ત્રણ વર્ષની સખત કેદની સજા તેમજ પ્રત્યેક આરોપીને રૂપિયા ૧૦-૧૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

# ખંભાળિયામાં બાર એસોસિએશનના હોદેદારોની વરણી

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૧૧

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે તાજેતરમાં વકીલ બાર એસોસિએશનની એક મિટિંગ યોજવામાં આવી હતી. જેમાં આગામી વર્ષના હોદેદારોની નિયુક્તિ કરવામાં આવી હતી. ખંભાળિયા બાર એસોસિએશનના વર્ષ ૨૦૨૫ ના પ્રતિનિધિઓ માટે યોજાયેલી ખાસ બેઠકમાં આગામી વર્ષના પ્રમુખ તરીકે વધુ એક વખત સિનિયર એડવોકેટ સંજયભાઈ જે. જોશીની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. જ્યારે ઉપપ્રમુખ તરીકે કે.જે. ઉપાધ્યાય અને એસ.એ. ભંડેરી, સેક્રેટરી તરીકે એસ.એલ. માતંગ અને જોઈન્ટ સેક્રેટરી તરીકે જે.ડી. છેતરીયા, લાઈબ્રેરીયન તરીકે એસ.એચ. જાડેજા અને ખજાનચી તરીકે આર.એમ. જામની નિમણૂક કરવામાં આવી છે. નવનિયુક્ત હોદેદારોને ઉપસ્થિતોએ આવકારીને શુભેચ્છાઓ પાઠવી હતી.

# ખંભાળિયાની યુથ આઈકોન જાહ્નવી સોનૈયાએ વધાર્યું રઘુવંશી જ્ઞાતિનું ગૌરવ






## મુંબઈમાં મહાપરિષદ દ્વારા સાંપળ્યું અદકેરૂ સન્માન

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૧૧

ખંભાળિયાના અગ્રણી રઘુવંશી સેવાભાવી કાર્યકર જયસુખભાઈ સોનૈયાની સુપુત્રી જાહ્નવી સોનૈયાએ તેની કોઠાસૂઝ અને આવડતથી ફક્ત હાલાર પંથક કે દેશમાં જ નહીં પરંતુ વિદેશમાં પણ ખ્યાતિ મેળવીને રઘુવંશી જ્ઞાતિનું નામ રોશન કર્યું છે. તે બદલ તાજેતરમાં મુંબઈ ખાતે લોહાણા મહાપરિષદ દ્વારા શ્રેષ્ઠ રઘુવંશી યુવા પ્રતિભા એવોર્ડથી તેમનું ખાસ સન્માન કરવામાં આવ્યું હતું. જાહ્નવી જયસુખભાઈ સોનૈયા દ્વારા ઉચ્ચ અભ્યાસ કરી અને અગ્રણી દૈનિક ડી.એન.એ., ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, દિવ્ય ભાસ્કર, વિગેરેમાં કામ કરી ઈન્ડો એશિયન ન્યુ સર્વિસમાં સારૂ એવું નામ મેળવ્યું છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ રાજકીય વિશ્લેષક બનેલી જાહ્નવી સોનૈયાએ જી - ૨૦ સમિટમાં ભારત તરફથી ખાસ ઉપસ્થિત રહી, અને ડિપ્લોમા હેડ તરીકે કામ કર્યું હતું. તેઓ રશિયા થાઈલેન્ડ, બ્રિક્સ પ્લસ ફોરમ વિગેરે દેશોમાં પણ ભારતનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે. આ તમામ ઉજળી પ્રતિભાઓને ધ્યાને લઈ, અને તાજેતરમાં મુંબઈમાં વિલે પારલે સ્થિત જલારામ હોલ ખાતે યોજવામાં આવેલા સમગ્ર વિશ્વના રઘુવંશી પરિવારજનો, મહાનુભાવોની ઉપસ્થિતિમાં જાહ્નવી જયસુખભાઈ સોનૈયાને યુવા પ્રતિભા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન સમારોહ પ્રસંગે લોહાણા મહા પરિષદના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણી તેમજ જામનગરના પૂજ્ય શ્રી દેવીપ્રસાદ દ્વારા જાહ્નવીના એવોર્ડ તેમના પિતા જયસુખભાઈ સોનૈયા (પીંડારાવારા) અને માતા હીનાબેનને અર્પણ કરવામાં આવ્યો હતો. આ સિદ્ધિ બદલ ખંભાળિયા સહિતના રઘુવંશી જ્ઞાતિના આગેવાનો, વિગેરે દ્વારા જાહ્નવી તથા તેણીના પિતા જયસુખભાઈ સોનૈયાને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

તમારો આહાર જ તમારી ઔષધિ છે.

- શ્રી રામશર્મા આચાય

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.તીર-૧૩૯૪, મુ. જમાદુલ આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, માગસર સુદ-૧૧ મોક્ષદા એકાદશી, શ્રી ગીતા જયંતિ, જૈન મૌની એકાદશી, પંચક (સવારે ૧૧:૪૮ ક.થી સમાપ્ત) તા.૧૧ ડિસેમ્બર ૨૦૨૪, બુધવાર, પારસી તા.૨૯, મુસ્લિમ તા.૯, રેવતી નક્ષત્ર, વરિયાન યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૭:૨૨, સૂ.અ.૬:૦૫

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ), સવારે ૧૧:૪૮ ક. પછી જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મોઢે આવેલો કોળિયો છીનવાઈ જાય. પડવાથી સંભાળવું.
વૃષભ:આરોગ્ય અંગે સાવચેત રહેવું હિતાવહ. અણધાર્યો લાભ થાય.
મિથુન:શત્રુઓ નમતા આવે. મનની મુરાદ બર આવે.
કર્ક: કાર્યબોજમાં વધારો થાય. વાણી સંયમ જાળવવો હિતાવહ.
સિંહ: મહત્વના પ્રશ્નોમાં ગુંચવણ પેદા થાય. મિલન-મુલાકાત સફળ બ
કન્યા: મિલ્કતને લગતા પ્રશ્નોમાં વિઘ્ન આવે. પ્રવાસ દ્વારા લાભ મળે.
તુલા: મનમાં ચંચળતા રહે. કાર્યબોજમાં વધારો થાય.
વૃશ્ચિક:વાદ-વિવાદથી દૂર રહેવું હિતાવહ. સંતાન બાબતે ચિંતા રહે.
ધન: ભાગીદારી કે જીવનસાથી સાથે મતભેદ રહે.
મકર: લાભની તક મળે. મહત્વની કામગીરીમાં પ્રગતિ થાય.
કુંભ: ગૃહજીવનમાં આનંદ-ઉત્સાહ રહે. કાર્યનું આયોજન થાય.
મીન: અણધાર્યો પ્રવાસ થાય. નવિન ખરીદીના યોગ છે.

## રાજય સરકાર દ્વારા જંત્રીનાં દરમાં વધારો કરાતા

# અલગ-અલગ શહેરોમાં રેલી યોજી દેખાવો કરી બિલ્ડરોએ કલેક્ટરને આપ્યાં આવેદનપત્ર

### અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ વગેરેના બિલ્ડરો મેદાનમાં; વધારો પાછો ખેંચવાની માંગણી કરાઈ

અમદાવાદ, તા.૧૧

રાજ્ય સરકાર દ્વારા જંત્રીના સૂચિત દરમાં વધારો જાહેર કરી વાંધા-સૂચનો મંગાવવાની હાથ ધરાયેલી કામગીરી દરમ્યાન આ વધારો તોતિંગ હોઈ અને તેને લઈ સામાન્ય માણસને ઘર બનાવવું ઘણું મોંઘું થાય તેમ હોવાને લઈ રાજ્યભરમાં વિરોધ ફેલાઈ રહ્યો છે. જેમાં હવે જંત્રીના સૂચિત દરમાં કરાયેલા તોતિંગ વધારાની સામે બિલ્ડર્સે સરકાર સામે બાંયો ચડાવી છે. સરકારે વાંધા અરજી રજૂ કરવા માટેની મુદત તો એક મહિનો વધારી આપી છે. જંત્રીદરમાં કરાયેલા સૂચિત વધારાનો જો અમલ કરવામાં આવે તો મકાનના ભાવમાં ૩૦થી ૪૦ ટકાનો વધારો થવાની ભીતિ વ્યક્ત કરી આ અસહ્ય વધારો પરત લેવાની માગ ઉઠવા પામી છે. જંત્રીદરમાં કરાયેલા સૂચિત વધારાના વિરોધમાં અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત સહિતનાં શહેરોમાં રેલી યોજી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા નવી સૂચિત જંત્રીમાં સરેરાશ ૨૦૦થી ૨૦૦૦ ટકા સુધીનો વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. આ જંત્રીના અમલ સામે બિલ્ડર એસોસિયેશન દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો છે. આ જંત્રી કોઈપણ સંજોગોમાં સ્વીકારવા લાયક નથી એવું નક્કી કરી રાજકોટના બિલ્ડરો દ્વારા રેલી યોજી જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી જંત્રી વધારો પાછો ખેંચવા તેમજ આ જંત્રીનો અમલ ૩૧ માર્ચ સુધી રોકી દેવા અનુરોધ કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટમાં **TRP** ગેમઝોન અગ્નિકાંડ બાદ છેલ્લા ૬ મહિનાથી રાજકોટ બાંધકામ વ્યવસાય મૃતપાય હાલતમાં હોવાનો દાવો બિલ્ડર એસોશિએશન દ્વારા કરવામાં આવ્યો છે અને આના થકી મનપાને આ વર્ષે ૫૦થી ૧૦૦ કરોડનું નુકશાન થશે જયારે સરકારને પણ સ્ટેમ્પ ડ્યુટીની આવકમાં મોટો ઘટાડો થવાનો છે.

દોઢ વર્ષ સરકારે જંત્રીમાં સર્વે કરી ૨૦ નવેમ્બર ૨૦૨૪ના રોજ સૂચિત જંત્રીની જાહેરાત કરી દીધી છે. રાજ્યમાં ૪૦ હજાર વેલ્યૂઝોન છે. જેમાંથી ૧૭ હજાર અર્બન વિસ્તારમાં અને ૨૩ હજાર ગ્રામ્ય વિસ્તારમાં વેલ્યૂઝોન આવેલા છે. સરકારે પોતે દોઢ વર્ષ સર્વે માટે લીધો અને જનતાને સૂચન માટે માત્ર ૧ મહિનાનો સમય આપ્યો તે વાજબી નથી. એસોસિયેશનના સર્વે પ્રમાણે નવી સૂચિત જંત્રીમાં ૨૦૦થી ૨૦૦૦ ટકાનો વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. જેથી રિવ્યૂ કરવા માટે ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીનો સમય આપવાની માંગણી કરવામાં આવી છે. રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે, જંત્રી દરમાં વધારા મામલે રજૂઆતો મળી રહી છે. સરકાર દ્વારા પણ રજુઆત ધ્યાનમાં રાખી ઓફલાઈન વાંધા અરજી સ્વીકારવાનું શરૂ કર્યું છે.રાજકોટમાં અત્યારસુધી ૧૫૦ જેટલી વાંધા અરજી મળી છે જેનો અભ્યાસ કમિટી દ્વારા કરવામાં આવશે. જિલ્લા કલેકટર અધ્યક્ષતામાં આ કમિટી અભ્યાસ કરી સરકાર સુધી આ વાંધા અરજી અંગે રજુઆત પહોંચાડવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા જંત્રીના નવા સૂચિત દરના કારણે શહેરનો વિકાસ રૂંધાય કે વધારે ધીમો થાય તેવી શક્યતાઓને લઈ આ દરો પરત લેવાય તેવી માંગ સાથે વડોદરા બિલ્ડર અને ડેવલોપર્સ ભેગા મળી રેલી સ્વરૂપે કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર આપી પોતાની રજૂઆત કરી હતી. જેમાં મોટી સંખ્યામાં બિલ્ડરો અને ડેવલોપર્સ સહિત અસરગ્રત ખેડૂતો હાજર રહ્યા હતા. સરકારના આ નિર્ણય સામે બિલ્ડરોનું કહેવું છે કે, સરકાર દ્વારા જંત્રીના જે સૂચિત દર નક્કી કરવામાં આવ્યા છે, તે દર વાસ્તવિકતાથી વિપરીત છે. જંત્રી નક્કી કરતા સમયે જમીનના હાલના બજાર ભાવ, રિયાલીસ્ટીક માર્કેટ તેમજ સાયન્ટીફિક ગણતરી કરવામાં આવી હોય તેમ લાગતું નથી. જેના કારણે જો, હાલની સૂચિત જંત્રી લાગુ કરવામાં આવે તો મકાન, દુકાન અને ફ્લેટના ભાવમાં ૫૦થી ૧૦૦ ટકાનો વધારો આવશે તે નક્કી છે. વર્ષ ૨૦૧૧ની જંત્રી કરતાં ૨ હજાર ટકા કરતાં વધારે વધારો જોવા મળી રહ્યો છે. આ જંત્રીના ભાવમાં થયેલો વધારો સામાન્ય



જનતા ઉપર ભારે અસર કરશે જેથી આટલા મોટાં ધરખમ વધારાને સરકારે પરત લેવો જોઈએ. આ બાબતનો વિરોધ નોંધાવવા માટે ક્રેડાઈ તથા અન્ય અસરગ્રસ્ત ખેડૂતો સહિત કેટલીક સંસ્થાઓ પણ જોડાઈ છે. આ અંગે રાજ્યના મુખ્યમંત્રી સાથે પણ બેઠક કરવામાં આવી છે. આ બાબતે પણ જ્યાં પણ ધરખમ વધારો થયો છે ત્યાં તે બાબતે ફરી વિચારણા થશે તેવી વાત કરવામાં આવી છે અને હૈયાધારણા આપ્યાં બાદ નિર્ણય લેવાશે તેવી વાત કરવામા આવી છે. જંત્રીના ભાવ અંગે એસી કેબીનમાં બેસીને જંત્રી નક્કી કરવામાં આવી છે એવી રીતે ન હોવું જોઈએ. યોગ્ય વેલ્યુએશનના આધારે જંત્રીનો ભાવ નક્કી કરવો જોઈએ તેવી અમારી માંગ છે. સુરતના બિલ્ડરો દ્વારા મોટી સંખ્યામાં જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપીનેજંત્રીમાં કરેલા ધરખમ વધારાને લઈને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. સરકાર દ્વારા મન ફાવે તે રીતે જંત્રીના ભાવમાં વધારો કરી દેવાયો છે કયા વિસ્તારમાં કેવી રીતે સર્વે કરવામાં આવ્યો છે તે પણ કોઈ ખુલાસો કરવામાં આવી રહ્યો નથી. આટલા વર્ષોથી રિયલ એસ્ટેટ ક્ષેત્રની અંદર કામ કર્યા પછી જંત્રીમાં એકાએક સરકારે કયા કારણસર વધારો કર્યો છે તે સમજાતું નથી. તેમ બિલ્ડરોએ જણાવી માત્ર જંત્રી નહીં પરંતુ તેના કારણે અન્ય પ્રક્રિયાઓમાં પણ ગ્રાહકોએ વધુ રૂપિયા ચૂકવવા પડશે જેને કારણે ફ્લેટના હાલ જે ભાવ છે તેમાં ૩૦થી ૪૦ ટકા જેટલો વધારો થશે. તેમ જણાવ્યું હતું. સરકારનો નિર્ણય યોગ્ય નથી. જંત્રીના ભાવમાં થયેલા વધારાને કારણે તેને ખૂબ મોટી અસર રીયલ એસ્ટેટ ઉપર થવાની છે. માત્ર બિલ્ડરો ઉપર જ નહીં પરંતુ ગ્રાહક તરીકે સામાન્ય પરિવારના લોકો જે ઘર ખરીદશે તેમને પણ ખૂબ મોટી કિંમત ચૂકવવી પડવાની છે. ૩ જાન્યુઆરીના દિવસે ગુજરાત બિલ્ડર કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતના તમામ બિલ્ડર્સ તેમજ તેની સાથે સંકળાયેલા લોકો હાજર રહેવાના છે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી તેમજ સંબંધિત વિભાગના મંત્રીઓ પણ હાજર રહેવાના છે તેમાં જંત્રી બાબતે રજૂઆત કરાશે છે રાજ્યના પ્રવર્તમાન જંત્રીના દરમાં કરેલ અસહ્ય વધારાનાં વિરોધમાં ગાંધીનગરના બિલ્ડરો પણ મેદાને આવ્યા છે. કલેકટરને આવેદન આપી ભાવ વધારો પાછો ખેંચવા તેઓએ માંગ કરી છે. આ જંત્રીના અમલ સામે ક્રેડાઈ અને બિલ્ડર એસોસિએશન દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો છે. જે અન્વયે અન્ય જિલ્લાઓની માફક ગાંધીનગરના બિલ્ડરો દ્વારા કલેકટરને આવેદન પત્ર આપી જંત્રી વધારો પાછો ખેંચવા તેમજ આ જંત્રીનો અમલ ૩૧ માર્ચ સુધી રોકી દેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## 'વન નેશન, વન ઈલેક્શન'નો ખરડો સંસદના ચાલુ સત્રમાં આવી રહ્યો છે, શું સર્વસંમતિ પ્રાપ્ત કરી શકાશે ?

નવી દિલ્હી,તા.૧૧

લગભગ તમામ વિરોધપક્ષોએ વિરોધ કર્યા છતાં એવું લાગે છે કે મોદી સરકારે વન નેશન વન ઈલેકશનની દિશામાં ઝડપથી ડગલા માંડવાનું શરૂ કર્યું છે. સંસદના ચાલુ સત્રમાં જ કેન્દ્ર સરકાર આ અંગેનો ખરડો લાવી શકે છે. લાંબા સમયથી મોદી સરકાર આ દિશામાં ખૂબ સક્રીય બની છે. તેમ જાણકાર સૂત્રોએ જણાવ્યું હતું. થોડા સમયે પહેલા જ આ દરખાસ્ત ઉપર એટલે કે એક સાથે ચૂંટણીઓ યોજવાના મુદ્દા ઉપર રચાયેલી રામનાથ કોવિંદ કમિટીએ આપેલો અહેવાલ મોદી કેબિનેટ મંજુર કરી ચુકી છે. વધુ મોટાપાયે સમર્થન અને વ્યાપક સંમતિ મેળવવા સરકાર આ ખરડો ચર્ચા માટે જેપીસીને સોંપી શકે છે. જેથી કરીનો તમામ રાજકીય પક્ષોના અભિપ્રાય અનો મન જાણી શકાશે.




જેપીસીનો બિલ સોંપવાથી તમામ હિતધારકો એટલે કે રાજયની વિધાનસભાઓના સ્પીકર તેમજ બૌદ્ધિક વર્ગને પણ એમના મંતવ્ય રજુ કરવાની તક મળશે. જનતાના અભિપ્રાય પણ જાણવાની કવાયત થઈ શકે છે. હાલ તુરત તો આ મુદ્દા ઉપર કોઈ નિર્ણાયક કે ખાતરી સભર સર્વસંમતિ થઈ શકે નથી. એટલે આ વિચારનો અમલ સરકાર માટે પડકારરૂપ બનશે જ. વન નેશન વન ઈલેકશનનો અમલ કરવો હોય તો બંધારણમાં સુધારો કરવા જરૂરી રહેશે અને એ માટે કમસેકમ છ ખરડા સંસદમાં પસાર કરાવવા પડે અને એ માટે સરકારને સંસદમાં બે તૃત્યાંશ બહુમતીની જરૂર પડે. ભાજપ પ્રેરિત એનડીએ પાસે અત્યારે સંસદના બંને ગૃહોમાં સાદી બહુમતી છે. એટલે બંધારણ સુધારા માટે આટલી મોટી બહુમતી સીદ્ધકરવાનું કાર્ય સરકાર માટે કપરાં ચઢાણ સમાન બની રહેશે. સરકાર તરફથી એવી દલીલ થઈ રહી છે કે એક સાથે લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણીઓ થાય તો સમય, સંસાધનો તેમજ નાણાનો બચાવ થશે. અલગ અલગ ચૂંટણીઓ થાય છે ત્યારે વિકાસના કામો અટકી પડતાં હોય છે. બીજી તરફ વિરોધ પક્ષો આ વિચારને ખામીભર્યા ગણાવે છે. વિપક્ષનું કહેવું છે કે આ દરખાસ્ત સામે ઘણા મોટા પડકારો ઉભા થઈ શકે છે એટલું જ નહીં આ વિચાર જ બિનલોકશાહી અને ગેરબંધારણીય છે. કોવિંદ સમિતિએ તો ૨૦૨૯ પછી આ સિસ્ટમ અમલમાં મુકવાનું સૂચવ્યું હતું. પરંતુ મોદી સરકાર ઉતાવળે આગળ વધવા માંગે છે એવું લાગે છે.

## નલિયામાં ધ્રૂજાવી દેતી ઠંડીનો પ્રારંભ : સિઝનમાં પ્રથમવાર તાપમાનનો પારો ૮ ડિગ્રીથી નીચે

અમદાવાદ, તા.૧૧

હાલ ગુજરાતમાં ધ્રૂજાવી દેતી ઠંડીની શરૂઆત થઈ છે. ડિસેમ્બર માસના બીજા સપ્તાહની શરૂઆતથી જ શિયાળો બરાબર જામ્યો છે. રાજયભરમાં તમામ જિલ્લાઓમાં લઘુતમ તાપમાન ઘટતાં જાણે સમગ્ર ગુજરાતવાસીઓ ઠંડીથી ઠૂઠવાઈ ગયા હોય એવી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે હજુ પણ આગામી દિવસોમાં ઠંડીનું જોર યથાવત્ રહેવાની હવામાન વિભાગે આગાહી વ્યકત કરી છે. ઉલ્લેખનીય છે કે હાલમાં ગુજરાત ઉપર આવતા પવનો ઉત્તર-પશ્ચિમ દિશાથી આવી રહ્યા છે, તેથી ઠંડા પવનો ગુજરાત ઉપર આવતાં તાપમાનમાં ઘટાડો થયો છે. આ સાથે જ ગત મોડીરાત્રે મધ્ય ગુજરાતના ભાગોમાં પવનની ગતિ પણ સામાન્ય કરતાં થોડા અંશે વધુ અનુભવાય રહી હતી, જેને કારણે ઠંડા પવનો ફૂંકાતાં ઠંડીનો અનુભવ વધુ થયો હતો. રાજ્યમાં જ્યાં સામાન્ય રીતે સૌથી ઓછું લઘુતમ તાપમાન નોંધાવાતું હોય છે તેવા નલિયામાં સતત બીજા દિવસે રાજયનું સૌથી ઓછું લઘુતમ તાપમાન નોંધાયું હતું, જે આ વર્ષનું સૌથી ઓછું લઘુતમ તાપમાન પણ છે.

## રાજ્યમાં PMJAY યોજના હેઠળ સારવારમાં ગેરરીતિ બદલ વધુ પાંચ હોસ્પિટલો સસ્પેન્ડ

ગાંધીનગર, તા.૧૧

રાજ્ય ભરમાં ખ્યાતિ હોસ્પિટલના ચર્ચાસ્પદ બનાવની વ્યાપક ચર્ચા તથા પ્રત્યાઘાતો બાદ એકશનમાં આવેલી રાજ્ય સરકાર એક પછી એક એક્શન લઈ રહી છે. જેમાં ખાસ કરીને **PMJAY** તાજેતરમાં આ યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી ઘટનાઓ સામે આવતા તેને લઈને રાજ્યના આરોગ્ય વિભાગે આ હોસ્પિટલ્સ અને ડોક્ટર્સ સામે કડકમાં કડક કાર્યવાહી આરંભી છે. **PMJAY** યોજના અંતર્ગતની **SAFU** (સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટ) એ તજજ્ઞ તબીબોની ટીમ સાથે રાખીને રાજ્યમાં આ યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી શંકાસ્પદ હોસ્પિટલ્સની મુલાકાત કરી હતી. જેના અંતર્ગત ગત અઠવાડિયામાં રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં ૫ હોસ્પિટલ અને ૨ ડોક્ટરની ગેરરીતિઓ સામે આવી છે. આવતા કડક પગલા લેવાના આદેશો જારી કરાયા છે. પાટણ જિલ્લાની હિર ચિલ્ડ્રન હોસ્પિટલ, નિષ્કા ચિલ્ડ્રન હોસ્પિટલ અને નિયોનેટલ કેર, દાહોદ જિલ્લાની સોનલ હોસ્પિટલ, અમદાવાદ જિલ્લાની સેન્ટારા ઓર્થોપેડિક હોસ્પિટલ અને અરવલ્લી જિલ્લાની શ્રી જલારામ ચિલ્ડ્રન હોસ્પિટલમાં વિવિધ ત્રુટીઓ અને ગેરરીતિ જણાઈ આવતા **PMJAY**માં યોજનામાંથી સરકાર દ્વારા સસ્પેન્ડ કરવામાં આવી છે. પાટણની હિર હોસ્પિટલમાં મુલાકાત દરમિયાન પ્રી-ઓથ દરમ્યાન કુલ ૯૧ જેટલા લેબ રિપોર્ટમાં છેડછાડ અને નિઓનેટલ કેરમાં હાયર પેકેજ સિલેક્ટ કર્યા હોવાનું માલુમ પડ્યું . જેથી હિર હોસ્પિટલ અને તેમાં ફરજરત ડૉ. હિરેન પટેલને યોજના અંતર્ગત સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. હેલ્થ સ્પ્રિંગ ૨૪ પેથોલોજી લેબોરેટરી પાટણને પણ આ યોજના અંતર્ગત સસ્પેન્ડ કરાયા છે. વધુમાં હોસ્પિટલમાં રૂા.૫૦,૨૭,૭૦૦ની રીકવરી અને પેનલ્ટી પણ કરાઈ છે.

પાટણની નિષ્કા ચિલ્ડ્રન હોસ્પિટલ અને નીયોનેટલ કેર સેન્ટરમાં પ્રિ-ઓથ દરમ્યાન કુલ ૬૦ જેટલા રિપોર્ટમાં છેડછાડ અને હોસ્પિટલ દ્વારા જે લેબોરેટરીનું ટાઈઅપ કરેલ છે તેમની પાસે દર્દીના લેબ રીપોર્ટ માંગવામાં આવતા રીપોર્ટ ઉપલબ્ધ ન હોવાનું જણાઈ આવ્યું. જેથી હોસ્પિટલ તેમજ હોસ્પિટલમાં ફરજરત ડૉ. દિવ્યેશ શાહને યોજના અંતર્ગત સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. વધુમાં શિવ ડાયગ્નોસ્ટિક લેબોરેટરી, પાટણને પણ આ યોજના અંતર્ગત સસ્પેન્ડ કરાઈ છે. હોસ્પિટલને કુલ રૂા.૧૫,૧૬,૩૫૦ની રીકવરી અને પેનલ્ટી પણ કરવામાં આવી છે. દાહોદની સોનલ હોસ્પિટલમાં યોજનાની માર્ગદર્શિકા મુજબ મેન પાવર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ન હોવાનું અને ઈન્ફેક્શન કંટ્રોલને લગતી કામગીરીમાં પણ ઉણપ હોવાનું જણાતા આ હોસ્પિટલને પણ સસ્પેન્ડ કરાઈ છે. અમદાવાદની સેન્ટારા ઓર્થોપેડિક હોસ્પિટલમાં ચોથા અને પાંચમાં માળનું બી.યુ. પરમિશન ન હોવાનું તેમજ માર્ગદર્શિકા મુજબ સ્ટાફ અને મોડ્યુલર ઓટીનો અભાવ તથા કેટલીક એકસપાયરી વાળી દવાનો જથ્થો જણાઈ આવતા હોસ્પિટલને બી.યુ. પરમીશન ન મળે તેમજ ઉક્ત ક્ષતિઓની પૂર્તતા ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરાઈ છે. અરવલ્લીની શ્રી જલારામ ચિલ્ડ્રન હોસ્પિટલમાં ફાયર સેફ્ટી સર્ટીફિકેટ એકસપાયર્ડ, તેમજ એન.આઈ.સી.યુ.માં માર્ગદર્શિકા મુજબ વ્યવસ્થા જણાઈ ન આવતા આ હોસ્પિટલને પણ ફાયર સેફ્ટી સર્ટિફિકેટ ન મળે તેમજ જણાઈ આવેલ ક્ષતિઓની પૂર્તતા ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરવામાં આવી છે. વધુમાં **PMJAY** યોજના અંતર્ગતની **SAFU** ટીમ દ્વારા રાજયની અન્ય હોસ્પિટલની પણ મુલાકાત કરવામાં આવી છે. જેમાં હોસ્પિટ્લસની રેકોર્ડ ચકાસણી થઈ રહી છે . આ રેકોર્ડમાં યોજનાની માર્ગદર્શિકાનું ક્યાંય પણ ઉલ્લંઘન થતું હશે તો આ હોસ્પિટ્લ્સ સામે પણ કાર્યવાહી કરવામાં આવશે. અત્રે નોંધનીય છે કે, જાન્યુઆરી-૨૦૨૪થી અત્યારસુધીમાં **PMJAY**-મા યોજના અંતર્ગત ગેરરિતી બદલ કુલ ૧૨ હોસ્પિટલને સસ્પેન્ડ, ડિએમ્પેન્લ્ડ કરવામાં આવી છે.

## બાંગ્લાદેશની સ્થિતિને લઈને સમગ્ર પશ્ચિમ બંગાળમાં વિરોધ પ્રદર્શન, ઢાકાની સાડીઓ સળગાવવામાં આવી

(એજન્સી) તા.૧૧

બાંગ્લાદેશમાં હિન્દુ લઘુમતીઓ ઉપર કથિત અત્યાચારને લઈને તાજેતરમાં પશ્ચિમ બંગાળના વિવિધ ભાગોમાં વિરોધ પ્રદર્શનો થયા હતા. હિન્દુ સંત ચિન્મય કૃષ્ણ દાસની તાત્કાલિક મુક્તિની માગણી સાથે કોલકાતા, કાંથી, કાકદ્વીપ, સંદેશખાલી અને પુરૂલિયામાં હિન્દુત્વ જૂથો દ્વારા આયોજિત વિરોધ રેલીઓમાં સેંકડો લોકોએ ભાગ લીધો હતો. કોલકાતા નજીક સોલ્ટ લેક ઈન્ટરનેશનલ બસ ટર્મિનલની બહાર દેખાવકારો દ્વારા બાંગ્લાદેશની ઢાકાઈ જામદાની સાડીઓને સળગાવી દેવામાં આવી હતી. દેખાવકારોએ બાંગ્લાદેશી સામાનનો બહિષ્કાર કરવાની હાકલ કરી અને ચેતવણી આપી કે જો ત્રિરંગાનું અપમાન અને હિંદુઓ ઉપર હુમલા ચાલુ રહેશે તો ભારતીયો ચૂપ નહીં રહે. એક પ્રદર્શનકારીએ કહ્યું, "અમે બાંગ્લાદેશમાં હિન્દુઓને સતત નિશાન બનાવવા અને ભારત વિરૂદ્ધ નફરતથી પ્રેરિત નિવેદનોની નિંદા કરીએ છીએ. અમે ચૂપ રહીશું નહીં અને જમદાની સાડીઓ સળગાવવાની સાથે અમે લોકોને બાંગ્લાદેશી ઉત્પાદનોનો બહિષ્કાર કરવા વિનંતી કરીએ છીએ.વિરોધમાં ભાગ લેનાર એક વ્યક્તિએ કહ્યું, "આ કેવું બાંગ્લાદેશ છે ? જે લોકો ૧૯૭૧માં આઝાદી માટે લડ્યા હતા તેઓ હવે પોતાનો ઈતિહાસ ભૂંસી રહ્યા છે.'' વિરોધીઓએ સરકારને હિંદુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા બાંગ્લાદેશ સાથે રાજદ્વારી વાટાઘાટો કરવા વિનંતી કરી. કાંઠીમાં વિરોધ રેલીનું નેતૃત્વ કરતા, વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા સુભેન્દુ અધિકારીએ કહ્યું કે બાંગ્લાદેશમાં વધતી જતી કટ્ટરવાદી શકિતઓ સામે સનાતનીઓની એકતા છે. તેમણે કહ્યું,"૧૯૭૧ના બાંગ્લાદેશ મુકિત યુદ્ધમાં ૩૦,૦૦૦ ભારતીય સૈનિકોની શહાદતને પડોશી દેશના ઈસ્લામવાદીઓ ભૂલી ગયા છે. આજની રેલી એ સરહદ પારના તત્ત્વોને ભડકાઉ નિવેદનો આપવાનું બંધ કરવાની ચેતવણી છે.' બાંગ્લાદેશી જૂથો દ્વારા ભારત વિરોધી નિવેદનો વિશે પૂછવામાં આવતા, ભાજપના નેતા સુભેન્દુ અધિકારીએ કહ્યું કે નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકાર આંતરરાષ્ટ્રીય પ્રોટોકોલ અને યુએન માર્ગદર્શિકાને અનુસરીને યોગ્ય સમયે યોગ્ય પગલાં લેશે.

## યોગ્ય વાતાવરણ બનાવો : સિસોદિયાનો દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાની ચિંતા મુદ્દે કેન્દ્ર ઉપર હુમલો

નવી દિલ્હી તા.૧૧

આમ આદમી પાર્ટી **(AAP)**ના નેતા અને દિલ્હીના પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન, મનીષ સિસોદિયાએ રાષ્ટ્રીય રાજધાનીમાં બગડતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને કથિત રીતે અવગણવા બદલ ભાજપના નેતૃત્વવાળી કેન્દ્રની ટીકા કરી હતી. પછી આ આવ્યું છે. ડીપીએસ આર.કે. પુરમ અને પશ્ચિમ વિહારની જીડી ગોએંકા સ્કૂલ સહિત ૪૦થી વધુ શાળાઓને ઈ-મેલ દ્વારા બોમ્બની ધમકી મળ્યા બાદ તેમનું આ નિવેદન આવ્યું છે. ધમકીઓને પગલે વિદ્યાર્થીઓ અને સ્ટાફને સ્થળાંતર કરવાની ફરજ પડી, રાષ્ટ્રીય રાજધાનીમાં શૈક્ષણિક સંસ્થાઓની સુરક્ષા અંગે ચિંતા વધારી. આ ઘટનાએ સવારની ટોચની પ્રવૃત્તિઓમાં વિક્ષેપ પાડ્યો હતો, જેમાં શાળાની બસોનું આગમન, માતા-પિતા દ્વારા બાળકોને સ્કૂલ ઉપર છોડવા અને સ્ટાફ દ્વારા દિવસની તૈયારીનો સમાવેશ થાય છે. અધિકારીઓએ સાવચેતીના પગલા તરીકે વિદ્યાર્થીઓને ઘરે મોકલી દીધા અને તપાસ ચાલુ છે. પરિસ્થિતિ ઉપર પ્રતિક્રિયા આપતા, દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રીએ શહેરમાં સુરક્ષાની સ્થિતિ ઉપર ઊંડી ચિંતા વ્યક્ત કરી. તેમણે મીડિયાને જણાવ્યું 'જ્યારથી દિલ્હીમાં ૪૦ શાળાઓમાં બોમ્બની ધમકીઓ આવી છે, અમે બધા અંદરથી હચમચી ગયા છીએ. દિલ્હીની શાળાઓમાં બોમ્બની ધમકીની ઘટનાઓ સતત બની રહી છે,'. તેમણે રોહિણીમાં એક શાળા નજીક બોમ્બ વિસ્ફોટ, ફલાઈટ હાઈજેકની ધમકીઓ, ઉદ્યોગપતિઓને નિશાન બનાવી છેડતીની માંગણી અને ખુલ્લેઆમ ગોળીબારની ઘટનાઓ સહિત તાજેતરના સુરક્ષા મુદ્દાઓની શ્રેણીનો ઉલ્લેખ કર્યો હતો. સિસોદિયાએ કહ્યું, 'ગુનેગારો પિસ્તોલ અને ગોળીઓ ચલાવતા ફરતા હોય છે. મેં દિલ્હીમાં આવું આતંકનું વાતાવરણ ક્યારેય જોયું નથી.' ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર ઉપર બેદરકારીનો આરોપ લગાવતા સિસોદિયાએ કહ્યું કે, 'અમિત શાહને ચિંતા નથી, વડાપ્રધાનને ચિંતા નથી અને બીજેપી આરામથી સૂઈ રહી છે. જે માતા-પિતાના બાળકો અત્યારે સ્કૂલમાં છે તેમને ફોન કરો અને પૂછો કે શું ત્યાં દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાની ચિંતા છે ?' તેમણે કહ્યું, 'અમે માંગ કરીએ છીએ કે દિલ્હી ઉપર ધ્યાન આપવામાં આવે. અમિત શાહના ગૃહ પ્રધાનના કાર્યકાળમાં આતંકનું જેટલું વાતાવરણ છે તેટલું અગાઉ ક્યારેય જોવા મળ્યું નથી.' તેમણે સરકારને આ મુદ્દાને ઉકેલવા માટે તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરી અને જણાવ્યું કે 'આ વાતાવરણને ઠીક કરો.' દિલ્હીમાં આ પ્રકારની આ પહેલી ઘટના નથી. ઓકટોબરમાં રોહિણીના પ્રશાંત વિહારમાં **CRPF** સ્કૂલની બહાર બોમ્બ વિસ્ફોટ થયો હતો, જેમાં સ્કૂલની દિવાલ, નજીકની દુકાનો અને વાહનોને નુકસાન થયું

(અનુ. છઠ્ઠાપાને.)

‘પંછી નદિંયા... પવન કે ઝોકે, કોઈ સરહદ ના ઈન્હે રોકે...’

# સોમનાથના પવિત્ર ત્રિવેણી સંગમે શિશિરના અતિથી બન્યા કલરવ કરતા વિદેશી પક્ષીઓ



(પ્રતિનિધિ દ્વારા) પ્રભાસ પાટણ તા. ૧૧

શિયાળાની ગુલાબી ઠંડી શરૂ થતા જ કેલેન્ડરમાં દર્શાવેલ ઋતુ વાંચ્યા વગર જ અને જીપીએસ ટેકનોલોજીના અદ્યતન કંપાસ વગર હજારો માઈલોના પ્રવાસ ખેડીને કલબલ-કલબલ કરતા, કરાં કરાં કરતા વિદેશી પક્ષીઓના ઝૂંડ સોમનાથ ત્રિવેણી સંગમના મહેમાન બન્યા છે.

મોંઘેરા એ મહેમાનો કયારે જળ સપાટી ઉપર તરતા, કયારેક આકાશ ઉડતા તો કયારેક ત્રિવેણી ઘાટ ઉપર યાત્રિકો-પ્રવાસીઓ વચ્ચે જતા આ વિદેશી પક્ષીઓ સોમનાથ તીર્થ પ્રવાસીઓમાં આકર્ષણ રૂપ બન્યા છે. યાત્રિકો આ પક્ષીઓ સાથે કે તેના નયનરમ્ય દ્રશ્યોને પોતાના મોબાઈલમાં કલીક કરી યાત્રા સંભારણું સુખદ બનાવે છે.

પોલીકન, વૈયા, ફલેમીંગો, જલમંજરી, પેન્ટેડ સ્ટોર્ક, કુંજ સહિતના આ પક્ષીઓ જયારે નદીની સપાટી ઉપર એક સાથે બેસી જાય છે ત્યારે પક્ષીઓની ચાદર નદી ઉપર સર્જાઈ જાય છે. વહેલી સવારનું દ્રશ્ય તો એટલું રમણીય હોય છે કે, ‘પંખીઓને કલશોર કર્યો ભાઈ ધરતીને સુરજ ચુમ્યો’ પ્રભાતી કાવ્ય જીવંત બને છે. ‘સીંગલ’ સહિતના આ પક્ષીઓ સાયબેરીયા, ઓસ્ટ્રેલીયા સહિતના ઠંડા પ્રદેશોમાંથી ઠંડીની શરૂઆત થતાં સોમનાથના ત્રિવેણી સંગમ-દરિયા કિનારે આવી પહોંચે છે. ઠંડા પ્રદેશમાં વધુ પડતી ઠંડીને કારણે તળાવો અને નદીઓમાં બરફ જામી જાય છે તેથી જે પ્રદેશમાં ઓછી ઠંડી પડે તેવા પ્રદેશમાં ઠંડીની મૌસમ પુરી થાય ત્યાં સુધી રોકાય છે અને સાથે તેમના બચ્ચાઓનો ઉછેર કરે છે અને ઠંડી પુરી થયા બાદ ફરી પાછા પોતાના દેશમાં જાય છે. આશરે અને ભરોસે આવેલા આ પક્ષીઓ વન વિભાગના કાયદા હેઠળ શિકાર માટે પ્રતિબંધીત છે.

# બાંગ્લાદેશમાં હિન્દુ ઉપર થતા સીતમ અંગે ખંભાળિયામાં "આપ"દ્વારા આવેદન અપાયું


(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૧૧

બાંગ્લાદેશમાં હિંદુઓ ઉપર થઈ રહેલા હુમલાઓના મુદ્દે હસ્તક્ષેપ કરીને, બાંગ્લાદેશ ઉપર દબાણ લાવીને, કડક પગલાં ભરીને બાંગ્લાદેશના હિંદુઓને તાત્કાલિક સુરક્ષા આપવા બાબતે ગઈકાલે સોમવારે ખંભાળિયામાં આમ આદમી પાર્ટી દ્વારા તંત્રને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. હિંદુઓએ હંમેશા "વસુધૈવ કુટુમ્બકમ" નો સંદેશો આપીને સમગ્ર પૃથ્વીને જ પોતાનો પરિવાર ગણ્યો છે. પરંતુ આવા શાંતિપ્રિય હિંદુઓ ઉપર બાંગ્લાદેશમાં છેલ્લા ઘણા સમયથી સતત હુમલાઓ થઈ રહ્યા છે. સામાન્ય હિંદુ પરિવારોની સાથે સાથે પવિત્ર મંદિરો અને સાધુ-સંતો ઉપર પણ હુમલાઓ થઈ રહ્યા છે. બાંગ્લાદેશમાં હિંદુઓ ઉપર થઈ રહેલા આવા અમાનુષી



અત્યાચારને કારણે સમગ્ર વિશ્વના હિંદુઓ તો ચિંતિત છે જ, પણ સાથે સાથે સમગ્ર વિશ્વના તમામ શાંતિપ્રિય લોકો પણ દુઃખી અને ચિંતિત બન્યા છે. આવી કપરી પરિસ્થિતિમાં બાંગ્લાદેશમાં વસવાટ કરી રહેલા આ હિંદુ પરિવારોને હિંદુ બહુમતી ધરાવતા ભારત દેશ પાસેથી ખુબ જ આશાઓ છે. આને અનુલક્ષીને સોમવારે ખંભાળિયામાં આમ આદમી પાર્ટીના કાર્યકરો દ્વારા કેન્દ્ર સરકારને સંબોધીને જિલ્લા કલેકટરને પાઠવવામાં આવેલા આવેદનપત્રમાં સરકારને વિનંતી કરી, આક્રોશ વ્યક્ત કરીને આ મુદ્દે તાત્કાલિક હસ્તક્ષેપ કરવામાં આવે, બાંગ્લાદેશ ઉપર દબાણ લાવવામાં આવે અને કડકમાં કડક પગલાં લઈને બાંગ્લાદેશના હિંદુ પરિવારો, સાધુ-સંતો અને મંદિરોને સુરક્ષા આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી.

# ઉના જલારામ વાડીના પાયાના પથ્થર અને મુખ્ય દાતાનું ઉના લોહાણા મહાજન દ્વારા બુકે અને શાલ ઓઢાડી સન્માન કરાયું



(નિરવ ગઢીયા દ્વારા) ઉના તા.૧૧

લોહાણા મહાજન દ્વારા રવિવારે સમગ્ર લોહાણા સમાજના સમૂહ પ્રસાદનું ભવ્ય આયોજન કરેલ હતું. જેમાં ઉના જલારામ વાડીના મુખ્ય દાતા અને પાયાના પથ્થર એવા સ્વ. મણિલાલ વિઠ્ઠલદાસ કાનાબારના પુત્ર એવા સુધીરભાઈ મણિલાલ કાનાબાર જે હાલ લંડન વસવાટ કરતા હોવા છતાં ઉના લોહાણા મહાજનના નવનિયુક્ત પ્રમુખ ડો. મનોજ માનસેતા અને લોહાણા મહાજન તથા લોહાણા સમાજ દ્વારા ભવ્ય શાલ અને બુકે આપીને સ્વાગત કરેલ હતું. જ્યારે પોતાના પિતા સ્વ. મણિલાલ વિઠ્ઠલદાસ કાનાબારના નામે હજુ પણ યાદ કરી અને રૂપિયા ૫૧૦૦૦નો સિંહ ફાળો આપી અને લોહાણા સમાજ પ્રત્યે ગૌરવ ભરી ગદ ગદ છાતી ફૂલાવી અને યુવાનોને ઉત્સાહ વધારેલ હતો.

સાથે ઉના લોહાણા મહાજન દ્વારા તમામ રઘુવંશી સમાજ માટે રેશનકાર્ડ સાથે આધાર કાર્ડ KYC કરવું સરકારના નિયમ અનુસાર ફરજિયાત થયેલ હોવાથી ઊના મામલતદાર સ્ટાફ ન સાથે અને સહકારથી કેમ્પનું આયોજન કરેલ હતું. જેમાં ઉના રઘુવંશી સમાજનું ૮૦૦થી વધુ લોકોએ KYC કરાવેલ હતું.

# યાત્રાધામ દ્વારકા દેવસ્થાન સમિતિના વહીવટદાર અધિકારી દ્વારા દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિની લેવામાં આવી શુભેચ્છા મુલાકાત



(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા તા.૧૧

યાત્રાધામ દ્વારકાના દ્વારકાધીશજગત મંદિરમાં સેવા, પૂજા, યજમાનવૃત્તિ કરનાર દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિની દ્વારકા દેવસ્થાન સમિતિના વહીવટદાર અધિકારી હિમાંશુ ચૌહાણ દ્વારા શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી.આ તકે જ્ઞાતિ કાર્યકારી પ્રમુખ યજ્ઞેશભાઈ ઉપાધ્યાય, મંત્રી કપિલભાઈ વાયડા, કારોબારી સદસ્ય જીતેશભાઈ ઠાકર, મધ્યસ્થ સભા સદસ્ય ભાર્ગવભાઈ ભટ્ટ, હેમલભાઈ દવે, જયદીપભાઈ પુજારી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. જ્ઞાતિ પ્રમુખ દ્વારા અધિકારીનો સત્કાર કરી જગત મંદિર સ્થાનિક પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી.

# પટણી માનવસેવા એજ્યુકેશન ટ્રસ્ટ પ્રભાસ પાટણ દ્વારા બીજો સમૂહ લગ્ન સમારોહ યોજાયો

## પ્રભાસ પાટણ સમસ્ત પટણી હોલમાં ૩૫ દુલ્હા-દુલ્હનનાં જોડા પાક બંધનમાં બંધાયા



(નિરવ ગઢીયા દ્વારા) ઉના, તા.૧૧

પટણી માનવસેવા એજ્યુકેશન ટ્રસ્ટ - પ્રભાસ પાટણ દ્વારા આયોજિત બીજો સમૂહ લગ્ન સમારોહ તારીખ ૮/૧૨/૨૦૨૪ ને રવિવારનાં સવારે ૧૦:૦૦ કલાકે પ્રભાસ પાટણ સમસ્ત પટણી હોલમાં યોજાયો હતો. પ્રભાસ પાટણ સમસ્ત પટણી હોલ ખાતે ૩૫ નવદંપતીના સમૂહ લગ્ન ઉત્સવનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે માનવ સમાજ સેવા ટ્રસ્ટ આયોજીત મુખ્ય મેમ્બર ઈરફાનભાઈ સુમરા તેમજ શબ્બીરભાઈ છેલ અને તેમની પૂરી ટીમ દ્વારા ભારી જહમત ઉઠાવી રાત દિવસની મહેનત ને સફળતા મળી હતી જેમાં ૩૫ દુલ્હા દુલ્હનનાં જોડા પાક બંધનમાં બંધાયા હતા જેમાં કાર્યક્રમની શરૂઆત કુરાને તિલાવતથી શરૂ કરાઈ હતી જે તકે બીજા સમૂહ લગ્નમાં નામી અનામી ગુજરાતભરમાંથી મુસ્લીમ અગ્રણીઓએ ખાસ હાજરી આપી હતી જેમાં જૂનાગઢથી પિરે તરિકત સૈયદ મકબૂલ મિયા ચિસ્તી બાબા તથા મુસ્લીમ એકતા મંચનાં ગુજરાતનાં સુપ્રીમો ઈમ્તિયાઝભાઈ પઠાણની અધ્યક્ષતામાં સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે પ્રભાસ પાટણ શહેરનાં કાજી સાહેબે ૩૫ દુલ્હા દુલ્હનોના નિકાહ કરાવ્યા હતા. આ પ્રસંગે દુવા આપવા માટે ગીર સોમનાથ જિલ્લાનાં પ્રતિષ્ઠિત અને સામાજિક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા જેમાં હાજી યુસુફભાઈ પાકીઝા તથા યુસુફભાઈ કચરા જાવંત્રી, જૂથ પંચાયત સરપંચ અલ્તાફભાઈ બ્લોચ તથા પ્રભાસ હોસ્પિટલ પ્રેસિડેન્ટ બસીરભાઈ ગોહેલ, શબ્બીરભાઈ શેખ (એડવોકેટ) તેમજ દિલાવરખાન પઠાણ તથા મોઈનભાઈ મકરાણી તથા પત્રકાર શબ્બીરભાઈ સેલોત તેમજ આબીદ શેખ તથા માહિરખાન પઠાણ તથા મહમદ ચૌહાણ, અબ્દુલભાઈ સુમરા (પટેલ) તથા મુસા ગની પંજા પટેલ તથા ઈબ્રાહિમ ચૌહાણ પટેલ તથા ઈકબાલ સુમરા ઈસ્માઈલ છેલ તેમજ હાફિજ રિઝવાન, હાફિજ સુફિયાન, કાજી હસન રજા તથા નામી અનામી મુસ્લીમ સમાજના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા તેમજ સ્ટેજનાં મુખ્ય સંચાલક સુલેમાન ચાંદ દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ સમૂહ લગ્નમાં હાજરી આપનાર દરેક આવનારા મહાનુભાવોનું શાલ ઓઢાડીને પટણી માનવસેવા એજ્યુકેશન ટ્રસ્ટ તરફથી સન્માન કરવામાં આવ્યું હતું અને આ સમૂહ લગ્નની સફળ બનાવવા ઈરફાનભાઈ સુમરા તથા સબીરભાઈ છેલ અને તેમની પૂરી પટણી માનવ સેવા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ખુબ જહમત ઉઠાવી આ પ્રસંગને સફળ બનાવ્યો હતો.

# દેવભૂમિ દ્વારકા જીલ્લામાં સન્માન અને વિદાય સમારંભ સાથેનો ત્રિવિધ કાર્યક્રમ યોજાયો



દ્વારકા, તા.૧૧

કલ્યાણપુર તાલુકાના નંદાણા મુકામે દેવભૂમિ દ્વારકા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ મેરામણભાઈ ગોરીયા, મહામંત્રી અશોકભાઈ કરમુર અને રાજય સંઘ ઉપપ્રમુખ શુકલભા સુમણીયાના સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે જિલ્લામાં આગામી દિવસોમાં વિદ્યા સહાયક ભરતીમાં વધારે શિક્ષકો ફાળવવામાં આવે તથા જિલ્લા ફેર શિક્ષકોનો વિદાય એમ ત્રિવિધ કાર્યક્રમ યોજાયો હતો.

આ આયોજનમાં ૩૦૦ જેટલા શિક્ષક ભાઈઓ-બહેનો હાજર રહ્યા હતા. જિલ્લા શિક્ષણ સંઘના જાગૃત અને નીડર પ્રમુખ મેરામણભાઈ ગોરીયા દ્વારા સૌ શિક્ષકોને એકતા રાખવા, જાગૃતતા દાખવવા અને માતૃસંઘ સાથે જોડાયેલા રહેવા અપીલ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ચારેય તાલુકા ઘટક સંઘમાંથી કલ્યાણપુરના પ્રમુખ કરશનભાઈ રાવલિયા, ખંભાળિયા તાલુકા સંઘના પ્રમુખ જગદીશભાઈ ડેર, જિલ્લા ઉપ પ્રમુખ પરેશભાઈ ચાવડા, મુકેશભાઈ જોષી, જગદીશભાઈ છૂછ્ર, દર્શનાબેન ત્રિવેદી, દ્વારકા તાલુકા સંઘના મહામંત્રી પ્રાગજીભા માણેક, જેન્તીભાઈ નકુમ, દોલાભાઈ, મારખીભાઈ ગોરીયા વિગેરે હોદેદારો તથા કલ્યાણપુર તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી નારણભાઈ, બી.આર.સી. ચેતનભાઈ, કેળવણી નિરીક્ષક વેણીલાલ પણ જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું હાજાભાઈ વાળા, કિશોરભાઈ પરમાર અને તમામ જિલ્લા ફેર વારા શિક્ષકો દ્વારા આયોજન થયું હતું. કાર્યક્રમનું સંચાલન ડી.કે. કરમુર દ્વારા કરવામાં આવ્યું હતું.

# AAP સરકાર દીકરીના લગ્ન પર ૧ લાખ અને ૧૦ લાખ રૂપિયાનો જીવન વીમો આપશે

નવીદિલ્હી,તા.૧૧

દિલ્હીની ‘આપ’ સરકારે ઓટો ચાલકોને ખૂબ જ સારા સમાચાર આપ્યા છે. જ્યાં સરકારે દિલ્હીના ઓટો ડ્રાઈવરો માટે પોતાની તિજોરી ખોલી દીધી છે. સરકારે જાહેરાત કરી છે કે સરકાર હવે દિલ્હીના ઓટો ડ્રાઈવરની દીકરીઓને તેમના લગ્ન પર ૧ લાખ રૂપિયા આપશે. હોળી અને દિવાળી જેવા પ્રસંગોએ તેમના યુનિફોર્મ માટે ૨૫૦૦ રૂપિયા આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે. આ સિવાય દિલ્હી સરકારે પોતાનું મોટું દિલ બતાવ્યું છે અને ઓટો માલિકો માટે ૫ લાખ રૂપિયાનો અકસ્માત વીમો અને ૧૦ લાખ રૂપિયાનો જીવન વીમો આપવાનું વચન આપ્યું છે. સરકારે ઓટો ચાલકો અને તેમના પરિવારજનોની સંપૂર્ણ કાળજી લીધી છે.



પક્ષમાં અસંતુષ્ટો પક્ષ છોડીને જવાની ધમકી આપે છે અને તું ઘર છોડીને જવાની..!

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વીજ બચત તેમજ વીજ બિલ ઘટાડવા માટે તંત્ર દ્વારા લોકોને અનુરોધ

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા. ૧૧

ગુજરાત સરકાર દ્વારા ડિસેમ્બર ૨૦૨૪ ના મહિનાને ઉર્જા સંરક્ષણ તથા ઉર્જા કાર્યક્ષમ મહિના તરીકે ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે જામ ખંભાળિયાની પીજીવીસીએલ વિભાગીય કચેરી દ્વારા પણ આને અનુલક્ષીને વિવિધ આયોજન કરવામાં આવ્યા છે. જેમ જેમ આપણે ઉર્જા સંરક્ષણ અંગે વિચાર કરીએ ત્યારે ઉર્જાની વધતી માંગ સાથે આ મહિના દરમિયાન વિચિત્ર દ્વારા નીચે મુજબના મહત્વના મુદ્દાઓ પર ભાર મૂકવામાં આવ્યો છે. જેમાં ઉર્જા-કાર્યક્ષમ ઉપકરણો ઉપર સ્વીચ કરવું, જ્યારે ઉપયોગમાં ન હોય ત્યારે લાઈટ, પંખા તેમજ અન્ય વીજ ઉપકરણો, બંધ કરવા-સૌર અને પવન ઊર્જા જેવા નવીનીકરણીય ઉર્જા સ્રોતોનો ઉપયોગ કરવો, એલ.ઈ.ડી. બલ્બ ઉપર સ્વિચ કરવું, વિગેરે પગલાંઓ લઈ અને ઉર્જા બચાવી શકાય છે. જામનગર વર્તુળ કચેરી હેઠળ આવતી દરેક વિભાગીય કચેરી તથા પેટા વિભાગીય કચેરીઓ દ્વારા આ મહિના દરમિયાન વિવિધ કાર્યક્રમો જેવા કે વૃક્ષારોપણ, ગ્રામસભા અને જાહેર પરિસંવાદમાં જાગૃતિ, સ્કૂલ તથા કોલેજો ખાતે સેમિનાર, વીજ અકસ્માત નિવારણ, દેવભૂમિ દ્વારકા જિલ્લાના દરેક નાગરિકોને તથા વીજ ગ્રાહકોને કે ઉર્જા સંરક્ષણ માટે આગળ આવે અને રાજ્ય અને રાષ્ટ્રના ભલા માટે અમને સહકાર આપે જેથી "ઉર્જા બચાવો, ભવિષ્ય બચાવો" ના સંકલ્પ સાથે ઉર્જા સંરક્ષણ મહિનો ઉજવવા માટે આમ જનતાને વીજ તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડનો નિર્ણય

# ધૂળેટીની રજા ૧૩ માર્ચે હોવાથી ધો.૧૨ની પરીક્ષાની તારીખમાં ફેરફાર કરાયો

## ભૂગોળની પરીક્ષા ૭ માર્ચના સ્થાને ૧૨ માર્ચ યોજાશે. સામાજિક વિજ્ઞાન, ચિત્રકામ અગ્રિકલચર સહિતના વિષય પરીક્ષા ૧૫ માર્ચે યોજાશે



અમદાવાદ,તા.૧૧



ધોરણ ૧૨ની પરીક્ષાની તારીખમાં ફેરફારના સમાચાર સામે આવ્યા છે. આ અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા નિર્ણય લેવાયો છે. ધૂળેટીની રજા ૧૩ માર્ચે હોવાથી પરીક્ષા તારીખમાં ફેરફાર કરાયો છે. ભૂગોળની પરીક્ષા ૭ માર્ચના સ્થાને ૧૨ માર્ચ યોજાશે. સામાજિક વિજ્ઞાન, ચિત્રકામ અગ્રિકલચર સહિતના વિષય પરીક્ષા ૧૫ માર્ચે યોજાશે. ૧૩ તારીખે આયોજિત ફારસી, સંસ્કૃત, અરબી, પ્રકૃતની પરીક્ષા ૧૭ માર્ચે યોજાશે.

અગામી ફેબ્રુઆરી અને માર્ચ ૨૦૨૫માં ગુજરાત બોર્ડ દ્વારા પરીક્ષા લેવામાં આવશે. અગાઉ ૨૭ ફેબ્રુઆરીથી ૧૩ માર્ચ સુધી પરીક્ષાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં હવે ઉપર મુજબના ફેરફાર કરવામાં આવ્યા છે. મહત્વનું છે કે દર વર્ષની સરખામણીએ આ ચાલુ વર્ષે વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષા વહેલી લેવામાં આવશે.

ધોરણ ૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહ તેમજ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ૨૭ ફેબ્રુઆરીથી શરૂ થવાની છે. જ્યારે સામાન્ય પ્રવાહની પરીક્ષા ૧૩ માર્ચે પૂરી થવાની હતી, જે હવે ૧૭ માર્ચે પૂરી થશે. ધોરણ ૧૦માં પ્રથમ પેપર ભાષાનું રાખવામાં આવ્યું છે. ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટેનો સમય ૧૦થી ૧.૧૫ સુધીનો રહેશે. જ્યારે ધો.૧૨ના વિદ્યાર્થીઓ માટેનો સમય ૩થી ૬.૧૫ સુધીનો હશે. ઉલ્લેખનીય છે કે, બોર્ડની પરીક્ષા પૂરી થયા પછી ગુજકેટની પરીક્ષા લેવામાં આવશે. ગુજકેટની પરીક્ષાની તારીખ પણ અગાઉ જાહેર કરી દેવામાં આવી હતી. ૨૩ માર્ચે વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની ગુજકેટની પરીક્ષા લેવાશે. જેમાં સવારના ૧૦ વાગ્યાથી લઈને સાંજના ૪ વાગ્યા સુધી વિવિધ એકઝામ સેન્ટર પર આ પરીક્ષા યોજાશે. સમગ્ર મામલે ગુજરાત બોર્ડની વેબસાઈટ પર દરેક પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. જેમાં વિદ્યાર્થીઓ ત્યાં જઈને વિગતવાર પરીક્ષાનો કાર્યક્રમ જોઈ શકશે.

# ૧૧ ડિસેમ્બર : પ્રકૃતિના કુદરતી સર્જનાત્મક સૌદર્ય સમા પર્વતોના સંરક્ષણ-જાળવણી માટે જાગૃતિ ફેલાવવાનો દિવસ એટલે "આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ" : ભારતમાં પર્વતોનું આદિકાળથી જ આધ્યાત્મિક મહત્વ

## આ વર્ષની થીમ "ટકાઉ ભવિષ્ય માટે પર્વતીય ઉકેલો - નવીનતા, અનુકૂલન, યુવા અને તેનાથી આગળ" ની થીમ સાથે વિશ્વભરમાં ઉજવાશે આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ પર્વતીય ઉકેલોમાં લાંબા ગાળાનું ટકાઉપણું સુનિશ્ચિત કરવા માટે યુવાનોની સક્રિય ભાગીદારી જરૂરી : યુવા પેઢીને પ્રકૃતિની નિકટ લાવવા રાજ્ય સરકાર દ્વારા ‘‘આરોહણ-અવરોહણ’’ સ્પર્ધાઓના આયોજન : રાજ્ય સરકાર દ્વારા પ્રવાસનને વેગ આપવા માટે પર્વતો ઉપર આવેલાં યાત્રાધામોની સુખ સુવિધાઓમાં કરવામાં આવી રહ્યો છે દિન પ્રતિદિન વધારો

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૧

પ્રકૃતિનું કુદરતી સર્જનાત્મક સૌદર્ય એટલે પર્વતો.. ભારતમાં પર્વતોનું આદિકાળથી જ આધ્યાત્મિક મહત્વ, દેશમાં પર્વતો પ્રેમ-આદર અને આસ્થાનું પણ પ્રતિક છે, પર્વતો આપણને કુદરતી ઝવેરાત, કિંમતી ખજાનો, સ્વચ્છ ઉર્જા અને ઔષધિઓ પણ પૂરી પાડે છે. પર્વતોએ આપણા સૌનો કુદરતી અને સમૃદ્ધ વારસો છે, તેનું સંરક્ષણ ટકાઉ વિકાસ માટેના મુખ્ય પરિબળની જાળવણી કરવી એ આપણી નૈતિક ફરજ અને વૈશ્વિક જવાબદારી છે. આબોહવા અને ભૂમિ સ્વરૂપના ફેરફારોને કારણે પર્વતોની ભૌગોલિક સ્થિતિ ધીમે ધીમે બદલાઈ રહી છે. પર્વતો કપાઈ રહ્યા છે અને જંગલોનો નાશ થઈ રહ્યો છે. આમ કરવાથી આપણી ભાવિ પેઢી માટે જીવન ખૂબ જ મુશ્કેલ બની શકે છે. માનવ જીવન અને પ્રકૃતિ બંને એકબીજાના પૂરક છે. આવી સ્થિતિમાં લોકો માટે જરૂરી છે કે તેઓ પર્વતો પ્રત્યેની તેમની જવાબદારીઓ સમજાવવા માટે સંગઠિત થાય. વિશ્વની ૧૫% વસ્તીનું ઘર પર્વતો છે આથી પર્વતોના સંરક્ષણ અને તેમની સમૃદ્ધ જૈવવિવિધતા વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્ય સાથે સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૧૧ ડિસેમ્બર ના રોજ "આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે. પર્વતીય વિસ્તારોમાં રહેતા લોકો તથા પર્વતારોહકોમાં આંતરરાષ્ટ્રીય પર્વત દિવસની ઉજવણી માટે અનેરો ઉત્સાહ જોવા મળે છે. આ વર્ષની ઉજવણીની થીમ છે "ટકાઉ ભવિષ્ય માટે પર્વતીય ઉકેલો - નવીનતા, અનુકૂલન અને યુવા", જે અંતર્ગત રીજીયોનલ હેરિટેજ મેનેજમેન્ટ અને પર્વતીય સમુદાયો માટે ટકાઉ વિકાસ તરફ જીઓલોજિકલ પાર્કના યોગદાનને પ્રોત્સાહન આપવાની સોનેરી તક છે. પર્વતીય વિસ્તારમાં રહેતા લોકોની ક્ષમતા અને જરૂરિયાતો પર ચોક્કસ ધ્યાન કેન્દ્રિત કરે છે. જટિલ પર્વત સંબંધિત મુદ્દાઓને ઉકેલવા માટે નવીનતા જરૂરી છે. જે નવીન ટેકનોલોજી, પ્રગતિ તેમજ આબોહવા - સ્માર્ટ એગ્રીકલ્ચર જેવી સર્જનાત્મક સમસ્યાઓનું નિવારણ લાવે છે. પર્વતો પર આબોહવા પરિવર્તનના દબાણનો સામનો કરતી વખતે, સ્થિતિસ્થાપકતા બનાવવા અને નબળાઈ ઘટાડવા માટે અનુકૂલન અનિવાર્ય બની જાય છે. અનુકૂલન વ્યૂહરચનાઓમાં આપત્તિ જોખમ ઘટાડવા માટે ઈકોસિસ્ટમ આધારિત અભિગમો અને સ્વદેશી જ્ઞાન પ્રણાલીઓના એકીકરણ જેવા ઉકેલોનો સમાવેશ થાય છે. પર્વતીય ઉકેલોમાં લાંબા ગાળાનું ટકાઉપણું સુનિશ્ચિત કરવા માટે યુવાનોની સક્રિય ભાગીદારી જરૂરી છે.

### આંતરરાષ્ટ્રીય પર્વત દિવસનો ઈતિહાસ

૧૯૯૨માં આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ ઉજવવાનો પ્રસ્તાવ બનાવવામાં આવ્યો હતો, જેને એજન્ડા ૧૩ ના પ્રકરણ ૨૧ ‘‘મેનેજિંગ ઈકોસિસ્ટમ્સ: સસ્ટેનેબલ માઉન્ટેન ડેવલપમેન્ટ’’ પર્યાવરણ અને વિકાસ પર સંયુક્ત રાષ્ટ્ર પરિષદમાં અપનાવવામાં આવ્યું હતું. પર્વતોના મહત્વ તરફ વધતા ધ્યાનને કારણે યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ ૨૦૦૨ ને યુનાઈટેડ નેશન્સ વિશ્વ પર્વત વર્ષ તરીકે જાહેર કર્યું અને ૧૧ ડિસેમ્બર ૨૦૦૩ થી આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ ઉજવવાનું નક્કી કર્યું. ત્યારબાદ આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ સૌપ્રથમ ૧૧ ડીસેમ્બર,૨૦૦૩ ના રોજ ઉજવવામાં આવ્યો હતો અને ત્યારથી દર વર્ષે સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. યુ.એન એ. દ્વારા ૨૦૨૨ના વર્ષને ટકાઉ પર્વત વિકાસના આંતરરાષ્ટ્રીય વર્ષ તરીકે પણ જાહેર કર્યું હતું.

### પર્વતોનું સંરક્ષણ શા માટે જરૂરી ?

પર્વતો આબોહવા પરિવર્તન અને અતિશય શોષણથી જોખમમાં છે. જેમ જેમ વૈશ્વિક આબોહવા સતત ગરમ થઈ રહી છે, પર્વતીય વિસ્તારમાં રહેતા લોકોએ ટકી રહેવા માટે વધુ સંઘર્ષનો સામનો કરવો પડે છે. વધતા જતાં તાપમાનને કારણે પર્વતીય હિમનદીઓ અભૂતપૂર્વ રીતે પીગળી રહી છે, જે લાખો લોકો માટે તાજા પાણીના પુરવઠાને અસર કરી રહી છે. પરિણામે, પર્વતીય લોકોને ટકી રહેવા માટે વધુ સંઘર્ષનો સામનો કરવો પડે છે. આ સમસ્યા આપણને બધાને અસર કરે છે. આપણે કાર્બનનું પ્રમાણ ઘટે તે માટે ફળદાયી પગલાં લેવા જોઈએ અને આ કુદરતી ખજાનાની કાળજી લેવી જોઈએ. આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ ઉજવવાનું મહત્વ લોકોને પહાડો અને લેન્ડસ્કેપ્સ વિશે જાગૃત કરવાનો છે. હિમાલયન પર્વત શૃંખલા ભારતને ઉત્તરી ગોળાર્ધમાંથી ફુંકાતા હિમ પવનોથી બચાવે છે. જેના કારણે ભારતમાં ત્રણ ઋતુઓ જોવા મળે છે અને તેમાંથી નીકળતી નદીઓ ભારતને અન્ન અને ધાન્યથી સમૃધ્ધ બનાવે છે. લોકોને જાગૃત કરવા માટે સમગ્ર વિશ્વ જુદા જુદા પ્રયાસો કરી રહ્યું છે ત્યારે પર્વતોનું મહત્ત્વને સમજીને ભારતમાં તો આદિકાળથી જ આધ્યાત્મિક મહત્વ જોડીને તેનું સંરક્ષણ થઈ રહ્યું છે. ભારતમાં આવેલા દરેક મહત્વના પર્વત જેવા કે કૈલાશ, ગુજરાતમાં ગિરનાર, ચોટીલા, પાવાગઢ, અંબાજી, શેત્રુંજય, ઓસમ સહિતના નાના મોટા પર્વતો સાથે ધાર્મિક મહત્વ જોડીને પર્વતોના સંરક્ષણ માટે સંનિષ્ઠ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. યુવા પેઢી એ દેશનું ઉજ્જવળ ભાવિ છે. આ યુવા પેઢી પ્રકૃતિની નિકટ આવે અને પ્રકૃતિનું જતન કરે, મહત્ત્વ સમજે તે માટે ગુજરાતમાં આવેલા મુખ્યત્વે પર્વતો ઉપર રાજ્ય સરકાર દ્વારા તેમજ જુદી જુદી સામાજિક સંસ્થાઓ દ્વારા આરોહણ-અવરોહણ સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવે છે. ભાવિ પેઢી તેમના ભવિષ્ય વિશે વિચારતા થાય, પ્રકૃતિ પ્રેમી બને તે માટે પર્વતો ઉપર ટ્રેકિંગ કેમ્પનું પણ આયોજન કરવામાં આવતું હોય છે. ભારતમાં પર્વતારોહણનો ઈતિહાસ અને મહત્વ, અન્વેષણ, સાહસ અને માનવીની સહનશક્તિની શોધ સાથે ગાઢ રીતે સંકળાયેલો છે. ભારતમાં પર્વતારોહણના શરૂઆતના દિવસો બ્રિટિશ વસાહતી યુગમાં જોવા મળે છે. ભારતમાં તૈનાત બ્રિટિશ અધિકારીઓ હિમાલયને સાહસ અને શોધખોળની તક તરીકે જોતા હતા. ૧૯મી સદીમાં, પ્રદેશના સર્વેક્ષણ અને નકશા માટે અનેક અભિયાનો હાથ ધરવામાં આવ્યા હતા. વિલિયમ મૂરક્રોફ્ટ અને જ્યોર્જ એવરેસ્ટ જેવા બ્રિટિશ સંશોધકો, જેમના નામ પરથી માઉન્ટ એવરેસ્ટનું નામ રાખવામાં આવ્યું છે, તેઓ હિમાલયમાં પ્રવેશ્યા અને પર્વતારોહણના ઉત્સાહીઓમાં ઉત્સુકતા અને આકર્ષણ જગાડ્યું હતું.૧૮૮૩માં ભારતમાં પ્રથમ રેકોર્ડ પર્વતારોહણ અભિયાન વિલિયમ ડબ્લ્યુ. ગ્રેહામની આગેવાની હેઠળની એક ટીમ કુમાઉ પ્રદેશમાં સરનકોટ (૨૦,૧૮૦ફૂટ)ના શિખર ઉપર પહોંચી હતી. આનાથી ભારતીય હિમાલયમાં પર્વતારોહણ અભિયાનોની શ્રેણીની શરૂઆત થઈ. નોંધનીય છે કે, ૧૮૯૯માં બ્રિટિશ પર્વતારોહક એલિસ્ટર ક્રોલીએ વિશ્વની ત્રીજી-ઉચ્ચ શિખર કાંચનજંગા પર ચઢવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે નિષ્ફળ રહ્યો હતો. ૧૯૫૭માં સ્થપાયેલ ભારતીય પર્વતારોહણ ફાઉન્ડેશન(IMF)એ ભારતમાં પર્વતારોહણને પ્રોત્સાહન આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. અને મહત્વાકાંક્ષી પર્વતારોહકોને તેમની કુશળતા શીખવા અને વિકસાવવા માટે એક પ્લેટફોર્મ પૂરૂ પાડ્યું છે. ગુજરાત સરકાર પણ પર્વતરોહીઓને પ્લેટફોર્મ પૂરૂ પાડવા માટે જાણીતી છે. પર્વતોએ આપણા સૌનો કુદરતી અને સમૃદ્ધ વારસો છે, તેનું સંરક્ષણ કરવું એ આપણી નૈતિક ફરજ અને જવાબદારી છે. પ્રવાસનને વેગ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા પર્વતો ઉપર આવેલાં યાત્રાધામોની સુખ સુવિધાઓમાં દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં સુરેન્દ્રનગર એક મહત્વનો જિલ્લો છે, જે પોતાના ધાર્મિક સ્થળો અને સાંસ્કૃતિક વારસા માટે જાણીતું છે. જિલ્લામાં અનેક ડુંગરો આવેલા છે, જે ધાર્મિક અને પ્રવાસનના દ્રષ્ટિકોણથી ખૂબ જ મહત્વના છે. સુરેન્દ્રનગરનું સૌથી પ્રખ્યાત ધાર્મિક સ્થળ ચોટીલા ડુંગર છે. આ ડુંગર પર ચામુંડા માતાનું પ્રાચીન મંદિર આવેલું છે. દર વર્ષે લાખોની સંખ્યામાં ભક્તો માતાજીના દર્શન માટે અહીં આવે છે. ચોટીલા ડુંગરની ટોચ પરથી આસપાસના વિસ્તારમાં પણ અનેક નાના-મોટા ડુંગરો આવેલા છે. જેના પર અનેક નાના-મોટા મંદિરો અને તીર્થસ્થાનોનો અદભૂત નજારો જોવા મળે છે.

### પર્વત દિવસ શા માટે ઉજવવામાં આવે છે ?

જીવન માટે પર્વતોના મહત્વ વિશે જાગૃતિ લાવવા, પર્વતોના વિકાસમાં તકો અને અવરોધોને પ્રકાશિત કરવા અને વિશ્વભરના પર્વતીય લોકો અને પર્યાવરણમાં સકારાત્મક પરિવર્તન લાવતા જોડાણો બનાવવા માટે દર વર્ષે ૧૧ ડિસેમ્બરે આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ ઉજવવામાં આવે છે. પર્વતની ટોચને શિખર કહેવામાં આવે છે, અને તળિયે આધાર કહેવાય છે. પર્વતો એ જ શક્તિઓ દ્વારા બાંધવામાં આવે છે જે ભૂકંપનું કારણ બને છે. કેટલાક પર્વતો દર વર્ષે થોડા ઊંચા થાય છે, અને કેટલાક તો થોડા ઓછા થાય છે. પર્વતોના સમૂહને પર્વતમાળા કહેવામાં આવે છે.

### પર્વતોની વિશેષતા શું છે ?

તે નોંધપાત્ર હિમનદીઓનું ઘર છે જે બારમાસી નદીઓને જન્મ આપે છે, ફળદ્રુપ જમીનમાંથી હવામાન પર્વતો, ભેજવાળા પવનો માટે અવરોધો તરીકે કામ કરે છે જે વરસાદ તરફ દોરી જાય છે, મનુષ્યોને મનોરંજનની પ્રવૃત્તિઓ પૂરી પાડે છે, પ્રવાસન સ્થળો તરીકે કાર્ય કરે છે અને અનન્ય જૈવવિવિધતાનું ઘર છે.

### વિશ્વના ૭ સૌથી ઊંચા પર્વતો ક્યાં છે ?

આફ્રિકાઃ કિલીમંજારો. યુરોપઃ માઉન્ટ એલ્બ્રસ. ઉત્તર અમેરિકાઃ ડેનાલી. દક્ષિણ અમેરિકાઃ માઉન્ટ એકોક્રાગુઆ. એશિયાઃ માઉન્ટ એવરેસ્ટ. એન્ટાર્કટિકાઃ વિન્સન મેસિફ. ઓસ્ટ્રેલિયાઃ માઉન્ટ કોસિયુઝ્કો. ઓસ્ટ્રેલિયા/ઓશેનિયાઃ જયા પીક (માઉન્ટ કારસ્ટેન્ઝ)

### રેક્ર માઉન્ટેન ઊંચાઈ ફીટ

૧. માઉન્ટ એવરેસ્ટ ૨૯,૦૩૧.૭ ફૂટ, ૨. K2 ૨૮,૨૫૧ ફૂટ, ૩. કંગચેનજંગા ૨૮,૧૬૯ ફૂટ છે.

### પર્વતની રચનાના વિવિધ પ્રકારો

ગડી પર્વતો, ફોલ્ટ-બ્લોક પર્વતો, જ્વાળામુખી પર્વતો, ગુંબજ પર્વતો, ઉચ્ચપ્રદેશ પર્વતો, શેષ પર્વતો, દરિયાકાંઠાના પર્વતો.

### ટેકરી અને પર્વત વચ્ચે શું તફાવત છે ?

પર્વતો કરતાં પહાડો ઉપર ચઢવું સરળ છે. તેઓ ઓછા ઢાળવાળા છે અને એટલા ઊંચા નથી. પરંતુ, પર્વતની જેમ, એક ટેકરીમાં સામાન્ય રીતે સ્પષ્ટ શિખર હોય છે, જે તેનું ઉચ્ચતમ બિંદુ છે. યુ.એસ. જીઓલોજિકલ સર્વે મુજબ, પહાડો અને પર્વતો વચ્ચે કોઈ સત્તાવાર તફાવત નથી. દેશ પ્રમાણે સૌથી ઊંચા પર્વતીય વિસ્તારો (૨૦૨૪ મુજબ). પૂર્વી હિમાલયમાં સ્થિત એક નાનો દક્ષિણ એશિયાઈ દેશ ભૂટાન વિશ્વનો સૌથી પર્વતીય દેશ છે, જ્યાં તેના કુલ વિસ્તારના ૯૮.૮% પર્વતો આવરી લે છે.

### ભારતમાં પર્વતીય શિખરોની યાદી- રાજ્યવાર

ગુરૂ શિખર અરવલ્લી રેન્જ ૧૭૨૨ મી, કાંચનજંગા પૂર્વીય હિમાલય ૮૫૮૬ મી, ડોડ્ડાબેટ્ટા નીલગીરી હિલ્સ ૨૬૩૭ મી.

વિશ્વની લગભગ ૧૩% થી વધુ વસ્તી પર્વતોમાં રહે છે. અબજો વધુ લોકો પર્વતોથી નીચેની તરફ રહે છે અને તેમના લાભોનો સીધો અનુભવ કરે છે. પર્વતો આપણા ગ્રહના ૨૨% જમીન વિસ્તારોને આવરી લે છે. વિશ્વના તાજા પાણીના ૬૦% થી ૮૦% સુધી પર્વતો સપ્લાય કરે છે. ચાલો આપણા કુદરતી ઝવેરાત સમા પર્વતોને બચાવીએ. પર્વતો વિના, જીવન સમાન રહેશે નહીં કારણ કે પૃથ્વી સમાન રહેશે નહીં, તેમને બચાવવાની જવાબદારી આપણા પર છે. હેપ્પી ઈન્ટરનેશનલ માઉન્ટેન ડે.

# પ્રાચી ખાતે નેશનલ હાઈવેથી માધવરાય મંદિર સુધીના રસ્તાના કામનું ખાતમુહૂર્ત કરતા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા

(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧૧

ગીર સોમનાથ જિલ્લો પ્રવાસનની દ્રષ્ટિએ મહત્વનો જિલ્લો છે. પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના મંદિર ઉપરાંત પ્રાંચી તીર્થ પણ આધ્યાત્મિક દ્રષ્ટિએ ખૂબ જ મહત્વનું સ્થળ છે. પ્રવાસીઓની સગવડતાને ધ્યાનમાં રાખીને જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ પ્રાચી ખાતે નેશનલ હાઈવેથી માધવરાય મંદિર સુધીના રસ્તાના કામનું ખાતમુહૂર્ત કર્યું હતું.જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંજૂલાબહેન મૂછાર અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં જિલ્લા કલેક્ટરશ્રી દિગ્દયસિંહ જાડેજાએ ગીર સોમનાથ જિલ્લાના સૂત્રાપાડા તાલુકાના પ્રાંચી ખાતે નેશનલ હાઈવેથી માધવરાય મંદિર સુધીના રસ્તાના કામનું ખાતમુહૂર્ત કર્યું હતું. જિલ્લા પ્રવાસન સમિતિની ગ્રાંટમાંથી અંદાજિત રૂા.૭૬,૬૬,૧૦૦ના ખર્ચે થનાર વિવિધ વિકાસ કામોમાંથી એક નેશનલ હાઈવેથી ૪૦૦ મીટર લંબાઈમાં ૭.૦૦ મીટર પહોળાઈ ધરાવતો રોડ તૈયાર થશે. આ રોડના કારણે માધવરાય મંદિર તરફ જવામાં બહારથી આવતા શ્રદ્ધાળુઓને કોઈ અગવડતા નહીં પડે અને



સરળતાથી દર્શનાર્થીઓ દર્શન માટે જઈ શકશે આ કાર્યક્રમ બાદ સૌપ્રથમ મોક્ષ પીપળે પૂજા અર્ચના કરી ત્યારબાદ સુ-વિખયાત માધવરાયજી તથા લક્ષ્મીજી મંદિરે દર્શન કરી ધન્યતા અનુભવી હતી આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં જિલ્લા પંચાયત ઉપપ્રમુખ રાજવીરસિંહ ઝાલા, તાલુકા વિકાસ અધિકારી ભાવસિંહ પરમાર, કાર્યપાલક ઈજનેર(પંચાયત) અંકિત ભદૌરિયા, બાંધકામ સમિતિના ચેરમેન બાબુભાઈ પરમાર, પૂર્વ પ્રમુખ શૈલેન્દ્રસિંહ રાઠોડ વગેરે રાજકીય આગેવાનો માધવરાયના મહંત શ્રી ઋષિબાપુ તથા અધિકારીઓ, પદ અધિકારીઓ સહિતના મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા.

(તસવીર : જાદવભાઈ ચુડાસમા)

# સુત્રાપાડાના પ્રશ્નાવડા ગામે અગ્નિવીર ટ્રેનિંગ પૂર્ણ કરી પરત ફરેલા આર્મી જવાનોનું ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું



(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧૧

સુત્રાપાડાના પ્રશ્નાવડા ગામે અગ્નિ વીર ટ્રેનિંગ પૂર્ણ કરી પરત ફરેલા આર્મી જવાનોનું ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. દેશના સીમાડાનું રક્ષણ કરવા સરકાર દ્વારા અગ્નિવિર યોજના અમલમાં મૂકાય ત્યારે પ્રશ્નાવડા ગામના બંને યુવાનો પરેશભાઈ હાજાભાઈ બાંભણિયા તથા રાજભાઈ દીલૂભાઈ ચુડાસમા દેશની રક્ષા કાજે અગ્નિવીર આર્મીમાં જોડાયા અગ્નિ વીર જવાન ઓડિશા ખાતે અને એક જવાન હૈદરાબાદ ખાતે એમ બંને જવાનો ટ્રેનિંગમાં ગયેલ અને ભારે મહેનત કરી ટ્રેનિંગ પૂર્ણ કરી માદરે વતનમાં આવતા સુત્રાપાડા તાલુકાના પ્રશ્નાવડા ગામ ખાતે પહોંચતા સમગ્ર ગ્રામજનો અને તમામ સમાજના લોકો સાથે મળી ગામ લોકોદ્વારા અગ્નિ વીર જવાનનું ઉત્સાહભેશ સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સ્વાગત યાત્રા સુત્રાપાડા ખાતેથી ડીજેને તાલે દેશભક્તિના ગીતો સાથે અને ગામમાં તિરંગા યાત્રા કાઢી ભારતમાતા કી જયના નારા સાથે પ્રશ્નાવડા ગ્રામજનો લોકો યુવાનો મહિલાઓ અને ગામના આગેવાનો સગા સંબંધી જોડાઈ ભવ્ય સ્વાગતમ કરવામાં આવ્યું હતું.

(તસવીર : જાદવભાઈ ચુડાસમા)

### અવસાન નોંધ

## RTO વાળા વિજયભાઈ ધરાદેવ(ગોર)ના પુત્ર ધરમનું અવસાન, ગુરૂવારે પ્રાર્થના સભા



જૂનાગઢ : સારસ્વત બ્રાહ્મણ નિવાસી ધરમ વિજયભાઈ ધરાદેવ (ઉ.વ.૨૦) તે સ્વ. હરસૂખલાલ મગનલાલ ધરાદેવ (કાળૂભાઈ શાસ્ત્રી), સ્વ.સુરેશભાઈ ધરાદેવનાં પૌત્ર, વિજયભાઈ(RTO વાળા) તથા શીતલબેન ધરાદેવનાં સુપુત્ર, સ્વ. કેતનભાઈ, હિમાંશુભાઈ, વિશાલભાઈ તથા વરૂણભાઈ ધરાદેવનાં ભત્રીજા તથા ઝરણાબેન, પ્રણવભાઈ, કૃતિ, વંશ, યશવીનાં ભાઈ તેમજ પડધરીવાળા મનોજભાઈ (મનુભાઈ) શંકરલાલ સાતાના દોહિત્ર તથા ધવલભાઈ મનોજભાઈ સાતાનાં ભાણેજનું તા.૯ના રોજ અવસાન થયેલ છે. સદગતની પ્રાર્થના સભા તા.૧૨, ગુરૂવાર, સાંજે ૪થી ૬ કલાકે જાગનાથ મહાદેવ મંદિર, જલારામ સોસાયટી, તળાવ દરવાજા પાસે, જૂનાગઢ ખાતે રાખેલ છે.

# જૂનાગઢ જીલ્લાનાં ૧૮ થી ૩૫ વર્ષના રોજગારવાંચ્છુઓ માટે આવતીકાલ તા.૧૨ ડિસેમ્બરના રોજગાર ભરતી મેળો

## ખાનગી ક્ષેત્રે નોકરી મેળવવા ઈચ્છુક ઉમેદવારો જોગ

જૂનાગઢ તા. ૧૧

જૂનાગઢ જિલ્લાનાં રોજગારવાંચ્છુઓને રોજગારીનો ઉમદા અવસર પ્રાપ્ય થાય તેવા હેતુસર ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ એચઆર. ટેલેન્ટ સોલુશન પ્રા.લી. ના કરાર ઉપર (અદાણી સોલાર મુંદ્રા કચ્છ પ્લાંટ માટે) કમ્ફર્ટ કેઈન એન્ડ ફેબ્રિકેશન શાપર, તથા એસ.બી.આઈ. લાઈફ ઈન્સ્યુરન્સ કંપની જૂનાગઢ એકમમાં ભરતી હેતુ ખાલી પડેલ મશીન ઓપરેટર, ઈલેક્ટ્રીશીયન, વેલ્ડર હેલ્પર કે લાઈફ મીત્ર ની જગ્યાઓ માટે ૧૮ થી ૩૫ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાને અનુરૂપ એસ.એસ.સી. આઈ.ટી.આઈ., ડિપ્લોમા કે સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગારવાંચ્છુઓ માટે ભરતીમેળાનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢ દ્વારા આઈ.ટી.આઈ. કેમ્પસ, ગડોદર રોડ, માળીયા હાટીના ખાતે તા.૧૨/૧૨/૨૦૨૪ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે કરવામાં આવેલ છે. પ્રસ્તુત ભરતીમેળામાં ભાગ લેવા હેતુસર રોજગારવાંચ્છુઓએ શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતી મેળા સ્થળ ઉપર ઉપસ્થિત થવાનું રહેશે. ભરતીમેળામાં રોજગારવાંચ્છુઓ અનુબંધમ પોર્ટલ https://anubandham.gujarat.gov.in ના માધ્યમથી પણ ભાગ લઈ શકે છે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢના ટેલીફોન નંબર ૦૨૮૫-૨૬૨૦૧૩૯ પણ સંપર્ક કરી શકો છો.


**જાહેર કેવિયેટની પબ્લિક નોટિસ**

**જુનાગઢના નામદાર સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં,**

**કેવિયેટ અરજી નં. /૨૦૨૪**

મહાનગરપાલિકા–જુનાગઢ.
મ્યુ–કમિશ્નરશ્રી,
મહાનગરપાલિકા કચેરી,
આઝાદ ચોક, જુનાગઢ ... કેવિયેટર

વિરૂધ્ધ

ભારતના કોઈ પણ નાગરિકશ્રી ... સામાવાળા

બાબત :– સી.પી.સી. કલમ–૧૪૮–એ હેઠળ જાહેર પબ્લિક કેવિયેટ.

અરજદારની માનસર અરજ છે કે,

(૧) જુનાગઢ શહેરની મધ્યમાં આવેલ નરસિંહ મહેતા સરોવરની ચારે તરફ મોટા પ્રમાણમાં વિકાસ (ડેવલપમેન્ટ) જાહેર હિત અને જાહેર સુખાકારી માટે કરવાનું વિશાળ આયોજન સરકારશ્રીની મંજુરીથી તેમજ સરકારશ્રીએ ફાળવેલ ફંડમાંથી કરવાનું આયોજન હોઈ મહાનગરપાલીકાએ ખાતાકિય અને જાહેર પ્રક્રિયા નિયમ મુજબ કરી સરકારશ્રીની ગાઈડલાઈન્સ મુજબ કાર્યવાહી પૂર્ણ થતા નરસિંહ મહેતા સરોવરના વિકાસ માટે ટેન્ડર વિગેરેની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તે સંબંધે કામગીરી માટે તા.૨૯/૧૦/૨૦૨૨ ના મેસર્સ દેવર્ષ કન્સ્ટ્રક્શન કંપની,૨૧૪, બીજો માળ,પ્રતિક મોલ,સ્વામી નારાયણ ધામ, કુડાસન,ગાંધીનગરને વર્કઓર્ડર અપાયેલ હોઈ જાહેર હિતનું અને વિકાસનુ કામ સ્વર્ણિમ જયંતી,મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના તથા પ્રવાસન ગ્રાન્ટ અંતર્ગત સરકારશ્રીની મંજુરી મુજબ શરૂ થયેલ છે, સદર બ્યુટીફીકેશનની કામગીરી ચાલુ રહેનાર છે તે કામગીરી અટકાવવા કે વિઘ્ન ઉપસ્થિત કરવા કોઈ પણ નાગરિક નામદાર કોર્ટમાં દાવો કરી મનાઈહુકમ મેળવવા પ્રયાસ કરે તેવી સંભાવના છે. જાહેર હિતનું કામ અટકાવી શકાય નહી કે મનાઈહુકમ આપી શકાય નહી.

(૨) કેવિયેટરને વ્યાજબી દહેશત છે કે, ભારતનાં કોઈ પણ નાગરિક નામદાર કોર્ટમાં દાવો કરી સરકારશ્રીનાં ફંડથી શરૂ થયેલ વિકાસની કામગીરી જે પબ્લીક પ્રોજેક્ટ છે તેમાં અડચણરૂપ બનવાના પ્રયાસ સ્વરૂપે દાવો દાખલ કરે તેવી સંભાવના હોય આ જાહેર કેવિયેટની પ્રસિધ્ધિ બે દૈનિક બહોળી પ્રસિધ્ધિ ધરાવતા વર્તમાનપત્રમાં કરી કેવિયેટ રજુ છે.

(૩) ઉપરની હકીકતે અરજ કરવાની કે,
કેવિયેટર વિરૂધ્ધ નરસિંહ મહેતા સરોવરનાં વિકાસનાં પબ્લીક પ્રોજેકટને અટકાવવા સંબંધે કોઈ પણ શહેરીજન કે નાગરિક દ્વારા દાવો કરવામાં આવે તો કોઈ પણ એકતરફી હુકમ કરતા પહેલા કેવિયેટરને સાંભળવા અને રજૂઆત કરવાની તક આપવા અરજ છે.

(૪) આ કેવિયેટ જાહેર જનતા સંબંધે હોય દૈનિક વર્તમાનપત્રમાં જાહેર પ્રસિધ્ધિ આ કેવિયેટની કરવામાં આવેલ છે તે વર્તમાનપત્રની કોપી આ સાથે રજુ છે.

એ જ... જુનાગઢ. તા. /૧૨/૨૦૨૪

ભુવનેશ સી. કક્કડ
તે કેવિયેટરનાં વકીલ
મો. ૯૭૨૩૦ ૧૩૨૮૨

માહિતી/જુના/જા.ખ./૭૧૧/૨૩

# સીટી ગૃપમાંથી જુદા પડેલા ૩ સિંહએ જૂનાગઢનાં મધુરમ વિસ્તારમાં મારણ કર્યું

## યુવા વયે પહોંચેલા પાઠડા (સિંહ) જાતે શિકાર કરવા લાગ્યા અને મધુરમથી વાડલા ફાટક સુધીનાં વિસ્તારને શિકાર માટેનું પસંદગીનું સ્થળ બનાવ્યું



(જગડુશા ડી. નાગ્રેચા દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ શહેરનાં વિવિધ વિસ્તારોમાં અવાર નવાર સિંહનાં ગૃપો જોવા મળે છે. આ ઉપરાંત સિંહ પરીવાર દ્વારા કયારેક મારણ પણ કરવાનાં બનાવો બનવા પામે છે. ગઈકાલે વહેલી સવારનાં ચારેક વાગ્યાનાં અરસામાં મધુરમનાં ચંદન પાર્કમાં ૩ સિંહોનું ગૃપ આવી ચડયું હતું અને ગાયનું મારણ કર્યુ હતું. આ ઘટનાની જાણ થતાં લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. બીજી તરફ અવાર નવાર સિંહ પરીવાર મધુરમથી વાડલા ફાટક સુધીનાં વિસ્તારમાં છેલ્લા કેટલાક સમય થયા જોવા મળી રહયા છે ત્યારે આ બાબતે વન વિભાગ દ્વારા પણ તેની પર સતત વોચ રાખવામાં આવી રહી છે. આધારભુત સુત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર સીટીનાં ગૃપ (સિંહ)માંથી છુટા પડેલા બાળવયનાં સિંહ (પાઠડા) હવે યુવાન બન્યા હોય અને જાતે હવે શિકાર શોધવા લાગ્યા હોવાનું બહાર આવેલ છે. જૂનાગઢ શહેરમાં અવાર નવાર ચોકકસ વિસ્તારમાં આવી ચડતાં આ સિંહો શિકારની શોધમાં અને શિકાર માટેનાં પસંદગીનાં સ્થળ ઉપર તરાપ મારતા હોવાનું પણ જાણવા મળે છે.

દરમ્યાન તાજેતરમાં બનેલા બનાવ પર દ્રષ્ટીપાત કરીએ તો જૂનાગઢનાં મધુરમથી લઈને વાડલા ફાટક સુધીનો વિસ્તાર સિંહોનું રહેઠાણ બની ગયો હોય તેમ અહીં અવાર નવાર સિંહોનાં ગૃપનાં આંટાફેરા રહે છે તેમજ મારણ પણ કરે છે. વાડલા ફાટક પાસેની રાધીકા રેસીડેન્સીમાં તાજેતરમાં ૩ સિંહ આવી ચડયા હતાં. જયાં ગાય પાછળ દોડતા સિંહ પલાયન થઈ ગયા હતાં. બાદમાં મધુરમનાં સાંઈબાબાવાળી ગલીમાં આવેલા સ્વપ્રલોક ટાઉનશીપમાં પણ ૩ સિંહે દેખા દીધી હતી. જયારે ગઈકાલે વહેલી સવારે ચારેક વાગ્યાનાં અરસામાં મધુરમનાં ચંદન પાર્કમાં ૩ સિંહોનું ગૃપ આવી ચડયું હતું. અને ગાયનું મારણ કર્યું હોવાનો બનાવ બનવા પામેલ હતો. આ ઘટના અંગેની જાણ વન વિભાગને થતાં સિંહોનું પગેરૂં મેળવવા અને તેને ઝડપી લેવા માટે કવાયત હાથ ધરવામાં આવી રહી હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.

વધુમાં જાણકાર સુત્રોનાં જણાવ્યા અનુસાર સીટી ગૃપ (સિંહનું જુથ) જેમાં એક માતા સિંહણ જે લીડર હતી તેવા આ સીટી ગૃપ અવાર નવાર ધરારનગર, ગાંધીગ્રામ સહિતનાં વિસ્તારોમાં દેખા દેતી હતી. સિંહોનાં આ સીટી ગૃપમાં રહેલા બાળસિંહો કે જે હાલ પાઠડા બની ગયા છે તે સીટી ગૃપમાંથી છુટા પડી ગયા છે. અને તેને સીબીએફ ગૃપ તરીકે ઓળખવામાં આવે છે. કૃષિ યુનિ.નાં કેટલ બ્રિડીંગ ફાર્મનાં આ સદસ્યો મનાય છે એટલા માટેજ તેનું નામ સીબીએફ ગૃપ પાડવામાં આવેલ છે. સીટી ગૃપ (સિંહનાં ગૃપ)માંથી છુટુ પડેલું આ સીબીએફ ગૃપ અવાર નવાર દેખા દે છે. વિશેષમાં ૩ સિંહોનું ગૃપ ગત વર્ષે અવાર નવાર દેખા દેતું હતું અને તેમાંથી છુટા પડેલા આ ૩ નર પાઠડા થઈ ગયા છે અને શિકાર માટેનું સ્થળની પસંદગી મધુરમ વિસ્તારની કરવામાં આવી હોવાનું મનાય છે. અગાઉ આ વિસ્તારમાં છુટા છવાયા મકાનો હતાં જયારે હવે આ વિસ્તાર ભરચકક બન્યો છે ત્યાં રહેણાંક વિસ્તારમાં શિકાર પણ આસાનીથી મળી જતો હોય અને રસ્તે રખડતા પશુઓ પણ મળી જતાં હોય જેથી આ પાઠડા નર સિંહોએ પોતાનું સામ્રાજય આ વિસ્તારમાં સ્થાપી લીધું હોય અને શિકાર માટેનાં આ ફેવરીટ સ્થળે અવાર નવાર દેખાય છે. અને ગઈકાલે વહેલી સવારનાં જ આ ગૃપે એક ગાયનું મારણ કર્યુ છે તેવી હકીકત સામે આવી છે. બીજી તરફ વન વિભાગ દ્વારા આ ઘટના અંગેની જાણ થતાં સાવચેતીનાં પગલા લેવામાં આવી રહયા છે. વન વિભાગનાં જણાવ્યા અનુસાર જૂનાગઢ આસપાસનો એરીયા જંગલની નજીક હોય અને સિંહો દેખાય છે. ખડીયા તેમજ ભવનાથ નજીક પણ જંગલ વિસ્તાર છે અને મધુરમથી વાડલા ફાટક સુધીનાં વિસ્તારમાં પણ પાછળનાં ભાગે જંગલ જેવું હોય જેથી સિંહોનાં આટાફેરા વધી ગયા છે. વિશેષમાં આ સિંહ જંગલ વિસ્તારનાં નથી પરંતુ સાગડી વીડી ફાર્મનાં છે તેવું પણ વન વિભાગે જણાવેલ છે. વિશેષમાં લોકોએ પણ ખાસ સાવચેતી અને કાળજી રાખવા વન વિભાગે જણાવેલ છે જેમાં સિંહ જયારે મારણ પર હોય છે ત્યારે તેના પર ટોર્ચ લાઈટ કરીને તેને ખલેલ પહોંચાડવી ન જોઈએ. વાહનો નજીક લઈ વોર્ન મારી કે મોટા અવાજ કરીને તેને પરેશાન ન કરવા જોઈએ. તેમની નજીક પણ ન જવું જોઈએ. અને તેને કોઈપણ રીતે રંજાડ ન કરવી જોઈએ તેવી અપીલ વન વિભાગને કરી છે તેમ જણાવી આ સિંહો સીટી ગૃપનાં છે અને વર્ષોથી અહી રહેવા ટેવાયેલા છે તે માટે તેને પકડીને જંગલમાં છોડી મુકવામાં આવે તો પણ થોડા સમયમાં આ વિસ્તારમાં ફરી આવી જશે તેવી શકયતા વન વિભાગે દર્શાવી છે. બીજી તરફ વન વિભાગનો સ્ટાફ પણ સાવચેત છે જ. અને સિંહોનાં લોકેશનની ખબર રાખતા હોય જેથી પેટ્રોલીંગ પણ કરતા હોય છે. મોટા ભાગે મોડી રાત્રીનાં સિંહો શિકાર કરવા માટે આવતા હોવાનું પણ જણાવ્યું હતું. ટુંકમાં મધુરમથી વાડલા ફાટક વિસ્તારમાં હાલમાં અવાર નવાર નર સિંહનું ગૃપ જે જોવા મળી રહયું છે તે સીટી ગૃપમાંથી જ જુદુ પડેલું ગૃપ હોવાનું મનાય છે.

(તસ્વીર : અમ્માર બખાઈ)

# જૂનાગઢમાં ઘરફોડચોરીના આરોપીઓને મુદામાલ સાથે ઝડપી લેતી પોલીસ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ રેન્જના પોલીસ મહાનીરીક્ષક નિલેષ જાંજડીયા તથા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાના દ્વારા મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ શોધી કાઢવા અને ચોરી, લૂંટ, ઘરફોડ વિગેરે બનાવોમાં સતર્કતા રાખી તાત્કાલીક કાર્યવાહી કરવા સુચનાઓ કરવામાં આવેલ. જેથી ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક નીકીતા સીરોયાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ એ. ડીવી. પો.સ્ટે.ના વિસ્તારમાં બનતા મિલ્કત સંબધી તથા ચોરી જેવા ગુન્હાઓ ડામવા સુચના માર્ગદર્શન કરતા તેમજ એ. ડીવી. પો.સ્ટે.ના પો.ઈન્સ. બી.બી. કોળીનાઓએ સર્વલન્સ પો.સ્ટાફના ઈન્ચાર્જ પો.સબ.ઈન્સ. વાય.એન.સોલંકી તથા સર્વલન્સ સ્ટાફના પો. સ્ટાફને કડક કાર્યવાહી કરવા સુચના મળેલ હોય જે અનુસંધાને એ. ડીવી. પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરીનો બનાવ અંગે ગુનો દાખલ થયો હતો. જે અંગે સુચના મળતા જે અનુસંધાને પો. સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પો. કોન્સ કલ્પેશભાઈ ચાવડા તથા પો.કોન્સ વીક્રમભાઈ પરમાર તથા સાજીદખાન બેલીમનાઓ સંયુકતમાં બાતમી હકીકત મળેલ કે, તા.૮-૧૨-૨૦૨૪ના રોજ થયેલ ઘરફોડ ચોરીમાં ગયેલ મુદામાલ સાથે બે ઈસમો કડીયાવાડના નાકે સાઉન્ડ સીસ્ટમના સાધનો વેચવા નિકળેલ હોય જે અંગેની માહિતીનાં આધારે તપાસ કરતાં (૧) વીનુભાઈ મનજીભાઈ સોલંકી દે.પુ.(ઉ.વ.-૩૫) ધંધો-મજુરી રહે-જૂનાગઢ, ભવનાથ પોલીસ સ્ટેશન પાછળ ઝુપડામાં મુળ રહે. રાજકોટ લોહાનગર જીમી ટાવરની બાજુમાં અને (૨) પીયુશભાઈ કીશોરભાઈ ગોરાસવા દે.પુ.(ઉ.વ.૨૪) ધંધો-મજુરી રહે-જૂનાગઢ, ભવનાથ અગ્ની અખાડામાં મુળ રહે. કુકાવાવ ઘનશ્યામનગર મનોજ મોચીની દુકાન પાસે જી-અમરેલી સાઉન્ડ સીસ્ટમનું સાધન પાવર(એમ્પ્લીફાયર) તથા ડી.જે. મિક્ષર સાથે મળી આવતા બન્ને સાઉન્સ સીસ્ટમના સાધનોની કુલ કિ.રૂ.૬૦૦૦૦/-ની ગણી કબ્જે કરી ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ તેમજ મજકુર પકડાયેલ ઈસમને સદર સાઉન્સ સીસ્ટમના સાધનો બાબતે પુછપરછ કરતા મયારામ આશ્રમ પાસેથી એક મકાનના રૂમમાંથી પોતે ચોરી કરેલ હોવાનું જણાવેલ જે અંગેની આગળની ધોરણસરની કાર્યવાહી પો. સબ. ઈન્સ એ.એ.પરમાર દ્વારા કરવામાં આવી રહી છે. ઘરફોડ ચોરીના આરોપીને ઝડપી લેવાની કામગીરી એ. ડીવી.પો.સ્ટે.ના પો.ઈન્સ. બી.બી.કોળી તથા પો.ઈન્સ. મીતુલ પટેલ તથા પો.સબ. ઈન્સ વાય.એન. સોલંકી તથા પો.સબ.ઈન્સ એ.એ.પરમાર તથા પો.હેડ.કોન્સ ટી.બી. સિંધવ તથા પો.કોન્સ કલ્પેશભાઈ ગેલાભાઈ તથા પો.કોંન્સ વિક્રમભાઈ મનસુખભાઈ તથા પો.કોંન્સ નરેંદ્રભાઈ નારણભાઈ તથા પો.કોંન્સ જુવાનભાઈ લાખણોત્રા તથા પો. કોન્સ સાજીદખાન યુસુફખાન તથા પો.કોંન્સ. જયેશભાઈ પ્રતાપભાઈ તથા પો.કોન્સ વિક્રમભાઈ નારણભાઈ તથા પો.કોંન્સ,. નિલેષભાઈ સરમણભાઈ દ્વારા કરવામાં આવી હતી.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
Kelvinator
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ 23023
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે
સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

ભેળસેળ સાબિત કરનારને ઈનામ ૧ લાખ
૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-
૧૦૦% ગેરૅટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-
મલાઈવાળું દહી, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. મો.નં.૯૮૨૫૧ ૬૭૦૦૮

મકાન ૧૮૨ વાર વેંચવાનું છે
જૂનાગઢમાં પોશ એરીયા એવા દાણાપીઠ બોરડી ખડકીમાં મકાન ૧૮૨ વારનું વેંચવાનું છે (દલાલ ભાઈઓ આવકાર્ય)
:: કોન્ટેક ::
મો. ૯૮૨૨૭ ૧૫૫૬૪

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
મો.૯૮૭૯૩ ૭૬૦૨૮

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો
ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
શિયાળાની ગુલાબી ઠંડી માટે ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે તથા ગાયનું તાજુ ઘી આવી ગયું છે
વિજય ઘી ડીપો
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

રોયલ ગેસ સ્ટવ
૧/૨/૩/૪ બર્નર ના L.P.G. અને P.N.G. ઘર વપરાશના ગેરેન્ટી વાળા ચુલા
દરેક કંપનીના મોડેલ માત્ર અમારે ત્યાં
વિશાળ રેન્જ ધરાવતું એક જ નામ એટલે જ
રોયલ ગેસ સ્ટવ
એક્સચેન્જ ઓફર નો લાભ મળશે
જુના ચુલાનું વળતર મળશે
ઘરબેઠા રીપેરીંગ માટે સુવિધા મળશે
માંડવી ચોક, મોટી શાક માર્કેટ પાસે, મકન ગાંધીની દુકાન સામે, જૂનાગઢ
મો.૮૮૬૬૦ ૨૭૬૧૩

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જગાવે, વારંવાર મન લલચાવે''
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

બેકરી શો-રૂમમાં કામ કરી શકે
અનુભવી માણસોની જરૂર છે
બહુ જ સારો પગાર મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨